आचार्य श्री भ्रातृचन्द्रसूरि ग्रन्थमाला न ४१

ક્ષાંતિ સુબોધ તત્ત્વમાલા.

પ્રેરક—

મુનિરાજ શ્રી જગતચંદ્રજી મહારાજ.

લેખિકા તથા સંગ્રાહિકા—

સાધ્વીજી શ્રી ખાંતિશ્રીજી

વીર સંવત્ ૨૪૫૮] [વિક્રમ સંવત ૧૯૮૮

કિંમત પાંચ આના (પોષ્ટેજ અલગ)

સાધ્વીજી શ્રી ખાન્તિશ્રીજી મહારાજના સદુપદેશથી,

આર્થિક સહાયક અને પ્રકાશક—

શેઠ જાદવજી ધનજી.

(કાઠીયાવાડ, વાયા મોરબી)

મુ૦ માળીયા



મુદ્રક—શા અમરચંદ બહેચરદાસ,

મેનેજર અને માલીક,

શ્રી બહાદુરસિંહજી પ્રી પ્રેસ—પાલીતાણા.

વિષયાનુક્રમણિકા.

વિષય	પૃષ્ઠ



સુબોધ તત્ત્વમાલા.



मंगलाचरण–

वन्दे सरस्वतीं देवीं, शारदां सारदां सदा।
हसास्ढचरणाब्ज– सुरभीकृतदिङ्मुखीम्   ॥ १ ॥

क्षान्त्यादिगुणसंपन्ना, तिळकांकितभालिका।
श्रीमती भारती देवी, भूयान्नः सुखदायिनी ॥ २ ॥

દોહરા.

મગલ કારિણી માત તું, હારિણી જન અજ્ઞાન,
રાજીવ નયની શારદા, જગજીવન તુજ જ્ઞાન. ॥૧॥

ક્ષાત્યાદિ ગુણ ધારિણી, તિલકિત ભાલ વિશાલ,
શ્રીમતી માતા ભારતી, જીવનમા સેહાલ ॥૨॥

મગલતા સભારતી, પ્રથમ કરે સહુ દેવ,
પ્રથારભે ભારતી, કરૂ તમારી સેવ ॥૩॥

स्रग्धरा छंद

श्रीपूज्या पार्श्वचन्द्रा जिनपतिपथगा मार्गदा मार्गसस्था,
शुद्धाचारा यतीशा ग्रन्तमुमतिरता ज्ञानदा ज्ञानवन्त ।
हुत्वा तान् मृत्युलोके नृपसुरमहिता वन्दनार्थ सुरन्द्रै-
राहुताः स्वर्गलोके भवभयहरणा शान्तिदा मे भवन्तु ॥१॥

आर्तीचिक दोहरा

અવગુણ ઉપર ગુણ કરે, દુર્ગુણ ઢાકણહાર,
દુખ આવે હિંમત ધરે, તે સજ્જન શિરદાર ૧
પરનારી પર વસ્તુને, છેટેથી તજનાર,
પાય ન મુકે પાપમા, તે સજ્જન શિરદાર ૨
રાગ દ્વેષ કરે નહીં, નીચ કૃત્યથી ડરનાર,
અસત્ય વચન વદે નહીં, તે સજ્જન શિરદાર ૩
અપ્રીતિને નવ આચરે, સંતોષી હિતકાર,
સંતોની સોબત કરે, તે સજ્જન શિરદાર ૪
પાપો કેરા પંકમા, નહીં પગને ધરનાર,
દયા ધરે દીન રંકમા, તે સજ્જન શિરદાર ૫.

આલસ તજિ ઉદ્યમ કરે, ખાતિશ્રી કહેનાર,
શિવ નારી વેગે વરે, તે સજ્જન શિરદાર. ૬.

સામાયિક કરવા મશી, નારી હો ત્રણ ચાર,
ઘરઘરની કુથલી કરે, બાંધે કર્મ અપાર ૧.
મલે નારી ચાર જણી, ભાગે નિજ ઘર પોલ,
તેહની લવરી નવ ગહે, મારે ઠોકરી પોલ ૨.
લક્કડ પાત્રે જેહને, કથનનો નહીં ભાર,
સાધુ સતને હોયે સદા, જ્ઞાન ધ્યાનનો પ્યાર, ૩

સજ્જન શાણા સદ્‌ગુણી, સમજી લે મનમાય,
આહટ દોહટ છોડીને, પ્રભુ ભજન કર ભાય ૧
મનુષ્ય ભવ પામી કરી, જો મોહે મુઝાય,
આવ્યો તેમ વહી ગયો, ચોરાશી લખ માય. ૨
તન ધન જોબન કારમા, સહુ કોઇ કહેનાર,
આશા તૃષ્ણા નવ તજે, એ આશ્ચર્ય અપાર ૩
ત ા ત ા બાધતા, મારૂં જે વદનાર,
સ્વારથ સુધી સહુ સગા, તે વિણુ દુર હઠનાર. ૪.
ભક્ષ્યાભક્ષ્ય છોડે નહીં, જે આવે તે ખાય;
રાત દિવસ સમજે નહીં, તે નર ઢોર ગણાય. ૫.

ઝેર રહે વીંછી તણે, પુંછે જાણ સુજાણ,
સર્પ તણી દાઢે રહે, મક્ષિકા શિરજ માન. ૬.
સર્વાંગે દુર્જન તણે, ઝેર મહે છે વ્યાપ,
નિજ પરનું અહિતજ કરે, જાણો કાળો સાપ. ૭.
માત પિતા વદે નહીં, ઉલટો લડવા ધાય,
નિજ નારીને નિત નમે, તે મૂરખનો રાય. ૮.
એક તો અભણ ને વળી, ધડીકમા રીસાય,
કંદ મૂલ ભક્ષે ઘણા, ડુક્કર સમ કહેવાય. ૯.
જે મધુ માખણ ને વળી, માંસ હર્ષીને ખાય,
રીંગણ લસણ તજે નહીં, તે નર નરકે જાય. ૧૦.
પરનારી પર વસ્તુમા, નિશદિન રહે મશગુલ,
જુઠ મરડી મટકો કરે, એહજ મોટી ભુલ. ૧૧.
જે ઘર કલેશ રહે સદા, તે કદિ સુખી ન હોય
નરકેઇક દુખ ભોગવે, તાડુલ પરાલ જોય ૧૨.
વાવે તેવું તે લણે, જુઓ જગત પ્રખ્યાત,
ચાર ચોર જમ વશ થયા, કરી સ્વપરની ઘાત ૧૩.
ખાડો ખોદે તે પડે, સમજો ચતુર સુજાણ,
હણવા જાતા કૃષ્ણને, કંસે ખોયા પ્રાણ ૧૪
ઝેર પર સવાઝેર છે, નિશ્ચે આનો ચાર,
કાળા નાગને વીંધવા, કીડિયો છે તૈયાર ૧૫.

હાય હાય કરી હારીયો, મનુષ્યનો અવતાર,
નર થઇ નરકે પડયો, ધિક્ છે વાર હજાર. ૧૬.
ચોડી માઝ ચલાવીયા, હાથી બાધ્યા બાર,
આરૂ કરતા મરી ગયો, પહોચ્યો યમને દ્વાર. ૧૭.
ઈગ બી તિય ચઉ જાતિમા, ભમીયો કાલ અનત,
અકામ નિજરાએ કરી, પામ્યો ઇદ્રિય પચ. ૧૮.
ઇદ્રિય દમન કર્યું નહીં, ન તજ્યો લોભ લગાર;
ગુરૂ વાણી સાભળી નહીં, તો ભટકયો સંસાર. ૧૯.
દયા ન રાખી દીલમા, કર્યો ન પ્રભુ પર નેહ,
પર ઉપકાર કર્યો નહીં, જન્મ ગુમાવ્યો એહ ૨૦.
મનનો મેલ ગયો નહીં, તન ધોયે શુ થાય,
અતર દ્વેષ ગયો નહીં, શાતરસ કયા સમાય? ૨૧.
પ્રભુ ભજે સુખ સપત મિલે, પ્રભુ વચન ધર કાન;
કુડ કપટ મદ મોહ તજી, ખાતિથી ધર ધ્યાન. ૨૨

દોહરા

તે નર રાક્ષસ સમ કહ્યો, જે વઠેલજ હોય,
નિજ કુલનો નાશજ કરે, લક્ષ્મીને વલી ખોય. ૧.

પરનારીના પ્રેમથી, રાવણ રૂલિયો રોને,
આતિશ્રી કહે હેતથી, હૈયે રાખો શાને ૨.

સુરૂપો પણ ઉત્તમ દયા, ધર્મ ધુરંધર જાણ,
પરોપકાર કરે ઘણા, સર્વસ નેમિ સમાન ૩.

નારી નાગણ સમ કહી, જો બગડેલજ હોય,
મારે નિજ પતિ પુત્રને, પડ તણું વળી ખોય ૪.

નારી રત્નગર્ભા કહી, ઘરનુ ઢાંકણ જાણ,
લાજ વધારે પતિ તણી, તે દેવી સમ માન ૫.

પગ પર પગો ચડાવીને, કરે વડેરી વાત,
સ્વાર્થ તેમ નિજ સાધવા, ઘડે અવરની ઘાત ૬.

જન્મગાહના હર્ષમા, ખાય બજાવે ગાય,
પણ પામર સમજે નહીં, દિવસ ગાડનો જાય ૭.

ત્રણ વસ્તુ મચય, દોહરા,

કજીયાખોર કુટીલ નર, પર નિંદા કરનાર,
ખોટો ભજદો જે કરે, તે ન સુખી થાનાર ૧.

મરજ પડે છે ત્રણ તણી, સર્વ કોઇને આજ,
ન્યાય નૃપ પૈસા દણી, રવ પરે સુખને કાજ ૨.

અસત્ય વચન કરજ કમટ્ટ, પાયમાલ કરનાર,
સર્પ સત શાંતિ સદા, નિંદ્રાની દેનાર, ૩

માત-પિતા ગુરૂ નૃપ તણી, સેવ કરો દિનરાત,
સેવાથી મેવા મળે, એ-શાસ્ત્ર તણી વાત, ૪.

સ્વચ્છંદી નારી તજવી, તજવો પુત્ર કપુત,
કુટિલ મિત્ર તજવો ખરે, તજવો લેખ અનૃત ૫

બ્રાહ્મણ વિદ્યા વિણ વલી, સૈન્ય વિના નૃપ જેમ,
વણીકો ધન વિના કદી, ન પામે સુખ ક્ષેમ ૬

ઉદ્યમ કરે આળસ તજી, દાન નિત્ય દેનાર,
દેવગુરૂને નિત્ય નમે, પામે કીર્ત્તિ અપાર ૭

આશાએ ધીરજ હઠે, કૃપણે કીર્તિ ન હોય,
કોપે લક્ષ્મી ટકે નહીં, લખીયુ શાસ્ત્રે જોય ૮

પ્રમાદી ને કૃપણ વળી, મુખ નર તેમ જોય,
જીવતા તે મુવા કહ્યા, સુયશ વિના જે હોય. ૯

વાદળ છાયા ને વલી, કુમિત્ર તણી જે પ્રીત,
વચન કુટિલ નારીનો, દે સુખ અલ્પ ખચીત ૧૦

ચોપાઇ

મન જતાં ત્રણુ વસ્તુ જાય, માન બુદ્ધિ તેમ કાંતિ જાય,
દરિદ્રી દુખીયો બહુ અથડાય, જ્યાં જાય ત્યાં ધક્કા ખાય. ૧
ત્રણુ વસ્તુ વશ રાખે જેહ, જગમાં વીરલા જાણો તેહ,
જીહ્વા હાસ્ય તેમ સ્વભાવ, વશ રાખે તો મલે સુખ પાત્ર. ૨

હરિગીત છંદ

(માત્રા ૨૮)

આ ભણતર વિનાના માનવી, શું થશે તારૂં અરે,
નહિ કામ મલે નહિ માન મલે, નાદાન તો નહિ ઠરે,
ભલે સજશે ઘણા શૃંગાર સુંદર, અંત ન શોભા ધરે,
એવું વિચારી સમજ નર તું, તજ અજ્ઞાનને ખરે ૧
કુડ કપટ ને વળી માન માયા, છેદ ભેદ કરાય છે,
સ્વાર્થ સાધવા એણી પેરે, પાપિ પિંડ ભરાય છે,
પુન્ય પાપ તણા ફળ ભોગવી, પ્રાણી પરભવ જાય છે,
ખાતિરથી દુખ પડશે ત્યારે, સગો કોઇ ન થાય છે ૨
પગ હાથને બાંધ્યા અરે, કરી ખુવારી નારીની,
ઘર કામ કરતી તોય પણ, બિગાડી લાજ બિચારીની,
અહો કાન નાક વીંધ્યા છતા, રહે ગધ્ધો ગાજતો,
નિજ વશે રાખવા નારીને, ખાતિરથી કહે આજ તો. ૩

મનહર છંદ



ચુડા કર ધારી તે તો ચૂડેલનુ રૂપ કરી,
ચુડા રૂપે નર પકડવા કેરો પાશ છે;
ઝાઝર રૂપે ઝ ઝીર પગ માહી પેરી તુ તો,
નર મૃગ મારવાની મનમાહી આશ છે;
ગોળ ગોળ કુડલ તે નાલ ગોળા કાન ધર્યા,
પુરૂષના ચિત્તને પછાડવાને ખાસ છે;
રોળ કરી ભૂષણનો ગોળ ગોળ આયુધથી,
અનેકને નાશ કરવાને તારો ત્રાસ છે. ૧.

ત્રોટક છંદ

ગતિ ચાર તણા દુ ખ છેજ ઘણા,
દુ ખ ભોગવવા પશુ પખી તણા,
વળી નારકમા દુ ખ તેથી ઘણા,
નર નારપણે દુ ખ શોક તણા. ૧.
ગતિ દેવ તણી પણ તેમ મલી,
પર ઋદ્ધિ તણી ઇરષાજ વલી,

ભવમા ભમતો દુખને ખમતો,
પણ પામર રે હજી નો ઠરતો. ૨.
હરિ રામ હતાં બળવંત ઘણા,
સુખ ભોગવતા સુરરાજ તણા,
પણ આખર ખાખજ તેહ થયા,
યમનાજ તણા કરમાજ ગયા ૩
તજ કામ કષાય અરે મનથી,
જપ જાપ ટળે અઘ આ તનથી,
ભજ ભકિત વડે પ્રભુને દિલથી,
છુટ છેદન ભેદનના દુખથી ૪

ભુજંગી

રહે નો કદી ચિત્ત રે એક સ્થાને,
હજારો તણા દાખલા દેણ પાને
ઘડો ઘી તણો મેલીયો છેજ મથે,
વિચારો કરી રક ઓગુજ હાથે ૧

લલિત છંદ, અ૦ ૧૧

ફિકર છાડીને ફેલમાં ફર્યો, નફ્ટ રે ન્હોં દીલમા ડર્યો,
કરીજ દષ્ટ, કામો ઘણા અરે, કરમની ન રાખી મણા ખરે ૧

ઘરની પ્યારીમાં પ્રેમ બાંધિને, અરર હાય રે માર ખાધી તે,
જરૂર જાણજે પાપ તાહરાં, નરકમાં અરે નાખશે ખરા ૨.
તરડ તોડશે ચામ તાહરૂં, કરડ કાપશે દેહને અરૂ,
નરકનાં દુઃખો દેખી તું લવે, અરરે બાપ રે શું થશે હવે. ૩.
સમજ સાનમાં માનને તજી, મગ્ન નાખતાં રે રહી ગઈ,
ઝડપશે અરે કાળ કો સમે, ખબર ના પડે તેહની મને. ૪
ચતુર ચેતિને ચાલજે જરી, નફટ ના થજે તું ફરી ફરી,
ધરમ ધ્યાનમાં જો રહે સદા, દુઃખ ન પામશે તો સહી કદા ૫.
શ્રવણ સાંભળી શીખ જો ધરે, ભક્તિ ભાવથી દેવની કરે,
કપટ કુડના પકથી ટરે, જરૂર ખાતિથી એમ તું તરે. ૬

ભુજંગી છંદ. અ૦ ૧૨.



હતા રામ મોટા મહા રાજવીજી,
સદા રાખતા લોકને રીઝવીજી,
નહીં દુઃખ દેતા કદી કો જનોને,
અરે ઓળખીશું કહું હું તમોને ૧
નીતિ ને વળી ન્યાયથી રાજ પાળે,
પડી આપદા તેહને એક ટાળે.

ઘણો કાળ રહ્યા વનોમા ભરાયે,
છતાં નો દુમાયા દુ ખોથી જરાયે. ૨.
પડે સંકટો એહવા તો હજારો,
છતા નો તજે સજ્જનો માર્ગ સારો,
ભજે ભાવથી જે પ્રભુ પ્રેમ આણી,
કહે ખાંતિથી તે સુખી થાય પ્રાણી. ૩.

— દોહરા :—

જેનો ચારો જે કરે, તેને ભાવે તેજ,
હસ સદા મોતી ચુગે, કાગ અભક્ષ કરેજ. ૧.
સેજ મિલા તે દૂધ બરાબર, માંગ લીયા સો પાણી,
ખેચ લીયા સો રક્ત બરાબર, બોલે ગોરખ વાણી. ૨.
તુલસી દિલમા દયા નહિ ઓર કહાવે સાધ,
વાડો સુખડો દેખતાં, દોટી લગે અપરાધ. ૩
મારગમા મણિધર મળ્યા, ઘરમા પેઠા ચોર,
બાઈડી બહાર વાટે ફરે, એ સહુ મરવાના દોર. ૪.
તુલસી તહા ન જાઈએ, જ્યા કપટીકા હેત,
મુખ મીઠી વાતો કરે, અત કટારી પેટ. ૫.

મર જાઉં માગું નહિ, અપને તનકે કાજ,
પરમાર્થને કારણે, માગુ ન સમજુ લાજ ૬.

ચિંતા એસી ડાકણી, કાટ કલેજા ખાય,
તબીબ બિચારા કયા કરે, કહાં કહાં દવા લગાય ૭.

દયા કરીએ કયા જોડીએ, થોડે જીવન કાજ,
છોડ છોડ સબ જાત હે, દેહ ગેહ ધન રાજ ૮.

કુવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ,
આપનો ઢાંકણ બેટરો, ઘરનુ ઢાંકણ નાર ૯

ઘણી ધતુરો ઢોર ને, ચાકર ચોર લુવાર,
કેળવયા કેળવય છે, એહ જગતનો સાર ૧૦.

જિસે રામકો ડર ન્હીં, ન્હીં પચકી લાજ,
ઉસે ઉઠ કયા કીજીએ, ચુપ ભલી મહારાજ ૧૧.

જાના રહી રહના નહીં, મરના વિસવાવીસ,
દો દિન દુનીયાકે લીયે, મત ભૂલો જગદીશ ૧૨.

મન ચાહે ઘોડે ચડુ, મોતી પહેરૂં કાન,
કાળને હાથ કમાન છે, છોડે ન વૃદ્ધ જુવાન ૧૩.

જોરાવરના જુલમનો, કોણ કરે ફરિયાદ,
વાઘે મારી માનવી, એનો શો ઇંન્સાફ ૧૪

ધન લોભે મન લાવતી, નિર્ધન થયે અભાવ,
સગી પૈસાની પડાની, જાને નીચ સ્વભાવ ૧૫

સમજ સમજ મન માનવી, મોત તણો ભય રાખ,
કાળ વિષે કંઈ કાળજી, ચચુ બળીને ખાખ. ૧૬

વગર કારણે આમ તેમ, ખાતી ધકકા ખાય,
ઉદ્યમ કાઇ કરે નહીં, એ મૂરખનો રાય. ૧૭

લોભ ઘટાડે લોકને, લેભે લક્ષણ જાય,
જેણે રાખ્યો લોભ તે, ખાતે ખત્તા ખાય ૧૮

સમજે તેનો ધર્મ છે, રાખે તેની લાજ,
સઘરે તેનુ ધન વધે, ઉદ્યોગીને આજ ૧૯

મન જાયે તો જાન દો, તુ મત જાયે શરીર,
વિના પણછકી કામડી, કયુ લગેગા તીર ? ૨૦

મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ,
તાસે તો કૌવા ભલા, તન મન એકહી રંગ. ૨૧

સજ્જન ગયે છોડકે, દઇ કલેજે દાગ,
જૈસી ધુણી અતીતકી, જબ ખોલુ તબ આગ ૨૨.

જગત પડયુ સુખ કાળને, કૈડા મોર જનાર,
ઘટીને ગાળે પડયા, દાણા લોટ થનાર. ૨૩

દુર્જનને ગુણ કીજીએ, કરે આપ અપકાર,
પ્રથમ હણે દેનારને, મર્કટ કર તેરવાર ૨૪
શેઠ તણા સાળા થયા, નકી સહુ હરખાય,
કોઇ ગરીબ કહે કદી, જીવડો નીકળી જાય ૨૫
દેખી દરીદ્રી દ્વારસે, લોક કરે અપમાન,
જાચકકુ જયું દેખકે, ભસત હે બહુ શ્વાન ૨૬.
બેઠી દોહીયે બકરી, ઉભા દોહીયે ઉંટ,
જેસા વાયે વાયરા, તેસી દઇએ પુઠ ૨૭
ખડ ખુટયા ઘણ વસુકીયા, વહાલા ગયા વિદેશ,
અવસર ચુકયા મેહુલા, વરસી કાંઇ કરેશ ૨૮
ખાતા ભોજન ભાવતા, રાતા માતા રૂપ,
જાતા જોયા જમપુરે, ભાતા વિણ કઇ ભૂપ ૨૯
બડે બડે સબ કહત હે, બડે બડેમે ફેર,
*સરિતા સબ મીઠી લગે, સમુદ્ર ખારો ઝેર ૩૦
નારી ઘરનું નાક છે, નારી સુત દેનાર,
નારીથી પંકાય છે, નારી સુખ આધાર ૩૧
હાતે લુણ જે વાપરે, કરળે ઊનું ખાય,
ડાબુ પડખું દાબી સુવે, તે ઘર વૈદ ન જાય ૩૨

---

* નદી

સવૈયા

જ્ઞાન ઘટે નર મૂઢકી સંગત, ધ્યાન ઘટે ચિત્તકો ભરમાયે,
શોક ઘટે જ્યું સાધુકી સંગત, રોગ ઘટે કછુ ઓખધ ખાયે,
રૂપ ઘટે પરનારીકી સંગત, બુદ્ધિ ઘટે બહુ ભોજન ખાયે,
વૈતાલ કહે વિક્રમ સુનો, કર્મ ઘટે જ્યું પ્રભુ ગુન ગાયે. ૩૩

દોહરા

સ્ત્રી જન તો કહેવાય છે, કજીયાની કરનાર,
ચાર મળે જો ચોટલા, ભાગે જન ઘરબાર ૩૪

મૂર્ખની સંગતથી સહે, ભલા જનો દુઃખ ભાર,
આકડના મેળાપથી, ખાય ખાટલો માર ૩૫

નહીં પરણેલો પરણવા, પરણ્યો તજવા ચહાય,
લક્કડ લાડુ ખાય તે, ન ખાય તે પસ્તાય ૩૬

શીખ્યા પણ સમજ્યા નહીં, મનકા ન ગયા મોહ,
પારસ[1] પાસે પહોંચ્યા નહિ, રહ્યા લોહકા લોહ ૩૭

વિવેક વિચાર વધારજો, તજજો સર્વે દોષ
પ્રભુને કદિ ન ભુલજો, થશે તેથી સંતોષ ૩૮

---

૧ પારસમણી

મુખે મારૂ લોય સુવાડુ, તનની પાડુ ખાલ,
એમ કરતા જો નહીં મળે તો, પછી કરૂ હુ ન્યાલ ૩૯
મુઠ મુઠાયે તીન ગુન મીલે મટે [1]શિષકી ખાજ,
આનેકો લડુ મીલે, લોક કહે મહારાજ ૪૦

ભેખ ધરી માયા કરી, જગકુ ભરમાવે,
પુરણ પરમાન દકી, ઋદ્ધિ રંચ ન પાવે

જોગ જુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે ટેક૦ ૪૧.
મન મુંડયા વિના મુંડકુ, અતિ ગેટ મુંડાવે,
જટા જુટ શિર ધારકે, કોઉ કાન ફડાવે જોગ૦ ૪૨
ઉર્ધ્વ બાહુ અધો મુખે, તજી તાપ તપાવે,
ચિદાનંદ સમજ્યા વિના, ગણુતિ નવ આવે જોગ૦ ૪૩.

શ્વાન પુછ સમ જીવણો, વિદ્યા વિનુ હે વ્યર્થ,
દંશ નિવારણ તન ઢકન, નહીં એ કો સામર્થ. ૪૪
ટકો ટકો બકતો ફીરે, જડબુદ્ધિ અજ્ઞાન,
કરે ટકાની આબરૂ, કરે પ્રગટ નાદાન. ૪૫.
જરને વશ આ જગત પણ, જર છે વિનય વિવેક,
જર ખરચે સઘળુ મળે, મળે ન અક્કલ એક. ૪૬.

---

1 ખાધની

સુરતસે કીરત બડી, બીન પખ ઉડ જાય,
સુરત તો જાતી રહે, કીરત કબહુ ન જાય ૮૭

જગકર્તાએ સર્વને, આપી અક્કલ શેર,
પરમા પોણો શેર છે, પોતે સવા શેર ૪૮

ગુણ સજ્જન જવ અક સમ, સરહીં મીલે સમતોલ,
દુર્જન અકસુ અધ ઇવ, બઢત ઘટત ઘડી બોલ ૪૯

હીરા મોતી ઝવેરદાસ, દામ મળે નહીં ઓગેઃ પાસ,
નામ ન ખાવે છે રણછોડ, માથે રણ તે મોટી ઓડ ૫૦

પહેલા દાતા શિષ્ય હે, આપે તન મન શિષ,
પછી દાતા સદ્‌ગુરૂ, કરે જ્ઞાન બક્ષીસ ૫૧

— મનહર છંદ —

રોગ કરે ભોગ ત્યારે વૈદ્યને વિશેષ લાભ,
દેશ ભગ થતા બેસે કોળીઓ કમાઈને,
માણસના મરણથી ભલો લાભ ભગીયાને,
અને અવતરે ત્યારે દામ મળે દાઈને
પડે જો દુકાળ રળે દાણાના દુકાનદાર,
પડે જો સુકાળ લાભ મળે ઘણો સીપાઈને,

કે દલપતરામ લડે લોક ઠામ ઠામ,
ભલો લાભ તે સમે મળે વકીલ લાઈને ૫૨.

પ્રીતિ એસી કીજીએ, જૈસે નિશિ અરૂ ચંદ,
ચંદ બીનુ નિશિ બાવરી, નિશિ બીના ચંદા મંદ ૫૩.
સચિવ વૈદ્ય ગુરૂ તીન જો, બોલહી પ્રિય પતિ પાસ;
રાજ ધર્મ તનુ તીનકો, વેગીહી હોત વિનાશ ૫૪.

(મંદીર છો મુક્તિ તણા, એ રાગ.)

ભણતર વિનાના પુત્રને, જણનારીને ધિક્કાર છે,
પરણેલ પતિના પ્રેમને, તજનારીને ધિક્કાર છે;
ઘરસૂત્રની સમજણ વિના, ખરચાળીને ધિક્કાર છે,
વળી કલેશની કરનારી જે, કજીયાળીને ધિક્કાર છે ૫૫.

(શાર્દૂલ વિક્રીડિત છંદ,)

જે વિદ્યા ભણવાથી ભિક્ષુક બને, ધિક્કાર વિદ્યા તને;
જે દાને અપકીર્તિ થાય જગમા, ધિક્કાર તે દાનને,
જે સ્નેહેથી ન શાંતિ થાય મનમા, ધિક્કાર તે સ્નેહને;
જે દેહે ન પરોપકાર પરને, ધિક્કાર તે દેહને. ૫૬.

ઉપજત એક સગ જલ માહી,
જલજ જોંક જીમી ગુણ ભીગલાહી,
મીલત એક દારૂણ દુખ દેહિ,
બિછુરત એક પ્રાણ હરી લેહીં ૫૭

અધનકો ન વિચારત હે અરૂ,
બીનકો નાદ સુની મૃગ મોહે,
પંકજ બધ સહે જ્યુ મધુકર,
ચાતક સ્વાંત બિના તરસ્યો હે
ચંદ બિના જ્યુ ચકોર ચુગે શિખી,
દીપક દેખી પતંગ જર્યો હે,
પ્રાણ ગુમાવનકી ન પરે કલ,
સાગર પ્રેમકો નેમ અસો હે ૫૮

— સવૈયા —

ભોજનથી તન રોગ બને, નહીં ભોજન તે કદી વાપરીએ,
સરપે કરડ્યો કર હોય કદી, કર કાપી શરીર સુખી કરીએ,
આપ થકી પરિતાપ બને, તજી આપ સગા સહુ સંચરીયે,
દુખે સઘળા સુખીયા, દુખ ધીર ધરી શિરપે ધરીએ ૫૯

દોહરો

પ્રેમ વિનાની પ્રેમદા, મરદા બોલ કબોલ,
કદર વિનાનો કધરો, તે ગો ગદ્ધા તોલ. ૬૦.

જો ઘુવડ[1] સુ ચાહત હે ઉર,[2] સૂરજ પુર જ્યોતિ જરે,[3]
જૈસા ચકવી ચિત્ત ચાહત હે નીત, નહિ ચંદ કળીકા ચહે;
ચકોર ચકોર ચાહત હે, નહિ [illegible] ની ઓર ચહે,
એસા તરસા [illegible] નહિ [illegible], ત્યુ [illegible] ચાલી ગારાઈ કરે ૬૧

ગુરૂ લોભી ચેલા લાલચુ દોનો ખેલે દાવ,
કહે તુલસી કયુ તરે, બેસુ પત્થરકે નાવ ૬૨.

ઉદ્યમ કરતાગ ઘણા, ભાખ્યા મે હુશીયાર
કર્મ કર્મ કહીને રહે, તે પણ એક ગમાર ૬૩.

નવ તત્ત્વ વર્ણન

સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખ ભાસ,
વેદકતા ચેતન્યતા, એ સબ જીવ વિલાસ ૧.

તનતા મનતા વચનતા, જડતા જડ સમેલ,
લઘુતા ગુરૂતા ગમનતા, એ અજીવકે ખેલ ૨.

---

૧ ઘુવડ ૨ હૃદયમા ૩ જીર્ણ-નષ્ટ થય ૪ સાપના મનમાં

જો વિશુદ્ધ ભાવ નિબધે, અરૂ ઉરધ મુખ હોય,
જો સુખ દાયક જગતમે, પુન્ય પદારથ સોય ૩

અકિલેષિ ભાવ નિબધે, સહિજ અધો મુખ હોય,
દુખ દાયક સસારમે, પાપ પદારથ સોય ૪.

જોઈ કરમ ઉદ્યોત ધરી, હોઇ ક્રિયારુ મસ્ત,
કરષે નુતન કરમકો, સોઇ આશ્રવ તત્ત ૫.

જો ઉપયોગ સરૂપ ધરી, વરતે જોગ વિરત્ત,
રોકે આવતા કરમકો, સો હે સવર તત્ત ૬.

જો પુર્વે સત્તા કર્મ કરી, થિતિ પૂર્ણ આઉ,
ખિરવેકો ઉદ્યત ભયો, સો નિર્જરા લખાઉ ૭.

જો નવા કર્મ પુરાન સો, મિલે ગઠિરૂઢ હોઈ,
શક્તિ બઢાવે વસકી, બધ પદારથ સોઇ, ૮

આકાશના નામ.

ખ વિહાય અબર ગગન, અતરિક્ષ જગધામ,
વ્યોમ વિયત નભ મેઘપથ, એ આકાશકે નામ ૧.

કાળના નામ

યમ કૃતાંત અતક ત્રિદશ, આવર્તી મૃતનાથ,
પ્રાણહરણ આદિતતનય, કાલ નામ પરમાણુ ૨.

પુન્યના નામ

પુન્ય સુકૃત ઊરધવદન, અકરરોગ શુભકર્મ,
સુખદાયક સંસારફલ, ભાગ બહિર્મુખ ધર્મ ૩

પાપના નામ

પાપ અધોમુખ એન અઘ, કંપ રોગ દુ ખધામ,
કલિલ કલુષ કિલવિષ દુરિત, અશુભ કર્મકે નામ. ૪

મોક્ષના નામ

સિદ્ધક્ષેત્ર ત્રિભુવનમુકુટ, શિવમગ અવિચલસ્થાન,
મોક્ષ મુક્તિ વૈકુંઠ શિવ, પંચમગતિ અને નિર્વાણ ૫

બુદ્ધિના નામ

પ્રજ્ઞા ધિષણા શેમુષી, ધી મેધા મતિ બુદ્ધિ,
સુરતિ મનીષા ચેતના, આય અશ વિશુદ્ધિ ૬.

વિચક્ષણ પુરૂષના નામ.

નિપુણ વિચક્ષણ વિબુધ બુધ, વિદ્યાધર વિદ્વાન્,
પટુ પ્રવીણ પંડિત ચતુર, સુધી સુજન મતિમાન્ ૭
કલાવાન કોવિદ કુશલ, સુમન દક્ષ ધીમંત,
જ્ઞાતા સજ્જન બ્રહ્મવિદ્, સ ગુણીજન અને સંત. ૮

મુનિના નામ

મુનિ મહંત તાપસ તપી, ભિક્ષુક ચારિતધામ,
યતિ તપોધન સંયમી, વ્રતી સાધુ ઋષિ નામ ૯.

દર્શનના નામ

દરશન વિલોકન દેખના, અવલોકન દિગચાલ,
લખન દૃષ્ટિ નિરખાન જુવન, ચિતવન ચાહન ભાલ ૧૦

જ્ઞાન તથા ચારિત્રના નામ

જ્ઞાન બોધ અવગમન મનન, જગતભાનુ જગજાન,
સંયમ ચારિત્ર આચરણ, સમરણ વૃત્તિ ધૈર્યદાન. ૧૧.

દોહરા

નગ્ન માસ ઉપવાસીઓ, લુણુ તુચ્છ લે અન્ન,
ગર્ભ અનંતા પામશે, જો છે માના મન ૧.

આચારે અભિમાન વધ્યો, તપથી વધ્યો કલેશ,
ગર્વ વધ્યો જો જ્ઞાનથી, તો વૃથા ભજવ્યો વેશ ૨.

જામે જીતની બુદ્ધિ હે, ઇતનો કહે બનાય,
વાકો બુરો ન માનીએ, ઔર કહાસે લાય ૪.

જાકે ઘટ સમતા નહીં, મમતા મગન સદૈવ,
રમતા રામ ન જાનહિ, સો અપરાધી જીવ ૪.

બડા બડાઈ ના કરે, બડા ન બોલે બોલ,
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ. ૫

દુરમનકી કીરપા બુરી, ભલી [1]સજ્જનકી ત્રાસ,
જબ સૂરજ ગરમી કરે, તબ બરસનકી આસ [2] ૬.

કપટી મિત્ર ન કીજીએ, પેટ પેસી બુધ લેત
ચટીતી પ્રીત લગાયકે, પીછે ધોખા દેત ૭.

જો જામે નિશદિન બસે, સો તામે પરવીન,
[3]સરીતા ગજકુ લે ચલે, ઉલટ ચલત હે મીન [4] ૮.

જો મત[5] પીછે ઉપજે, સો મત પહેલી હોય,
કામ ન બીગડે આપણો, દુરજન હસે ન કોય ૯

ઉમ્મર વધી તો શું થયું, ગદ્ધા ઘરડા થાય,
અરે બપોરે ભુકતા, મૂરખ તેવો ન્યાય ૧૦.

લાગી ન તાલી આતમની, શ્રદ્ધો ન સદ્ગુરૂ સગ,
તપ કિરિયા ફોગટ સહુ, ભાખે ભગવઈ [6]અગ ૧૧.

---

૧ શાબાશી ૨ આશા ૩ નદી ૪ માછલું ૫ બુદ્ધિ ૬ ભગવતી સૂત્ર.

ચેતે તો અબ ચેત તુ, પડ્યા રહેગા સબ,
આવેગા જબ કાલ તો, ધર્મ કરેગા કબ ૧૨

મનકી મમતા મીટ ગઈ, તનકી મીટ ગઈ પીડ,
ફીકર ફુક ફાકા કીયા, ઉસકા નામ ફકીર ૧૩

જબ તક પૈસા પાસ રહેગી, મીઠી બાત ભણાવેગી,
કંગાલીકે વાર સમેમે, જુત્તા માર ભગાવેગી ૧૪

પ્રારબ્ધ પહેલે બના, પીછે બના શરીર,
તો ભી યહ અશ્ચર્ય હૈ, મનુષ્ય ન ધારે ધીર ૧૫

દે તો ગાદી એક હૈ, પલટા હોત અનેક,
જો ગાદી પલટે નહીં, તો રહે એકકી એક ૧૬

રાત્રિ ગમાઈ સુવતે, દિવસ ગમાયા ખાય,
હીરા જેસો મનુષ્ય ભવ, કવડી બદલે જાય ૧૭

સાત વેતના સર્વ જણ, કિંમત અક્ષર તુંય
સરખા કાગજ હુંડીના, આંક પ્રમાણે મૂલ્ય ૧૮

અમુલ્ય પણ નિમુલ્ય છે, જેની જ્યા છત હોય,
નદી કિનારે નીરનુ, મુલ્ય ન આપે કોય ૧૯

જેનો જ્યા ગ્રાહક મલે, તેનુ ત્યા ઉપજે મુલ્ય,
હીરો પણ ગ્રાહક વિના, રખડે કંકર તુલ્ય ૨૦

કિંમત ઘટે નહિ વસ્તુની, ભાસે પરીક્ષક ભુપ,
જેને જેવુ પારખુ, કરે મણિનુ મૂલ્ય ૨૧.

આશા રાખો મન તણી, હૈયામા રાખો હેત,
બોલ્યુ ચાલ્યુ માફ કરજો, અવગુણ મારા અનેક ૨૨.

પ્રીત ચતુરસે કીજીએ, જૈસે પ્રીતકી લાજ
પ્રીત જાયગી તુટકે, તોય ન બગડે કાજ ૨૩.

મિત્ર ઐસા કીજીએ, જૈસા શીરકે બાલ,
કાટે કટાવે પીછુ કટે, તોય ન છોડે ખાલ ૨૪.

સજ્જન એસા કીજીએ, જૈસા કુવાકા કોશ,
પગસે આઘા ઠેલીએ, તોય ન આણે રોશ ૨૫.

ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી ચાલ,
જરૂર જાણો જગતમા, મુલ પ્રમાણે માલ ૨૬.

બુઠા પન્થે બાયડી, અભણ બેસે રાજ,
ભર ઉપાડે બળદીયુ, એ સો પરને કાજ ૨૭.

ભક્ત થયો પણ ભેદ ન જાણ્યો માળા રાખી મોટી,
પ્રભુ નામ તો લીધુ નહીં, ને નજર રાખી ખોટી ૨૮.

ભલે ભલાઈ બુરે બુરાઈ, કર દેખો સબ ભાઈ,
લખ ચીઠી બ્રાહ્મણકો દીની, નાક કટાયો નાઈ ૨૯.

કામી જનને કામીની, દાડમ સાથે દાસ,
જોગી જનને કામીની, ચુ । આવલી રાખ ૩૦

કાતિક માસકે કુત્તે, તજે આ । ગૈર પ્યાસ,
તુલસી વાદી રયા રતિ, જીનકે બારે માસ. ૩૧

ઉઘ બગાડા ભાઠો તન બગાસા દી,
તારૂં દેખ ન માન તો, લાગી પડ ; ૩૨

દુઃખ ગર ભોય પડે, હવો તનુ દીધ;
નરકે દેવાળા જતન, હા હા ધમ ન કીધ. ૩૩

કથ વિહુણી કામિની, તેને શરણે જાય;
રેટડીએ રુણી કરી, પેટ ભરે જઈ તાસ. ૩૪

નારી નિંદા મત કરો, નારી નરકી ખાન,
નારીસે ઉત્પન્ન ભયે, પ્રહ્લાદ સમાન. ૩૫

વહેમ ભરી વાતો કરી, બહુ બહુ બકતો જાય,
શીખામણ નહિ રાખે, તે મુરખનો રાય ૩૬.

સબસે મીઠું બોલીએ, સુખ ઉપજે સબ ઠોર,
વશીકરણ એ મંત્ર હૈ તજીએ વચન કઠોર ૩૭.

એક માણી અરૂ દુઇ જન, જુઓ ઉનકા જ્ઞાન,
પર દાખ દેવા કારણે, ખુવે અપના પ્રાણ ૩૮

વખત જશે વહી વાતમા, કાલજ પડશે કળ,
ચતુર હોય તો ચેતીને, તુ તરૂ સભાળ ૩૯.
જનની જણ તો ભક્ત જન, કા દાતા કા શુર,
નહીં તો રહેજે વાઝણી, રખે ગુમાવે નુર ૪૦.
શ્વાસોશ્વાસ સાથે લીએ, સાથે લીએ આહાર,
સાથે તે પ્રણમાવતા, સાથે મન્ણ વિચાર. ૪૧.
આવ્યો પણ જાણ્યો નહીં, મનખા તણો મર્મ,
શેર લોટના કારણે, કોટી બાધે કર્મ ૪૨.
શાસ્ત્ર શબ્દ સૂણ્યો નહીં, ન ટળ્યો મનકો ડાગ,
સગતથી સુધર્યો નહીં, તેની બડી અભાગ ૪૩.

ચોપાઇ

ત્રેસઠ સખ્યા પદવી કહી, માતા એકસઠ ગ્રન્થે લહી,
પિતા બાવન ને સાઠ શરીર, ઓગણસાઠ જીવ કહ્યા મહાધીર ૪૪.

બાવન બેરા બોબડા, ચોપનને નહીં નાક,
છપ્પન આખે આધળા, અઠ્ઠાવનને નહીં કાન,
છવીશ હાલતા ચાલતા, બોલે છે બહુ વાર,
ચૌરાસી લખ જીવના, એ છે સર્વ વિચાર ૪૫.

બળથી બુદ્ધિ આગળી, જો ઉપજે તતકાળ,
વાનર વાઘ વિગોવીઆ, એકલડે શીયાળ. ૪૬.

બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા,
જાતે દા'ડે કેશ બદલે, લખણુ ન બદલે લાખા ૪૭.

મૂર્ખ ભણી પંડિત બને, હું પંડિત અભિમાન,
વેદ ભણી હું વેદી છું, માને તે અજ્ઞાન, ૪૮.

આતમ શાખે ધર્મ ત્યાં, લોક તણું શું કામ,
જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ૪૯.

હરિગીત.

આદર મળો કે ના મળો, અમને કશી પરવા નથી,
તેમ ફળ મળો કે ના મળો, તે જાણવા ઇચ્છા નથી,
કર્તવ્ય કરવા જન્મ આ, દિન રાત તેમા રત રહી,
ઋણ મુક્ત વિશ્વ થકી થવા, કર્તવ્ય કરવુ છે સહી. ૫૦.

દીયે આશરો દુષ્ટને, ઘડે જ તેહના ઘટ,
નીર તાર્યો કાષ્ઠને, ચીર પર પાડી વાટ. ૫૧.

સબહી કો રસ લીજીએ, અંત લીજીએ નાહીં,
અંત લીયે વિષ નીપજે, સો રત્નાકર માંહી ૫૨.

સજ્જન સહુના સ્નેહી પણ, દુષ્ટ તણે મન કાળ,
જગત ચક્ષુ છે સૂર્ય પણ, ઘુડ ગણે વિકરાળ ૫૩.

જોઇયે તેમા એક પણ, ઓછે નવ નીભાય,
પાયા ઇસિ ઉપળા, મળી ખાટલો થાય ૫૪

કાર્ય સહાયતા વિના, કરી શકે નહીં કોય,
કહો હથોડો શું કરે, જો હાથો નહીં હોય ? ૫૫.

વડા પોથા વડા થોથા, પાઘડા બાંધે બડા બડા,
અક્ષરસ્ય ગતિર્નાસ્તિ, મૂર્ખનાથ નમોસ્તુ તે. ૫૬.

સમજુ સમજે જ્ઞાનથી, મુકી દેતા હઠ,
શઠ શઠના મુકે નહીં, લાગે સો કદી લઠ ૫૭

ઉઠવાના હોશ જ નહીં, સધીવાની પીડ,
વૈદોનુ ચાલે નહીં, કર્મ તણી જ્યા ભીડ. ૫૮

મુરખ માથે શીંગડા, નહીં નિશાની હોય,
સારાસાર વિચાર નહીં, તે જન મુરખ જોય ૫૯

કહેના થા સો કહ દીયા, અબ કયા બજાવુ ઢોલ,
એક શ્વાસમે જાત હે, તીન લોકકા મોલ ૬૦

ચેતન તે એસી કરી, જેસી ન કરે કોઇ,
વિષય રસકે કારણે, સ્વરસ બેઠો ખોય. ૬૧.

એરણકી ચોરી કરે, દીયે નોયકા દાન,
ઉંચો નીચો ઉછળી, કયો ન આવે વિમાન ૬૨.

જીતની વસ્તુ જગતમે, નીચ નીચમે નીચ,
સબસે પાપી મે બુરો, ફસ્યો મોહકે બીચ ૬૩.

કરૂણાવચ્છલ સુજનના, આત્મનિંદા પાઠ,
સમતા ભક્તિ વિરાગતા, ધર્મરાગ ગુણ આઠ ૬૪.

માખી ચંદન પરહરે [1]કશ્મલ ઉપર જાય,
મુરખ ધર્મ ન સાભળે, ઉંઘે કે ઉઠી જાય ૬૫.

સગત બીચારી કયા કરે, હૃદયા ભયા કઠોર,
નવ નેજા પાણી ચડે, પત્થર ન ભીંજે કોર ૬૬.

નમે જ આંબા આંબલી, નમે છે દાડમ દ્રાક્ષ,
એરંડ બીચારો શું નમે, જેની ઓછી શાખ ૬૭.

ચાપી બાંધે પાઘડી, ચાંપી ઉતારે નખ,
ચાંપી પહેરે આસડાં, ત્રણે અણધાર્યાં દુઃખ ૬૮.

જે બોલે બાળક મતિ, જે બોલે [2]અણગાર,
જે બોલે વર [3]કામીની, જુઠ ન પડે લગાર ૬૯.

નિંદક ધોબી દો જણાં, ધોવત હે સબ મેલ,
ધોબી કમાઈ કરત હે, નિંદક ઠેલમઠેલ ૭૦.

---

૧ મેલ, મલીન. ૨ સાધુ ૩ ઉત્તમ-સતી સ્ત્રી

નિંદા હમારી જો કરે, મિત્ર હમારા હોય,
સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય ૭૧
પ્રભુ નામનો આળસુ, ભોજનમા હુશીયાર,
સાધુની નિંદા કરે, વારવાર ધિક્કાર ૭૨
કંચન તજવો સ્હેલ છે, પરનારીનો સ્નેહ,
પરનિંદા પર ઈર્ષા, દુર્લભ તજવો તેહ ૭૩
વિક્રમ વિશા ત્રીશ પછી, થાશે ધર્મ પ્રકાશ,
સાધુ મહીમા વાધશે, મત પાખંડ ખગ્રાસ ૭૪

ચોપાઇ

કૂડ કપટનુ ન કરે કામ, વૈરાગે જેનો વિશ્રામ,
એવા ધર્મનુ જે શુભ ધામ, એવા જનનુ શ્રાવક નામ ૭૫

દોહરા

શિર સાટે શિયળ સાચવે, તજે ન ટેક લગાર,
પ્રાણ જવા પલટે નહીં, તે સતીમા શીરદાર ૭૬
શ્રદ્ધી ટેક તોડે નહીં, પ્રાણ કદી પણ જાય,
અધર્મમા પગ નવ દીયે, જનમ્યા તે જગમાય ૭૭
હરીઆલી તુ હર પ્રમાણે, ચારે સંધ્યા મળીયા,
બાર ગામ ને બોતેર હથી, એક જના રે ગળીયા ૭૮
આયુ રૂપી લાકડુ, રવિ-શશિ રૂપ કરવત,
કાળ રૂપી સુત્રધાર નિત્ય, વેરી ખડ કરત ૭૯

પુન્ય કરે જ્યા પાડોશી, આડી જીભ વાય,
અભ્યાગતને દેખીને, ઘરમા નાસી જાય ૮૦
દે શીખામણ સ્વામી ત્યારે, કુવે પડવા જાય,
લોકો કેરા થોકમા, ફજેતીઓ લુટાય ૮૧
ધોકેથી ધણી મારે ત્યારે, તેને દે છે શાપ,
જો તને હુ જીવ ન આપુ, તો તુજ મારો બાપ ૮૨
સાસુ દે શીખામણ ત્યારે, સામી વઢવા લાગે,
સમી સાંજે સુવે ત્યારે, પહોર દીવસે જાગે ૮૩
ધન જોબન ઠકુરાઈયા, સદા સુરંગી ન હોય,
જ્યુ [1]રૂખા ત્યુ માણસા, [2]છાહ ફીરતી જોય. ૮૪
સસરો સુતા વહુ હીંચોળે, અલો લો હાલ
સુઈ રો સસરાજી, બાઘડ બોલે, *
આજે વિદ્યા વિવિધ વિનયો, દીવ્ય સૌંદર્ય વાણી,
દે સદ્વિદ્યા ગુરૂજી અમને, શીખવ્યા પ્રેમ આણી,
આજ્ઞા માગી શિરથી પ્રણમી, વાકય પુષ્પે વધાવી,
છાત્રો પંક્તિ નિજ નિજ ગ્રહે, જાય સિદ્ધા સીધાવી ૮૫

મનહર છંદ

છળ ભેદ છાની રીતે, છાના લોક છેતરીને,
છેડે બાંધ્યુ છે તે પાપ, છોડવુ કેમ છુટશે,

---

૧ વૃક્ષ, ૨ છાયા

ત્રાવે તેરો ફંદ કરી, ફોગટ તુ ફુલ્યો ફરે.
ફેલી તારો ફંદ તે તો, ફટ દઇ ફુટશે ૮૬.
કહું છુ હું ક્રોડ વાર, કથન કાન ન ધરે,
કપટી કુટીલ સાથે, કોણુ માથુ કુટશે,
ખરેખરો ખેલ આ તો, ખેલવુ ખાડાની ધારે,
અણીમુલ કાળ તે તો ખાતા ખાતા ખુટશે ૮૭

દોહરા

સીતા સતી પુર્વ ભવે, બાંધ્યો અનુચિત કર્મ,
કુળ કલંક દઇ સાધુને, વિસ્તાર્યો અધર્મ ૮૮.
વેગવતીના ભવ વિષે, રમવા ગઈ ઉદ્યાન,
તપસ્વી મુનિ તેણી સમે, દીઠા ધરતા ધ્યાન ૮૯.
ગુણીયલ ગુરૂ જાણી કરી વંદે નર ને નાર,
તે દેખીને દ્વેષ ધરે, વેગવતી તેણી વાર ૯૦.
બોલે મનુષ્યની આગલે, એ મુની કપટી નીચ,
નારી સંગે રમતો મે, દીઠો જંગલ બીચ ૯૧.
એ કર્મથી સીતા ભવે, પામી કલંક તેહ,
ખાતિથી કહે સમજ તુ, મટે ન કર્મની રેહ ૯૨.
જીવીત જરાસા[1], દુખ જનન [2]જરાસા,
તાપેદર હે ખરાસા, શીર કાલ તો ભરાસા હે,

૧ થેડુ ૨ વૃદ્ધાવસ્થા

કોઇ વિરલાસા, અંત જીવે ઘે પચાસા,
વન બીચ વાસા, એહી બાતકા ખુલાસા હે
અધ્યાકાસા વાન, કરિવરકાસા કાન,
[1]ચલદલકાસા પાન, [2]ચપલાસા ઉજાસા હે,
એસા સાર [3]હાસા, તાપે કીજીયે અનંત આશા
પાનીકા પતાસા, જેસા તનકા તમાસા હે ૯૩.

હોહરા

ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નિર્વાણ,
ધર્મપંથ સાધન વિના, નર તિર્યંચ સમાન ૯૪
બાપ કહે મેરે પુત સપુત્તા, બેન કહે મેરા ભૈયા,
ઘર જોરૂ મિલીત બલૈયાં, સોઇ બડા જા કી ગાઠ રૂપૈયા ૯૫.
વીશ વરસકા પુરૂષ સુનત હૈ અરૂ સોલ વરસકી નારી,
કહે કબીર યહ ભલી બતાઇ, કી ણુ ચો ચોર કટારી ૯૬
ખલ કંટક સુપ અક્ષીકા, [4]પન્નગ પરમ પતંગ,
હણે નીત્ય નીજ દેહકો, હરે અન્યકો અંગ ૯૭
રાખી ઘરેણુ રોકડું, નાણું આપે જેહ,
સો મણુ ઠેરે ગાદલે સુખે સુવે નર તેહ ૯૮.
આ લોકે ફળ આપવા, છે તત્પર ત્રણ પાપ,
ગુરૂનિંદા વિક્રય સુતા, માત પિતા સંતાપ ૯૯

૧ પીપળો ૨ વીજળી ૩ મરકવું, મંદ હસવું ૪ સાપ

ભુજંગી છંદ

શીલા શ્વાનની પુછડી સાથ બાંધી,
જુઓ જાળવી જુકતીથી બધ બાધી,
પછી કાઢીએ તો વળી વાકવાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ૧૦૦.

દોહરો

જો વરસે વરસાદ તો, થાયે લીલા લ્હેર,
જો વરશે વર સાત તો, થાયે કાળો કેર ૧.

કવિત્ત

બચ્છત ભુજગિની જ્યુ આપકે [૧]ઉરગનકું,
વીછુવાકે [૨]છુવા નીજ માતકે નીઘાત હે
[૩]ગુડુચી ચહત વૃચ્છ તાહીકો સુભક્ષ કરે,
[૪]પાટકે [૫]નીપાવવે કો પાલસે નીપાન હે
સુ [૬]જરાફ પછી [૭]ગજ પછી અડસે ઇસુ,
[૮]પછીકે વિછેદવેસો બડે વીલપાત હે;
એસેહી કુમીત મીત જાહેકો લગાત પ્રીત,
તાહીકો તુરત અત, કાલરો વિઘાત હે. ૨.

---

૧ બચ્ચાને ૨ પોતાના બચ્ચા ૩ ગળો ૪ પીતાબર. ૫ રક્ષક. ૬ એક જાતનું પક્ષી ૭ એક જાતનું પક્ષી. ૮ પક્ષીને.

છપ્પૈયા

જટા ધરે [૧]વટ-વૃક્ષ, પતંગ નિજ બાળે કાયા,
જલચર જલમાં ન્હાય, ધ્યાન ધરવા બગ ધાયા.
ગાડર મુંડાવે શીષ, [૨]અજા મુખ દાઢું રાખે,
ગર્દભ લોટે છાર, શુક મુખ રામજ ભાખે
વળી મોર તજે છે માનની, શ્વાન સકળનું ખાય છે,
કવિ શામળ કહે સાચા વિના, કોણ સ્વર્ગમાં જાય છે ૩.
એક મત્ત મુની મોહવશ, વાપે બિંદુ માર,
તાહા પીવાઈએ [૨]હારૂની, કહા કરીગે ઉપચાર ૪.
દરિદ્રી ચલે દરીયાવમે, કર્મ ચલે લે સાથ,
મોતી લાઉં કે ડુબ મરૂં, શંખ લગે ગયા હાથ, ૫.

સવૈયો

નૃપ મારે ચલી અપને પીયુમે,
વિષુ સર્પ ડસ્યા દુખમે પરહુ,
મુજ લે ગયે ચોર વિદેશનકું,
ઉન બેચ દીની ગણિકા ઘરકુ
પુત્ર સમ ભયો જબ કાષ્ઠ ચલી,
નીર પુર ભયો મુજે ગોપે ગ્રહી,
મહારાજ વિરાજ બિચાર કરો,
અબ છાશકો શોચ કહા કરહું ૬

૧ બારી. ૨ દ ૧

દોહરા

નમન નમનમે ફેર હે, અહોત નમે નાદાન,
દગાખોર દુના નમે', [1]ચિત્તા ચોર કમાન ७
નીતિ વિના નો સુત હે, લોભી માનુ પિશાચ,
મલિન રહે સો પ્રેત હે, અસુર હોત બિન સાચ ८
કિન્નર કાયરકો કહત, [2]યચ્છ એ કહો [3]ગોગી,
રાક્ષસ નિર્દયકો ગીનો, વીર બડો ઉદ્યોગી ९
મુરખ દશમ ગ્રહ [4]રૂ ખલ ખર, કટુ બોલહીં સો કાક,
અપનો બોલ ન પાલહી, સો માનો બિન નાક १०
કરહીં ઘાત વિશ્વાસ દે, સો હે અવર કસાઈ,
નાસ્તિક કીટ જ્યુ નરકકો, દેખહુ કોઉ ન તાઈ ११
પાન પદાર્થ સુઘડ નર, વણ્ તોળ્યે વેચાય,
જ્યુ જ્યુ ભુમિ પાલટે, મુલ મોંઘેરા થાય १२
દેખી દરિદ્રકુ દૂરસે, લોક કરે અપમાન,
જાચકકું જ્યુ દેખકે, ભસત હે બહુ શ્વાન १३
જબ લગ પૈસો હાથમે, તબ લગ ઉસકે [5]યાર,
સાઇ ઇસ સસારમે, સ્વારથકા વ્યવહાર १४

— કવિત્ત —

પૈસા બિન બાપ કહે, પુત ઓ કપુત મેરા,
પૈસા બિન ભાઈ કહે, બડો દુખદાઇ હે,

१ ચિત્તો २ યક્ષ ३ જોગરો ४ વળી ५ પ્રેમી

પૈસા બિન ચાચા કહે, કોનકો ભતીજે, લાગે,
પૈસા બિન સાસ, કહે, કૌનકો જમાઇ હે- ૧૫
सद्य. प्रीतिकरो नाद', सद्यः प्रीतिकराः स्त्रियः ।
सद्य शीतहरो वह्निः, सद्य पापहरो जिन' ॥ १६•

— દોહરો —

કા ન કરે અબલા પ્રબટા, કેહી જગ કાલ ન ખાય,
કૌન હી અગ્નિ ઝારી શકે, કા ન સમુદ્ર સમાય ૧૭

— કવિત્ત —

બાતનમે દેવી અરૂ, દેવતા પ્રસન્ન હોત,
બાતનસે સિદ્ધ અરૂ, સાધુ પતિયાત હે,
બાતનસે ખાન સુલતાન અરૂ નરપ્ર માને,
બાતનસે સુદ્ર લોક, લાખન કમાત હે,
બાતનસે ભુલ અરૂ, દૂર સબ તાબે હોત,
બાતનસે પુન્ય અરૂ, પાપ રેત જાત હે,
બાતનસે કીર્તિ અપકીર્તિ સબ બાતનસે,
માનવીકે સુખકી બાત કરામત હે ૧૮
બેઠીએ નહીં જહાં તહા, કીજે ન કુસગ સગ,
કાયરકે સગ શુર, ભાગે હી ભાગે,
કાજલકી રોટડીમે, કેસો હી જતન કરો,
કાજલકો દાગ તહા, લાગે હી લાગે,

દેખી એક બાગનમેં, ફુલનકી બાસનમેં,
પુલનકી એક રેખ લાગે હી લાગે,
કહત રે બીહારી દાસ સુન હો સાહેબ સખી,
કામીનીકે સગ કામ, જાગે હી જાગે ૧૯.

— દોહરો —

ચિંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન ૨૦.

— કેવિત્ત —

[1]લછ સવા સુત રાવણકુ,
ન બચાવન હારણુ કોઇ બને,
સગરા સુત સાઠ હજાર ન જારહીં,
કોપી કપિલ કુટીલ હને,
બેત મહા દુખ દેન બને નહિ,
કેન મને મુનિ માનખ તે,
હરી જાણુવતી સુતકી કહવી કહા,
કુલહી છપ્પન કોટી હને ૨૧
દુરજોધન જોધ હરે સીગરે,
કહની કહનાર ન કોઇ રહે,
હેહય સુતકુ હાથ [2] હજાર,
કુઠારહીં રામ તમામ ગ્રહે,

---

૧ લક્ષ. ૨ દસ્ત

દીઠી જો સુત કારન સો વરસો,
ઉદરે ઉધરે ઉદરે ન રહે,
એહી સુખ સુજાનન માનત હે,
એહી દુ ખહીં મુરખ ચાહત હે ૨૨
બુધે જાર બાજરી, બુધે નાર પાસરી,
બુધે છઘુ છતુ રહે, બુધે ડાણુ હોવા દે *

દોહરો

ઉખલ કરે ધણુકડા, ઘરહર કરે ઘરટ્ટ,
જિહા જે [૩]અગ સહાવડા, તિહા તે મરણ નિકટ્ટ ૨૩.
નારી નીજપતિ ઘર તજી, અવર ધરે અધડાય,
દુખ પામે સુખ વીણુમે ધર્મ જાતથી જાય ૨૪

— માલિની છંદ —

વિષ કલશ ધરેલા, કામિની કંઠ પાસે
નયન શર સમુહો, હાસ્ય છે [૪]ચંદ્રહાસે,
કુચ પર કચવેણી, નાગણી પાશ ધારી,
નર મરણ મદારી, તુ બની એક નારી ૨૫.
જેના સસરાની છાતી પર ભાલુ,
તેના જમાઈનુ મ્હોભે નાણુ *
પ્રથમ ક્રોડ આડત્રીશ, લઘુ મણુ અગીયાર,
બાર સહસ નવ શત, શીત્તેર વળી ઉપર સાર ૨૬

---

૩ જીવ ૪ તરવાર

એટલે મણે એક ભાર, ભાર ચિહુ પત્ર વખાણુ,
આઠ ભાર ફૂલ ફુલ, ભાર ખટ વેલી જાણુ ૨૭
ટગમગ પગ ટકતો નહીં, ખાઈ ન શકતો ખાજ,
ઉઠી ન શકતો આપથી, લેશ હતી નહીં લાજ ૨૮.
એ અવસર આણી દયા, બાળકને મા-બાપ,
સુખ આપે દુખ વેઠીને, એ ઉપકાર અમાપ ૨૯.
ચાલત પોડશ સોવતા, ચલત શ્વાસ બાવીશ,
નારી ભોગવતા થકા, ઘટે શ્વાસ છત્તીસ. ૩૦.
મે મેરા ઇસ જીવકો, ખધન મોટા જાન,
મે મેરા જાકો નહીં સોહી મોક્ષ પહચાન ૩૧
શાહ વચન સિંધન ગમન, કેલ ફેલ એક વાર;
*તિરિયા તેલ હમીર હઠ, ચઢે ન દૂજી વાર ૩૨
ડુંગર ઉપર દવ બળે, નદી કરે પોકાર,
ચતુર હો તો ચેતજો, મુરખ ન કરે વિચાર ૩૩
આણુંદ કહે પરમાણુંદને, માણુસે માણુસે ફેર,
એક તો લાખે ના મલે, એક તાંબિયાના તેર ૩૪
બ દે મત કર પરવા કીસકી, મત માગો કીસકે પાસ,
અપને સાહબકો યાદ કર, તેરી પલકમે પુરે આશ ૩૫
લખપતિને શોભે લાડી, હાથી પર શોભે અબાડી,
ઘોડા જાણે ખેંચી ગાડી, ગદ્ધો જાણે ભાર ઉપાડી ૩૬

* ૧ સ્ત્રી

ગઠરી બાધી ધુલકી, રહી પવનસે ફુલ,
ગાઠ જુગતીસે ખુલ ગઇ, અત ધૂલકી ધૂલ ૩૭

વિદ્યાગુરૂકી ભક્તિ સો, કે કીજે અભ્યાસ,
ભીલ દ્રોણકે બિન કહે, શીખ્યો બાણ વિલાસ ૩૮.

જન્મી આપ સુજાતિમા, કરે સુજાતિ કામે,
વિષિ મુખમા મણિ નીપજે, છતા કરે વિષ બામ ૩૯

જબ તુ આયો જગતમે, લોક હસે તુ રોય,
એેસી કરણી અબ કરો, તુમ હસે જગ રોય. ૪૦.

આપન ભુલે ઠગાઇએ, ઔર ન ઠગીયે કોય,
આપ ઠગાયે સુખ ઉપજે, પર ઠગીયાં દુખ હોય ૪૧

લિખના પઢના ચાતુરી, એ સબ વાતા સહેલ,
કામ દહન મન વશ કરન, ગગન ચઢન મુશ્કેલ ૪૨.

નિંદા હમારી જો કરે, મિત્ર હમરા સોય,
બિન સાબુ બિન પાનીસે, મૈલ હમારા ધોય. ૪૩.

જગડા નીત્ય બુરાઇ એ, જગડા બુરી બલાય,
દુખ ઉપજે ચિન્તા બઢે, જગડામે ઘર જાય ૪૪

સો કોશ સજ્જન વસે, જાનુ હિરદા મોઝાર,
કુસ્નેહિ ઘર આગણે, જાણું દરિયા પાર ૪૫.

પ્રેમ પ્રીતસે જો મીલે, તાકો મિલીયે ધાય,
કપટ રાખકે જો મીલે, તાને મીલે બલાય. ૪૬.

તરૂવર કદી ન ફ્‌લ ભખે, નદી ન સચે નીર,
પરમારથને કારણે, સતો ધને શરીર ૪૭
ઘડી ચઢે ઘડી ઉતરે, વોહ તો પ્રેમ ન હોય,
અઘટ પ્રેમ હિરદે વસે, પ્રેમ કહીયે સોય ૪૮
જા ઘટ પ્રેમ ન સચરે, સો ઘટ જાનુ મસાણ,
જેસે ખાલ લુહારકી, શ્વાસ લેત બિન પ્રાણ. ૪૯.
દુનિયાકે મઝે, હરગીઝ કમ ન હોગે,
મગર અફસોસ હે, આખીર હમ ન હોગે ૫૦
જુઠા બોલાનુ જુઓ, બધુ જુઠમા જાય,
વીંછી કરડે [1]ઝાડને, સાચે જુઠ મનાય ૫૧
બાર બાહીથી ત્રીસ ગયા, બાકી ગયા અગ્યાર,
સમજે તે સાચુ ગણે, ગપ સમ જાણે ગમાર ૫૨
વહુ વણુજ બહુ બેટીયા, દો નારી ભરતાર,
તીનકુ કયા અમ મારના, માર દીયા કિરતાર ૫૩
મણુકા ફેરત જન્મ ગયો, ગયો ન મનકો ફેર,
કરકા મણુકા છોડ કર, મનકા મણુકા ફેર ૫૪

સવૈયા

પાનીકે જંતુ જ્યુ કાહી પેચાનત, ગ્રીષમકે તપતે ગરમીકી,
કેસરકી કરહીં કહા કિમત, હે નપરીખ જહા હરદીકી,

---

૧ ઝાડ વેપખાતો

કાયરકુ કછુ નાહીં પરે કછુ, શુરનકી શુ શુધી મરદીકી;
એહરદી ન પ્રબીન લહે, કછુ જાનત હે દરદી દરદીકી ૫૫.
મોરકો ધ્યાન લગ્યો ઘનઘોગસે, ઢોરકો ધ્યાન લગ્યો નટકી,
ચંદકો ધ્યાન ચકોર લગ્યો, પનીહારીકો ધ્યાન લગ્યો મટકી,
ચાતક ધ્યાન હે સ્વાતનમે, ચકોરકો ધ્યાન દિને છટકી,
મીન મન્યો જળ ધ્યાન પ્રુસાગર, પથ પ્રબીન રહો અટકી ૫૬.

સમસ્યાઓ

માથા વિનાનો મરગલો, શીંગડીઓ ઉગી ચાર,
હડમા બેઠો હમહમે, તેને બેરા લડાવે લાડ
જવાબ—રવૈયો

નદી કિનારે ત્રણ ઝુપડા, તેથી આઘેરૂ ગામ,
કુંવારીને ત્રણ છોકરા, તેને પરણ્યાનુ શુ કામ
જવાબ—ત્રણ નક્ષત્ર

ત્રણ મુખ ને દસ પગ, અલવટ કરતુ થાય,
રાજા પુછે રાણીને, એ કયુ જનાવર જાય
જવાબ—હળ.

ચડ થોડુ ને ઉર ઘણુ, વળી હઈડે રાતા દાત,
એને ખાય બ્રાહ્મણ વાણીયા, એનુ મીઠુ લાગે તન
જવાબ—તરબુજ.

જળથી નારી નીપજે, જળ દેખી જીવ જાય,
ચાર દિવસ અગ્નિમાં રહે, તેનુ હેડુ વજ્ર થાય,
પણ તે ચાલી ચૌટે ચઢે, વેચાણી હાટ બજાર,
બાપે લીધી દીકરે ભોગવી, તમે પંડિત કરો વિચાર

જવાબ—ઇંટ

વગર પગે ડુંગર ચઢે, વગર મુખે ફળ ખાય,
પણ હું તને પુછુ છેલડા, એ કયુ જનાવર જાય

જવાબ—દવ–અગ્નિ.

મુખમંડન પુરૂષોત્તમ તણુ, નીગમ ન ગણે જેહ,
નાર વડે નર જાણીએ, ઉત્તર આપો તેહ

જવાબ—મુછ

નાજુક નારી પીયુ સંગે, સોતી અંગસે અંગ મીલાય,
જબ જાગે તબ જાનકે, અપના પતિકુ ખાય

જવાબ—બત્તી–દીવો

નારીમાથી નર નીપજે, અને ગગને ઉડી જાય,
આઠ મહીના નારી રહે, વળી પાછો નર થાય.

જવાબ—કોદરનો ગારો

એક નર તેને બહુ નાર, આવી રહે ઉલ્લાસે;
ભોગવે માસ બે ચાર પછી, કોઇ નાર ન રહે પાસે

જવાબ—આંબો

અતિ રંગે રૂપે ઘણી, તે સહુ હરખે ખાય,
એ સમસ્યા ચતુર નર કહે, તે ભર ચૌટે વેચાય.

જવાબ—કેરી.

નગરમા નાગી ફરે, વનમાં પહેરે ચીર,
એ ફળ તમે લાવજો, મારી સગી નણદના વીર.

જવાબ—સોપારી

પત્થર મટી થઇ પ્રેમદા, વળી ભોજન કરતા ગાય,
અરધુ અંગ ફરે કુહડી, તેનુ એઠુ જન ખાય

જવાબ—ઘટી.

અંગ કાળુ દંત ઉજળા, ચાલે ઘેમર ચાલ,
સાસુ વહુ ને દીકરી, એ ત્રણનો એક ભરથાર

જવાબ—ચુડો

બાપે જન્મી બેટડી, બેટડીએ જનમ્યો બાપ,
એ સમસ્યા કહો મારા ઠાકરા, તેમા બેટી ભલી કે બાપ

જવાબ—આંબલી

પડી પણ ભાગી નહીં, કટકા થયા બે ચાર,
વગર પાંખે ઉડી ગઈ, તમે પંડિત કરો વિચાર

જવાબ—રાત

ચતુર નર ને શામળો, વગર માર્યો રૂવે,
પણ જો તુ હોય ખરો મરદ, તો એનો અર્થ કરીને સુવે

જવાબ—મોર

જળમા બેસી ઘર કરે, વળી જળમા બેસી નહાય,
જેનું મસ્તક વાઢે નર મરે, તેની આખ ફોડે જીવ જાય.

જવાબ—શેરડી

ઉભો નર નિદ્રા કરે, તડકો ઝાકળ ખાય,
જેને મસ્તકે મોતી નીપજે, તે તો હાટો હાટ વેચાય.

જવાબ—જુવાર.

ત્રણ મુખ ને તેર પગ, વળી નરને નામે નામ,
પણ નર ઉપર નારી ચઢે, ને થાય છે તાણાતાણ

જવાબ—આગળીયો.

માથા કેરો ગોફણો, વળી હેડા કેરો હાર,
દહાડે કરૂ દીકરો, ને રાતે કરૂ ભરથાર.

જવાબ—સાડલો

સાત નર બાંધ્યા તાતણે, એવા મલી નર ચાર,
તેહ બનાવો રાયજી, તેની થઈ એક નાર

જવાબ—ચોગી

પ્રથમ અક્ષર વિણ જગ જીવાડે, વચલા અક્ષર વિણ જગને પડે,
અંત અક્ષર વિણ સહુને મીઠો, તે સ્વામી મે નયણે દીઠો

જવાબ—કાજળ.

પ્રથમ અક્ષર વિણ મીઠો લાગે, અંત અક્ષર વિણ [illegible] લાગે,
વચલા અક્ષર વિણ સુખમા જાય, તે લાવે તો પ્રભુ પમાય

જવાબ—કાગળ

ભરે ફાળ પણ મૃગ નહીં, નહીં સસલો નહિ શ્વાન,
મો ઉંચુ પણ મોર નહિ, સમજો ચતુર સુજાણ

જવાબ—દેડકો

ત્રણ અક્ષરની નાર, નગર માંહે બહુ દીસે,
વદન એક વિશાળ, ભુજ કર પાય ન દીસે,
નાટક કરે અપાર, અન્ન ખાતી ન ધરાયે
ક્યારે ન પીવે નીર, જીવ વિણ સઘળે જાયે,
તે નારીને દાખવો, અવધિ માસ ષટ જાણીએ,
તુરત કહે જે તેહની, બુદ્ધિ સર્વ વખાણીએ

જવાબ—ચાલણી

પશુ નહીં પણ ચાર પગ, એક વામો બે શિપ,
બાલક તેના પેટમા, જાતે ષટ કહીશ

જવાબ—ઘોડીયુ

પઢનો પણ પંડિત નહીં, પુર્યો પણ નહીં ચોર,
ચતુર હો તો ચેતજો, મધુરો પણ નહીં મોર

જવાબ—પોપટ

પુર્વે ક ડ નીતિ કઇ હતી ?, મોટા ભારને કોણ ધારણ કરે,
અબળાઓની ગતિ કોણ ?, અને પાંચમો લોકપાળ કોણ?

જવાબ—મહીપતિ.

રાજાઓને આશીર્વાદનું વચન શું ? શંકરના શરીરનું ભુષણ શું ?
સુખ દુઃખનો કર્ત્તા કોણ ?, સારા કૃત્યોમાં મુખ્ય શું ?
જવાબ—જીવરક્ષાવિધિ

બન્તે રતનના ભારથી જેનું શરીર દબાયેલ છે,
તથા દોરીઓ વડે બાંધેલ છે
પુરૂષના ખભા પર ચડેલી છે, પણ સ્ત્રી નથી,
તો હે નાથ ! સ્ત્રી વગર એ કોણ જાય છે
જવાબ—કાવડ

નહીં કિનારે નીપજે, ન ખાય હંસ કે સુડો,
સ્ત્રીના હાથે નોહામણો, ન હોય કંકણ કે ચુડો
જવાબ—સુખડ

ચોખડી નગરી સોળ સિપાઇ, સાત રાણી એક રાજા
જવાબ—ચોપાટ

[1]કારી પણ કારી નહીં, નહીં ભેસ કે [2]છારી,
એ જાણે ને કાન દુએ, બહુ લાજ વારી
જવાબ—ઘી પીરસવાની વાટ

નહીં વાસવો નહીં વીંજણો નહીં કારીગર સુતાર,
ઉંધે માથે ઘર ચણે, રાજા લોક કરે વિચાર
જવાબ—સુઘરી

---

1 કાળી 2 બકરી.

માથ વેતકુ પુતળુ, મુખ હોકાકા હત,
નારી સંગે નિત રમે, ચતુર વિચારો ચિત્ત
જવાબ—મુશલ-સાબેલું

કરોકડ માન બીડી, માથે ચાલે કારી કીડી,
દેશ ફરે પરદેશ ફરે, સર્વ સાથે વાતો કરે,
જવાબ—કાગળ

છાબરી તલાવળી, છોગધ પાલ,
પાણી ન મળે, પણ આરા ચાર
જવાબ—ચોપાટ

ગાય વિઆણી ગોહરે, વાછરડુ વાડા માંય,
દોનારી ઝુંલે પારણે, તેના છોરૂડા લશ્કર માંય
જવાબ—બ દુક

આગળ ન દેખુ પારધી, પાછળ ન દેખુ બાણ,
હુ પુછુ પંડિતરાજને, એના કીણ વીધ છુટયા પ્રાણ
ઉત્તર-જલ થોડુ તૃષા ઘણી, જલમા તાણાતાણ,
તું પી તુ પી એમ કહેતા, એના એણ વિધે છુટ્યા પ્રાણ
(મૃગનો ને મૃગની મોજથી મરી ગયા)

બ્રાહ્મણ કે બ્રાહ્મણ તેરી રાકમે હે [1]હામણ,
કાયમેં હે કે વા, બારમાંથી ૩૦ ગ ગ બાકી રહ્યા હેતા ?
જવાબ—બાર કલાકમાથી ત્રીશ ઘડી જતા શુન્ય રહે

---

૧ જનોઇ

અમે આવ્યા હતા, તમે ખડા હતા, તમે પેસી ગયા,
અમે બેસી ગયા, તમે નીકલ ગયા, અમે ચલ ગયા.

જવાબ—કીટી.

કેવલજ્ઞાની કેવની, દેખે ચૈદે રાજ,
જે ન દેખે કેવની, તે મે દીઠું આજ

જવાબ—સ્વપ્ન.

એક નરે નરને ગળ્યો, તેથી શોભે તન,
એ તો ઉત્તમ જન ઘણો, સમજો તમે સજ્જન.

જવાબ—જામો, ડગલો.

अपदो दूरगामी च, साक्षरो न च पंडितः;
अमुखः स्फुटवक्ता च, यो जानाति स पंडित',

जवाब—लखेल कागळ.

कृष्णमुखी न मार्जारी, द्विजिह्वा न च सर्पिणी;
पंचमर्त्री न पांचाली, यो जानाति स पंडितः

जवाब—कलम.

પુરૂષ એક ને પગ નહીં, નહીં માથું નહીં હાથ,
શીર રહે પણ આપણે, જ્યા જઈએ ત્યા સાથ

જવાબ—આકાશ.

એક અચંબા મૈં સુણ્યા કાંઇ, કુવેમે જલ રહી આગ,
કીચડ પાની જલ ગયે કાઇ, મછીયા રહે ગઇ સાફ
જવાબ—કેરી

એક અચબા મે સુણ્યા કાઇ, હાથી મલમલ નહાય,
કોટ કાંગરે પાની ચડ ગયા, ચીડીયા પ્યાસી જાય
જવાબ—આકળ

એક જનાવર એવુ, કે પુછડે પાણી પીતુ,
જવાબ—દીવાની વાટ.

આડી નાખુ, પાડી નાખુ, પાડીના પગ વાઢી નાખુ,
તોય ચાડી હુઝે
જવાબ—ચોર.

गङ्गाया दीयते दान-मेकचित्तेन भाविना ।
दातारो नरकं यान्ति, प्रतिग्राही न जीवति ॥

अस्य प्रत्युत्तरम्—

मीनो लावा गलो देय, क ये ' दाताऽत्र धीवर' ।
फल पञ्चापते तत्र, तयोरवद् विदित जने ॥

प्रास्ताविक श्लोक संग्रहः ।

चतुर्दशी-कुहू-राका—ऽष्टमीषु न पठेन्नरः ।
सूतकेऽपि तथा राहु—ग्रहणे चन्द्र-सूर्ययोः ॥ १ ॥
तथोल्कापात-निर्घात—भूमिकम्पेषु गर्जिते ।
पञ्चत्वं च प्रयातानां, बन्धूनां प्रेतकर्मणि ॥ २ ॥
अकालविद्युति भ्रष्ट—मलिना-ऽमे यत्तनिर्घो ।
श्मशाने शवगन्धे वा, नाऽजीतात्मनि चाऽशुचौ ॥ ३ ॥
चला लक्ष्मीश्चलाः प्राणा-श्चल चञ्चलयौवनम् ।
चलाचलेऽस्मिन् संसारे, धर्म एको हि निश्चलः ॥ ४ ॥
तीर्थकराणां साम्राज्यं, सपत्नीवैरमेव च ।
वासुदेव-रत्नस्नेह , सर्वेभ्योऽप्यधिक मतम् ॥ ५ ॥
रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभात
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्री ।
इत्थ विचिन्तयति पत्रगते द्विरफे,
हा ! हन्त हन्त नलिनीं गज उज्जहार ॥ ६
ते पुत्रा ये पितुर्भक्ता, मातुर्वचनकारकाः ।
कुलशीलरता नित्य, शेषा उदरकीटकाः ॥ ७ ॥

तत्त्वज्ञ न विना विद्या, तपस्या शमवर्जिता ।
तीर्थयात्रा मनःस्थैर्य—वन्ध्या वन्ध्येव कामिनी ॥ ८ ॥
गुरुष्वविनयो धर्मे, विद्वेष. स्वगुणैर्मदः ।
गुणिषु द्वेष इत्येता, पालकूटच्छटा. स्मृताः ॥ ९ ॥
उलूक-काक-मार्जार—गृध्र-शम्बर-शूकराः ।
अहि-वृश्चिक-गोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥१०॥
मृत स्वजनमात्रेऽपि, सूतक जायते किल ।
अस्त गते दिवानाथे, भोजन क्रियते कथम् ? ॥११॥
जीवन्तु मे शत्रुगणा. सदैव,
येषा प्रमादेन विचक्षणोऽहम् ।
यदा यदा मे शिथिला च बुद्धि—
स्तदा तदा ते प्रतिबोधयन्ति ॥ १२ ॥
अतिदानाद् बलिर्बद्धो, नष्टो मानात् सुयोधनः ।
विनष्टो रावणो लौल्याद्. अति सर्वत्र वर्जयेत् ॥१३॥
आदर लभते लोको, न कदापि धनवर्जित. ।
कान्तिहीनो यदा चन्द्रो, वासरे न लभेत् मयाम ॥१४॥
नाऽह काको महाराज !, हसोऽह विमले जले ।
नीचसङ्गमसङ्गेन, मृत्युरेव न सशय ॥ १५ ॥

अपरीक्षितं न कर्तव्यं, कर्तव्यं सुपरीक्षितम् ।
पश्चाद् भवति संतापो, ब्राह्मणी नकुलं यथा ॥ १६ ॥
पश्य लक्ष्मण ! पम्पायां, बकः परमधार्मिकः ।
शनैश्च मुञ्चते पादौ, जीवानामनुकम्पया ॥ १७ ॥
न जातु कामः कामाना—मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाऽभिवर्द्धते ॥ १८ ॥
त्रिभिर्वर्षैस्त्रिभिर्मासै—स्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ।
अत्युग्रपुण्य-पापाना—मिहैव लभते फलम् ॥ १९ ॥
कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥ २० ॥
यथा धेनुसहस्रेषु वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्म, कर्तारमनुगच्छति ॥ २१ ॥
प्राणान्तेऽपि न भङ्क्तव्यं, गुरुसाक्षीकृतं व्रतम् ।
व्रतभङ्गो हि दुःखाय, प्राणो जन्मनि जन्मनि ॥२२॥
विद्यारम्भे गुरुः श्रेष्ठो, बुधवारोऽथ भार्गवः ।
मध्यमौ रवि-चन्द्रौ च, शशि-भौमौ विवर्जयेत् ॥२३॥
काममाश्रित्य दुष्पूरं, दम्भ-मान-मदान्विताः ।
मोहाद् गृहीत्वाऽसद्ग्राहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥२४॥

आशापाशशतैर्बद्धाः, काम-क्रोध परायणा ।
ईहन्ते काममोगार्थं-मन्यायेनाऽर्थसंचयान् ॥ २७ ॥

अनेकचित्तविभ्रान्ता, मोहजालसमावृता ।
प्रसक्ता' कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ २८ ॥

पृथिव्यां त्रीणि रत्नानि, जलमन्न सुभाषितम् ।
मूढै पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते ॥ २९ ॥

दानेन प्राप्यते लक्ष्मी', शीलेन प्राप्यते यश' ।
तपसा क्षीयते कर्म भावेन मोक्षमाप्नुयात् ॥ ३० ॥

राज्य दत्त धन दत्त, सत्य शील न खण्डितम् ।
हरिश्चन्द्रसमस्त्यागी, न भूतो न भविष्यति ॥ ३१ ॥

कुद्दालेन विदारिता वसुमती पश्चात् खरारोहण,
तत्रापिद्रुतकाष्ठपादहनन दण्डेन चक्रभ्रमम् ।
रज्ज्वा छेदनताडन च दहनमेतद् विभाड मया–
ग्राम्यस्त्रीकरटङ्कण बहु कृत ततो हि दु ख महत् ॥३२॥

वैर-वैश्वानर-व्याधि—वाद्-व्यसनलक्षणा ।
महाऽनर्थाय जायन्ते, वकारा पञ्च वर्जिता ॥ ३३ ॥

एको ध्यानमुभौ पाठ, त्रयो गीत चतुष्पथम् ।
पञ्च सप्त कृषि कुर्यु, संग्रामो बहुभिर्जनै. ॥ ३४ ॥

ब्राह्मणा भोजने हृष्टा, मयूरा घनगर्जितैः ।
साधवः परकल्याणे, खलाश्च परपीडने ॥ ३५ ॥
वामदेवेन मित्रेण, रूपदेवो वनान्तरे ।
घोरनिद्रान्तरे प्राप्ते, लक्षलोभेन मारितः ॥ ३६ ॥
अधः पश्यसि किं बाले !, गतं किं तव मौक्तिकम् ? ।
रे नीच ! किं न जानासि, गतं तारुण्यमौक्तिकम् ॥३७॥
ममाऽर्हन्नेव देवश्चेद्, गुरवश्चेत् सुमाधवः ।
रतिश्चेज्जैनधर्मे च, हताशा भवराक्षसी ॥ ३८ ॥
सा विद्या या मदं हन्ति, सा श्रीर्याऽर्थिषु दीयते ।
धर्मानुसारिणी या च, सा बुद्धिरभिधीयते ॥ ३९ ॥
अनुचितकर्मारम्भः, स्वजनविरोधो बलीयसा स्पर्धा ।
प्रमदाजनविश्वासो, मृत्योर्द्वाराणि चत्वारि ॥ ४० ॥
विग्रहमिच्छन्ति भटा, वैद्याश्च व्याधिपीडितं लोकम् ।
मृतकबहुलं च विप्रा, क्षेमं सुभिक्षं च निर्ग्रन्थाः ॥४१॥
आनन्दाश्रूणि रोमाञ्चो, बहुमानं प्रियं वचः ।
किञ्चाऽनुमोदना पात्र—दानभूषणपञ्चकम् ॥४२॥
अनादरो विलम्बश्च, वैमुख्यं विप्रियं वचः ।
पश्चात्तापश्च पश्चाऽपि, सद् न दूषयन्त्यमी ॥ ४३ ॥

दन्तैर्जल्पितमेकदा तु रसना चापल्यमाले ! जहि,
द्वात्रिंशत्तमव यत्स्तव सुना कर्तुं समीक्षामहे ।
चाह तद् रदनाः सदैकसदना जानेऽथ वै बन्धुतां,
नो चेद् वाकटुभापणेन भवतामास्ये निवासः कुतः ? ॥४४॥

अर्थातुराणां न पिता न पुत्रः,
कामातुराणां न भयं न लज्जा ।
चिन्तातुराणां न सुखं न निद्रा,
क्षुधातुराणां न बलं न तेजः ॥ ४५ ॥

बलं मूर्खस्य मानत्वं, तस्करस्याऽनृतं बलम् ।
अबलस्य बलं राजा स्त्रीणां च रुदितं बलम् ॥ ४६ ॥

लोकः पृच्छति मे वार्तां, शरीरे कुशलं तव ।
कुतः कुशलमस्माकं—मायुर्याति दिने दिने ॥ ४७ ॥

मसक्षच द्राजर्षे—मैन पसर—सवरौ ।
नरकस्य शिरस्वापि, हेतुभूतौ क्षणादपि ॥ ४८ ॥

नीचैर्गोत्रं वीरे, मल्लौ स्त्रीत्वं मवासिता पाण्ड्ये ।
कृष्णे च सर्वनाशो, मेतार्ये जातिहीनत्वम् ॥ ४९ ॥

हरणं जनकसुतायाः, निपादसेवाऽसुखं हरिश्चन्द्रे ।
स्त्रीहरणं नलभूपे, विक्रयो मलयसुन्दर्याः ॥ ५० ॥

उत्थायोत्थाय चिन्त्य हि, किमद्य सुकृतं कृतम् ।
आयुष्यखण्डमादाय, सूर्योऽस्तमय गतः ॥ ५१ ॥
जरायष्टिप्रहारेण, कुब्जीभूतो हि मानवः ।
गतं माणिक्यतारुण्य, निरीक्षेत पदे पदे ॥ ५२ ॥
दुर्जनसङ्गदोषेण, साधवो यान्ति विक्रियाम् ।
एकरात्रिप्रसङ्गेन, काष्ठ घण्टाविडम्बनाम् ॥ ५३ ॥
वलिभिर्मुखमाक्रान्तं, पलिभिरङ्कितं शिरः ।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥ ५४ ॥
मृगमीनसज्जनानां, तृणजलसन्तोषविहितवृत्तीनाम् ।
लुब्धकधीवरपिशुना निष्कारणवैरिणो जगति ॥ ५५ ॥
कुलं रूप कलाभ्यासः, विद्या लक्ष्मीर्वराङ्गना ।
ऐश्वर्यं सप्रभुत्वं च, धर्मेणैव प्रजायते ॥ ५६ ॥
आज्ञाभङ्गो नरेन्द्राणां, गुरूणा मानमर्दनम् ।
भर्तृकोपश्च नारीणा—मशस्त्रो वध उच्यते ॥ ५७ ॥
उद्यमः खलु कर्तव्य', फल मार्जारवद् भवेत् ।
जन्मप्रभृति गौर्नास्ति, पयः पिबति नित्यशः ॥५८॥
उद्यमे नास्ति दारिद्र्य जपतो नास्ति पातकम् ।
मौनेन कलहो नास्ति, नास्ति जागरतो भयम् ॥५९॥

कोऽतिभारः समर्थानां, किं दूरं व्यवसायिनाम् ।
को विदेशः सुविद्यानां, कः परः प्रियवादिनाम् ॥६०॥
मित्रद्रोही कृतघ्नश्च, स्तेही विश्वासघातकः ।
ते नरा नरकं यान्ति, यावच्चन्द्र-दिवाकरौ ॥ ६१ ॥
जले तैलं खले गुह्यं, पात्रे दानं मनागपि ।
प्राज्ञे शास्त्रं स्वयं याति, विस्तारं वस्तुशक्तितः ॥६२॥
सुपात्रदानेन भवेद्धनाढ्यो,
धनप्रयोगेण करोति पुण्यम् ।
पुण्यप्रभावेण जयेच्च स्वर्गं,
स्वर्गे सुखानि प्रगुणीभवन्ति ॥ ६३ ॥
यथोपरक्षितौ धान्यं, न स्याद् वृष्टेऽपि नीरदे ।
बोधो न स्यादभव्यानां, जिनदेशनया तथा ॥ ६४ ॥
सामग्र्यभावेऽपि खलु, व्यसनेऽपि सुरेऽपि तथा कुसङ्गेऽपि ।
यस्य न हीयते धर्मो, निश्चयतो जानीहि त श्राद्धम् ॥६५॥
शृङ्गी कृपणानां, लक्ष्मीर्व्यवहारिणां नगरवासी ।
व्यापारिणां च सरसी, तरङ्गिणीव क्षितीशानाम् ॥६६॥
नाऽस्ये सर्पस्य रुधिरं, न च दष्टकलेवरे ।
न प्रजासु न भूपाले, धनं दुरधिकारिणि ॥ ६७ ॥

सत्यं मित्रैः प्रियं स्त्रीभिः, असत्यं द्विषता सह ।
सत्यं प्रियं च पथ्यं च, वक्तव्यं स्वामिना समम् ॥ ६८॥

नाकारेणोच्यते पापं, रकारस्त्राणवाचकः ।
अक्षरद्वयसंयोगे, पात्रमाहुर्मनस्विनः ॥ ६९ ॥

देशाधीशो ग्राममेकं ददाति,
ग्रामाधीशः क्षेत्रमेकं ददाति ।
क्षेत्राधीशः प्रस्थमेकं प्रदत्ते,
नन्दस्तुष्टो हस्ततालीं ददाति ॥ ७० ॥

न निमित्तद्विषा क्षेमो, न चाऽऽयुर्वैद्यकद्विषाम् ।
न श्रीर्नीतिद्विषां धर्म-द्विषामेतत् त्रयं तु न ॥ ७१ ॥

वपुर्वचनवस्त्राणि विद्या वैभवमेव च ।
वकारैः पञ्चभिर्हीनो, नरो नाऽर्हति गौरवम् ॥ ७२ ॥

धन-कण-काञ्चन-परिजन-तनुरूपाद्येषु पञ्चधा लक्ष्मीः ।
सैव गज-भूमिसहिता, सप्ताङ्गा भूभुजां भवति ॥७३॥

ताम्बूलं सूक्ष्मवस्त्राणि, स्त्रीकथेन्द्रियपोषणम् ।
दिवा निद्रा सदा क्रोधो, यतीनां पतनानि षट् ॥७४॥

लज्जा कुलोद्योतकरी, लज्जा सौभाग्यकारिणी ।
लज्जा धर्मतरोर्मूलं, लज्जाऽन्या पापकर्मणि ॥ ७५ ॥

चतुर्दशाऽप्यमून् स्वप्नान्, या पश्येत् किंचिदस्फुटान् ।
सा प्रभो ! प्रमदा सूते, नन्दन चक्रवर्तिनम् ॥ ७६ ॥
मन सदृणु हे विद्व-असदृत्तमना यतः ।
याति तन्दुलमत्स्यो द्राक्, सप्तमीं नरकावनीम् ॥७७॥
गतो बहुतर' काल', स्वल्पा विद्यते शर्वरी ।
द्विमुहूर्तमसद्गेन, रज्यता चित्त ! रज्यताम् ॥ ७८ ॥
विद्या-बले उभौ पक्षौ, नृपक्षिणा प्रकीर्तितौ ।
एकेन विहीन खञ्जो, द्वाभ्या पङ्गुरिति स्मृत. ॥७९॥
वर कारागृहक्षिप्तो, वर देशान्तरभ्रमी ।
वर नरकसचारी, न द्विभार्य पुन. पुमान् ॥ ८० ॥
येषा न विद्या न तपो न दान,
ज्ञान न शील न गुणो न धर्म ।
ते मर्त्यलोके भूमिभारभूता,
मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ ८१ ॥
सद्विद्या यदि का चिन्ता, वराकोदरपूरणे ।
शुको प्यशनमाप्नोति, भगवानिति च ब्रुवन् ॥ ८२ ॥
गुणा' सर्वत्र पूज्यन्ते, पितवशो निरर्थक ।
वासुदेव नमस्यन्ति, वसुदेव न ते नराः ॥ ८३ ॥

महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोप-देशका गुरवो मताः ॥ ८४ ॥

मुख पद्मदलाकार, वाचा चन्दनशीतला ।
हृदये कर्तनीयुक्तं, त्रिविध धूर्तलक्षणम् ॥ ८५ ॥

नराणा नापितो धूर्तः, स्त्रीणा च वनमालिनी ।
पक्षिणां वायसो धूर्तः, पशूनां च शृगालकः ॥ ८६ ॥

याचको वञ्चको व्याधिः, पञ्चत्वं मर्मभाषकः ।
योगिनामप्यमी पञ्च, मायेणोद्वेगहेतवः ॥ ८७ ॥

मार्कण्डपुराणे—

अस्त गते दिवानाथे, तोयं रुधिरमुच्यते ।
अन्न मांससम प्रोक्त, मार्कण्डेन महर्षिणा ॥ ८८ ॥

महाभारते—

पुत्रमांसं वर भुक्तं, न तु मूलकभक्षणम् ।
भक्षणान्नरके गच्छेद्, वर्जनात् स्वर्गतिर्भवेत् ॥ ८९ ॥

सप्तग्रामे च यत् पाप—मग्निना भस्मसात्कृते ।
तत्पाप जायते तस्य, मधुबिन्दुप्रभक्षणात् ॥ ९० ॥

विष्णुपुराणे—

ग्रामाणां सप्तके दग्धे, यत्पापं जायते किल ।
तत्पापं जायते पार्थ !, जलस्याऽगलिते घटे ॥ ९१ ॥

पद्मपुराणे—

गोरसं मासमध्ये तु मुद्गादिकं तथैव च ।
भक्ष्यमाणं भवेन्नून, मांसतुल्यं युधिष्ठिर ! ॥ ९२ ॥

नगरपुराणे—

दशभिर्भोजितैर्विप्रै—र्यत्फलं जायते कृते ।
मुनेरर्हन्तभक्तस्य, तत्फलं जायते कलौ ॥ ९३ ॥

महाभारतग्रन्थे—

आरोह स्वरथं पार्थ !, गाण्डीवं च करे कुरु ।
निर्जितां मेदिनीं मन्ये, निर्ग्रन्था यदि सम्मुखे ॥ ९४ ॥

शिवपुराणे—

अष्टषष्टिषु तीर्थेषु यात्रायां यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य, स्मरणेनापि तद् भवेत् ॥ ९५ ॥

कुग्रामवासः कुनरेन्द्रसेवा,
कुभोजनं क्रोधमुखी च भार्या ।

कन्याबहुत्वं च दरिद्रता च,
षड् जीवलोके नरकाणि सन्ति ॥ ९६ ॥
अभ्यासकारिणी विद्या, बुद्धिः कर्मानुसारिणी ।
दानानुसारिणी कीर्ति—र्लक्ष्मीः पुण्यानुसारिणी ॥९७॥
सत्यं नास्ति तपो नास्ति, नास्ति चेन्द्रियनिग्रहः ।
सर्वभूतदया नास्ति, एतच्चाण्डाललक्षणम् ॥ ९८ ॥
कीटिकासञ्चितं धान्यं मक्षिकासञ्चितं मधु ।
कृपणेनार्जिता लक्ष्मी—रन्यैश्च परिभुज्यते ॥ ९९ ॥
द्यूतं च मांसं च सुरा च वेश्या,
पापर्द्धि-चौर्ये परदारसेवा ।
एतानि सप्त व्यसनानि लोके
घोरातिघोरं नरकं नयन्ति ॥ १०० ॥
वेश्याऽनलो यमो राजा, समुद्र उदरं गृहम् ।
सप्तैतानि न पूर्यन्ते, पूर्यमाणानि नित्यशः ॥१०१॥
कुमन्त्रैः पच्यते राजा, फलं कालेन पच्यते ।
लवणैः पच्यते वारः, पापी पापेन पच्यते ॥ १०२ ॥
गीतनादविनोदेन, कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणां, निद्रया कलहेन वा ॥१०३॥

आचारः कुलमाख्याति, देशमाख्याति भाषणम् ।
संभ्रमः स्नेहमाख्याति, रूपमाख्याति भोजनम् ॥१०४॥

धर्मनिन्दी पङ्क्तिभेदी, निद्राच्छेदी निरर्थकः ।
कथाभङ्गी गुणद्वेषी, पञ्चैते परमाधमाः ॥१०५॥

अन्धं कुब्जत्वयुक्तं च, कुष्ठाङ्गं व्याधिपीडितम् ।
आपद्गतं निजं नाथं, न त्यजेत् सा महासती ॥१०६॥

वरं मृत्युर्न शीलस्य, भङ्गो येनाऽक्षतव्रतः ।
देवत्वं लभते याति नरकं तु क्षतव्रतः ॥ १०७ ॥

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो
वयमिह तदभावाद् गालिदानेऽसमर्थाः ।
जगति विदितमेतद् दीयते विद्यमानं,
न तु शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥१०८॥

इहाऽमुत्र च वैराय दुर्वाचो नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धा पुनर्न हि ॥१०९॥

गते शोको न कर्तव्यो, भविष्यं नैव चिन्तयेत् ।
वर्तमानेन योगेन वर्तन्ते हि विचक्षणाः ॥११०॥

आपदि मित्रपरीक्षा शूरपरीक्षा रणाङ्गणे भाति ।
विनये वंशपरीक्षा स्त्रियः परीक्षा तु निर्धने पुंसि ॥१११॥

सरस्वति महाभागे !, वरदे शुक्ररूपिणि ! ।
विश्वरूपे विशालाक्षि !, देहि विद्यां परेश्वरि ! ॥ ११२

सरस्वती मया दृष्टा, वीणा-पुस्तकधारिणी ।
हंसवाहनसंयुक्ता, विद्यादानवरप्रदा ॥ ११३ ॥

एकाक्षरप्रदातारं, यो गुरुं नैव मन्यते ।
श्वानयोनिशतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥ ११४

क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥ ११५ ॥

उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।
न हि सिंहस्य सुप्तस्य, प्रविशन्ति मुखे मृगाः ॥११

उत्तमा आत्मचिन्ता च, मोहचिन्ता च मध्यमा ।
अधमा कामचिन्ता च, परचिन्ताऽधमाधमा ॥ ११७

लक्षदोषान् परित्यज्य, गुणान् गृह्णन्ति सज्जनाः ।
लक्षगुणान् परित्यज्य, दोषान् गृह्णन्ति दुर्जनाः ॥१

अबला यत्र प्रबला, बालो राजा निरक्षरो मन्त्री ।
नहि नहि तत्र धनाशा,
जीविताशाऽपि दुर्लभा भवति ॥ ११९ ॥

कृते भविकृत कुर्या—दादर मति स्वादरम् ।
त्वया मे लुञ्चिना' पिच्छा, मया ते मुण्डित शिरः ॥११०॥
तपस्तीव्रतरट्टोऽय, क्षमाकर्करिकान्वित ।
धृतिहस्तो मनःकील, कर्मधान्यानि चूरयेत् ॥ १२१ ॥
यस्मात् सस्कृत धान्य, मध्याह्ने तद् विनश्यति ।
तदीयरसनिष्पन्ने, काये का नाम सारता ? ॥ १२२ ॥
सुभगो दुर्भगः श्रीमान्, रूपवान् रूपवर्जितः ।
स एव सेवक' स्वामी, नरो नारी नपुसक ॥ १२३ ॥
ससारी कर्मसबन्धाद्, नटवत् परिभ्राम्यति ।
अनन्तकालपर्यन्त, जी' ससारवर्त्मनि ॥ १२४ ॥
कुठारमालिकां दृष्ट्वा, कम्पिता' सकला द्रुमा' ।
वृद्धस्तरुरुवाचेद, स्वजातिर्नैव दृश्यते ॥१२५॥
मद्यपानाद् यथा जीवो, न जानाति हिताऽहिते ।
धर्माधर्मौ न जानाति, तथा मिथ्यात्वमोहित' ॥१२६॥
तानीन्द्रियाणि सकलानि तदेव कर्म,
सा बुद्धिरप्रतिहता वचन तदेव ।
अर्थोष्मणा विरहित' पुरुष स एव,
अन्य क्षणेन भवतीति विचित्रमेतत् ॥१२७॥

प्रायश्चित्तेन दण्डेन, वेश्याभवनभारतः ।
अग्नि-तस्करयोगेण, धनं गच्छति पापिनः ॥१२८॥
सुपात्रे तीर्थयात्रायां, कन्यादाननिमित्तके ।
सारासारविचारे च, धनं गच्छति धर्मिणः ॥१२९॥
लालने बहवो दोषा—स्ताडने बहवो गुणाः ।
तस्मात् पुत्रं च शिष्यं च, ताडयेन्न तु लालयेत् ॥१३०॥
शतेषु जायते शूरः, सहस्रेषु च पण्डितः ।
वक्ता दशसहस्रेषु, दाता भवति वा नवा ॥ १३१ ॥
दातारं कृपणं मन्ये, मृतोऽप्यर्थं न मुञ्चति ।
अदाता हि धनत्यागी, धनं दित्वा हि गच्छति ॥१३२॥
मातरं पितरं पुत्रं, भ्रातरं वा सुहृत्तमम् ।
लोभाविष्टो नरो हन्ति, स्वामिनं वा सहोदरम् ॥१३३॥
वैद्यराज नमस्तुभ्यं, यमराजसहोदर ।।
यमस्तु हरति प्राणान्, वैद्यः प्राणान् धनानि च ॥१३४॥
शुनः पुच्छमिव व्यर्थं, जीवितं विद्यया विना ।
न गुह्यगोपने शक्तं, न च दंशनिवारणे ॥ १३५ ॥
अपूर्वः कोऽपि कोशोऽयं, विद्यते तव भारति ।।
व्ययतो वृद्धिमायाति, क्षयमायाति संचयात् ॥१३६॥

न यस्य मित्रं न च कोऽपि शत्रु—
निजः परो वाऽपि न कश्चनास्ते ।
न चेन्द्रियार्थेषु रमेत चेतः,
कषायमुक्तः परमः स योगी ॥१३७॥

दाक्षिण्य-लज्जे गुरु-देवपूजा,
पित्रादिभक्तिः सुकृताभिलाषः ।
परोपकारो व्यवहारशुद्धि—
र्नृणामिहाऽमुत्र च सम्पदे स्युः ॥१३८॥

क्षुद्रो लोभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्या-न्निष्फलारम्भसंगतः ॥१३९॥

यदीच्छसि वशीकर्तुं, जगदेकेन कर्मणा ।
परापवादसस्येभ्यो, गां चरन्तीं निवारय ॥१४०॥

माता यदि विषं दद्याद्, विक्रीणाति पिता सुतम् ।
राजा हरति सर्वस्वं, का तत्र परिदेवना ? ॥१४१॥

श्रुत्वा धर्मं विजानाति, श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षं च विन्दति ॥१४२॥

इच्छेच्चेद् विपुलां मैत्रीं, त्रीणि तत्र न कारयेत् ।
वाग्वादमर्थसम्बन्धं, तत्पत्नीपरिभाषणम् ॥१४३॥

अभ्रच्छाया तृणाग्निश्च, खलप्रीतिः स्थले जलम् ।
वेश्य सक्तिः कुमित्रं च, षडेते बुद्बुदोपमाः ॥ १४४ ॥
सन्तोषस्त्रिषु कर्तव्यः, स्वदारे भोजने धने।
त्रिषु चैव न कर्तव्यो, दाने तपसि पावने ॥१४५॥
जलमग्निर्विषं शस्त्रं, क्षुद् व्याधिः पतनं गिरेः ।
निमित्तं किञ्चिदासाद्य, देही प्राणान् विमुञ्चति ॥१४६॥
अन्यायोपार्जितं द्रव्यं, दश वर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे, समूलं तद्विनश्यति ॥ १४७ ॥
क्षमातुल्यं तपो नास्ति, न संतोषात् परं सुखम् ॥
न च तृष्णापरो व्याधि—र्न च धर्मो दयापरः ॥१४८॥
सच्छिद्रनिकटे वासो, न कर्तव्यः कदाचन ।
घटी पिबति पानीयं, ताड्यते झल्लरी यथा ॥ १४९ ॥
स्वाधीनेऽपि कलत्रे, नीचः परदारलम्पटो भवति ।
सम्पूर्णेऽपि तटाके, काकः कुम्भोदकं पिबति ॥ १५० ॥
निर्वीजा पृथिवी गतौषधिरसा, विप्रा विकर्मस्थिताः
राजानोऽर्थपराः कुधर्मनिरता, नीचा महत्त्वं गताः ।
भार्या भर्तृषु वञ्चनैकहृदयाः, पुत्राः पितृद्वेषिणः
इत्येवं समुपागते [illegible], धन्यः स्थितिं नो त्यजेत् ॥१५१

बन्धुर्वैरिजनायते गुणवती कान्ताऽपि सर्पायते,
मित्रं चाऽपि खलायते गुणनिधिः पुत्रोऽप्यमित्रायते,
श्रीखण्डं दहनायते भवणयोः सूक्तं च शूलायते ।
जाते पुण्यविपर्यये तनुभृतामर्थोऽप्यनर्थायते ॥ १५२ ॥

न सद्वाक्यात्परं वश्यं, न फलात्परं धनम् ।
नाऽहिंसायाः परो धर्मो, न सन्तोषात्परं सुखम् ॥ १५३ ॥

मनो-वचन-कायाश्च, वर्तन्ते यस्य निर्मलाः ।
संसारं स समुत्तीर्य, परगामी भवत्यलम् ॥ १५४ ॥

ते पुत्रा ये पितुर्भक्ताः, स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः, सा भार्या यत्र निर्वृतिः ॥ १५५ ॥

एकेनापि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयम् ।
सहैव दशभिः पुत्रैः-भारं वहति गर्दभी ॥ १५६ ॥

किं जातैर्बहुभिः पुत्रैः, शोक-सन्तापकारकैः ।
वरमेकः कुलालम्बी, यत्र विश्राम्यते कुलम् ॥१५७॥

न्यायार्जितधनस्तत्त्व—ज्ञाननिष्ठोऽतिथिप्रियः ।
श्राद्धवित् सत्यवादी च, गृहस्थोऽपि विमुच्यते ॥१५८॥

काकः कृष्णः पिकः कृष्णः, को भेदः काक-पिकयोः ? ।
वसन्तकाले सम्प्राप्ते, काकः काकः पिकः पिकः ॥१५९॥

उद्याने मद्यपाने परगृहगमने गीतहास्ये च नृत्ये,
चापल्ये चातिरोषेऽप्यतिसुखविसुखे ग्रामयानेऽपुराणे।
पत्यौ जारे च बाले जनकगृहगते धीमति वर्तमाना,
देवानां जागरे वा पतति कुलवधूः शुद्धवंशोपजाता ॥१६०॥

मारितो वल्लभो जातः, पिता पुत्रेण भक्षितः।
जननी ताड्यते सेयम, अहो मोहविजृम्भितम् ॥१६१॥

मिथ्यादृष्टिसहस्रेषु, वरमेको ह्यणुव्रती।
अणुव्रतिसहस्रेषु, वरमेको महाव्रती ॥१६२॥

महाव्रतिसहस्रेषु, वरमेको हि तात्त्विकः।
तात्त्विकस्य सम पात्रं, न भूतं न भविष्यति ॥१६३॥

भिक्षान्नं तदपि नीरसमेकवारं,
शय्या च भूः परिजनो निजदेहमात्रः।
वस्त्रं च जीर्णशतखण्डमयी हि कन्था,
हा हा! तथापि विषया न परित्यजन्ति ॥१६४॥

दर्शने हरते चित्त, स्पर्शने हरते बलम्।
संगमे हरते वीर्यं, नारी प्रत्यक्षराक्षसी ॥१६५॥

भौमे मंगल हृद्दीनामकरणे, भद्रा कणानां क्षये,
वृद्धिः शीतलका च दुष्टपिटके, राजा रजःपर्वणि।

मिष्टं च लवणे विषे मधुरता, दग्धे गृहे शीतलं,
पात्रत्वं च धनादूनाच्च गदितं.
तास्मा पर नायंरय ॥ १६६ ॥

जं किंचि जडइ मणे, त सब्ब होइ तप्पभावेण ।
इट्टेण सम जोगो, हवइ विओगो अणिट्ठेण ॥ १६७ ॥

जरा जाव न पीडइ, वाही जाव न वड्ढई ।
जाव इंदिया य न हायन्ति, ताव धम्म समायरे ॥१६८॥

तवसंजमदाणरओ, पयइए भद्दो किवालू अ ।
गुरुवयणरओ निच्च, मरिय देवत्तु जाएइ ॥ ॥१६९॥

जय चरे जय चिट्ठे जयमासे जय सुए ।
जय भुंजतो भासंतो, पाव कम्म न बंधइ ॥ १७० ॥

आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभ ।
संकाए सम्मत्त, पव्वज्जा अत्थगहणेण ॥ १७१ ॥

अनंता पावरासीओ, जया उदयमागया ।
तया इत्थित्तण पत्त, सम्म जाणाहि गोयमा ! ॥ १७२ ॥

उच्छिट्ठं असुद्दरस, भत्तं वहं पाणगं च जो देइ ।
साहूण जाणमाणो, भत्तम्मि निमज्जए तस्स ॥ १७३

રક્ત કર્દ ગોમાસ સમાન, એહવુ બોલે પ્રૌઢ પુરાણ,
વિપ્ર સઘળી દે સઘલુ કામ, શીયલ તણુ નવ જાણે નામ ૧.
પીલુ બોર સમાન પૃથ્વી, પારેવા સમ થાય,
સર્વજ્ઞ ભાખે સુણો પ્રાણી, જબુદ્વીપ ન માય ૨.
બિંદુ એકે ઉદક માહે, કહે જિન જીવ જાય,
સરસવ સમ જો તેહ થાય, લાખ જોયણ ન માય ૩
ખરટી તદુલ સમો અગ્નિ, તેહ માહે જે જીવ,
ખસખસ સમ જો તેહ થાય, જબુદ્વીપ ન માય ૪
લિબપત્ર હાલતા જે જીવ, વાયુકાય હણાય,
લિખ સરીખા તેહ થાય, જબુદ્વીપ ન માય ૫
દીઠા જતી નહુ તીવલથા, જેમ ગીરીની ઝરણાએ;
લહુ અલગે જીવ ધમ્મ કર, સુવે નિચિંત કાઈ ૬

અચિત્ત પાણીનો કાળ

અસાડ શુદી ૧૫ થી કાર્તિક શુદી ૧૪ સુધી ચુલાથી ઉતર્યા પછી ત્રણ પહોરનો, કાર્તિક શુદી ૧૫ થી ફાગણ શુદી ૧૪ સુધી ચાર પહોરનો, ફાગણ શુદી ૧૫ થી અસાડ શુદી ૧૪ સુધી પાચ પહોરનો, એ ઉપરાંત અચિત્ત પાણી પાછુ સચિત્ત થઈ જાય અચિત્ત પાણીની અદર કળીચુનો નાખવો, જેથી ૨૪ પહોર સુધી અચિત્ત રહે, પણ જો કળી-

ચુનો નાખવો ભુલી જાય, અને કાળ વ્યતીત થાય તો આલો-ચણ આવે

વિદલ

મગ, મઠ, ચોળા, ચણા, તુવેર, ગુવાર, મેથી, કળથી, વટાણા, અડદ, વાલ, વગેરે જેની દાલ થતી હોય તેવાં ધાન્યોનુ શાક વિગેરે કાચી છાશ દહીં કે દૂધમા નાખવાથી તત્કાલ બેઈંદ્રિય જીવો ઉપજે છે, પણ છાશ, દહીં કે દૂધ ઉના કરીને તેની સાથે ઉપરની વસ્તુઓ ખાવામા આવે તો દોષ નથી.

સુખડીનો કાળ.

પકવાન્ન શીયાળામાં એક માસ સુધી ખપે, ઉનાળામાં વીશ દિવસનો કાળ, અને ચોમાસામા પદર દિવસ સુધી ખપે, એ ઉપરાત વખત જાય તો અભક્ષ્ય ગણાય છે, માટે કાળ ઉપરાંત ખાવુ નહીં



સામાન્ય શકુનો

૧. જિનમંદિરનો બંધાવનાર માણસ જો લંપટ ગુરૂને હાથે પ્રતિષ્ઠા કરાવે તો સંઘને મોટો ભય થાય.

૨ જિનમંદિરના શિખરમાં જો ઘુવડપક્ષી વાસ કરીને રહે, તો ૭ વરસ સુધી વૃષ્ટિજ થાય નહીં

૩ જે માણસને હાથે જિનપ્રતિમાનું મસ્તક છેદાઈ જાય, તે માણસ નિર્ધન થઇ અઢાર માસની અંદર વ્યાધિથી મૃત્યુ પામે

૪ સ્મશાન ભુમિમાં અથવા આકાશમાં જો મસ્તક વિનાનો પુરૂષ ફરતો દેખાય તો ભયંકર મરકી ફાટી નીકળે

૫ જિનપ્રતિમાના મસ્તક પર ધરેલો મુગટ જો પડી જાય તો રાજાનો નાશ થાય.

૬ વિજાતીય પશુ પક્ષીઓ જો વિજાતીય પશુ પક્ષીઓની સાથે મૈથુન કરતા દેખાય તો સર્વ પાકનો વિનાશ થઇ ઘણા મનુષ્યોનો સંહાર થઈ જાય

૭ ચંદ્રના બિંબમાં જો ધનુષ્ય ચડાવેલા મનુષ્યનું ચિત્ર માલુમ પડે તો મોટો ભયંકર રણસંગ્રામ થાય

૮ દગ્ધ થયેલા વૃક્ષ ઉપર જો પત્ર પુષ્પો ઉગતાં જણાય તો ઘણા પક્ષીઓનો વિનાશ થાય

૯ કોઇ પણ દેવની પ્રતિમા જો આસન પરથી ખસી જાય તો તે નગરના લોકો નિર્ધન થતા જાય

૧૦ જો જિનપ્રતિમાના મુખમાથી ધુમાડા નીકળતા માલુમ પડે તો છ માસની અદર તે નગરનો અગ્નિથી વિનાશ થઈ જાય

૧૧ ગામ જતા રસ્તામાં રમતો કુતરો દેખીએ તો લાભ થાય

૧૨ બહારે ગામ જતા કુતરો કાન ફફડાવે તો ગામ જવુ બધ કરવુ

૧૩ ગામ જતા, કુતરો ખાટલા ઉપર સુતેલો ભાળીએ તો બહાર ગામ ન જવુ

૧૪ જો કુતરો પોતાનુ અગ ભીંત સાથે ઘસતો હોય, અથવા આળોટતો હોય તો બહાર ગામ જવાથી ઘણો લાભ થાય

૧૫ બહાર ગામ જતા કુતરાનુ ટોળુ સામુ મળે તો જે ગામ જવાનુ હોય તે ગામમા કોઈ ભારે અનિષ્ટ આવી પડે, અથવા તો તે ગામના સારા માણસનુ મૃત્યુ થાય.

૧૬ ગામ જતી વખતે કુતરાને રતિક્રીડા કરતો દેખીએ તો તે અનિષ્ટ ગણાય

૧૭ ગામ જતા કુતરાને જમીન સુંઘતો ભાળીએ તો મોટી આપત્તિની આશંકા રખાય

૧૮ બહાર ગામ જતા સામે કુતરો આવી મળે તો ચિંતવેલ કામ ઘણી સારી રીતે પાર પડે

૧૯ ગામ જતા કાદવથી ખરડાયેલો કુતરો સામે મળે તો દુખકારક જાણવો

૨૦ પ્રયાણ વખતે જો રાજાના વાહન કે વસ્ત્ર ઉપર કુતરો વિષ્ટા-મુત્ર કરે તો રાજાનો વધ થાય

૨૧ પ્રયાણ સમયે જો કુતરો ભુમિમા અનાજ કે પકવાન્ન દાટતો માલુમ પડે તો જવાનુ બંધ રાખવુ

૨૨ પ્રયાણ વખતે ઉંદર, નોળીયો, કુતરો, કુક્કર ડાબી બાજુથી આડા ઉતરી જમણી બાજુ જાય તો સંકટ આવે

૨૩ બગલા બોલતા ઉચા (૮) (ઉડતા ?) જણાય તો સારા
૨૪. કુકડો ડાબો બોલે તો સારો

દિશાશુળ ડાબી ભલી, જોગણ ભલી જો પુઠ,
જો ચંદ્રમા સન્મુખ હુવે, તો લાવે લંકા લુંટ ૧
ચલતા પુઠે જીમણો, ડાબો ગામ પ્રવેશ,
ઈણ પરે સુરજ લીજીએ, ભાગે કોડ કલેશ ૨
સનમુખ ધનકા લાભ હે, દક્ષિણ સુખ પૈછાન,
પુઠ ચંદ્ર મરણો હુવે, ડાબો ધનક્ષય જાન ૩

૮ ઠગ્ધ થયેલા વૃક્ષ ઉપર જો પત્ર પુષ્પો ઉગતા જણાય તો ઘણા પક્ષીઓનો વિનાશ થાય

૯ કોઇ પણ દેવની પ્રતિમા જો આસન પરથી ખસી જાય તો તે નગરના લોકો નિર્ધન થતા જાય

૧૦ જો જિનપ્રતિમાના મુખમાંથી ધુમાડા નીકળતા માલુમ પડે તો છ માસની અંદર તે નગરનો અગ્નિથી વિનાશ થઈ જાય

૧૧ ગામ જતા રસ્તામાં રમતો કુતરો દેખીએ તો લાભ થાય

૧૨ બહાર ગામ જતા કુતરો કાન ફફડાવે તો ગામ જવુ બંધ કરવુ

૧૩ ગામ જતા, કુતરો ખાટલા ઉપર સુતેલો ભાળીએ તો બહાર ગામ ન જવુ

૧૪ જો કુતરો પોતાનુ અંગ ભીંત સાથે ઘસતો હોય, અથવા આળોટતો હોય તો બહાર ગામ જવાથી ઘણો લાભ થાય

૧૫ બહાર ગામ જતા કુતરાનુ ટોળુ સામુ મળે તો જે ગામ જવાનુ હોય તે ગામમા કોઈ ભારે અનિષ્ટ આવી પડે, અથવા તો તે ગામના સારા માણસનુ મૃત્યુ થાય.

૧૬ ગામ જતી વખતે કુતરાને રતિક્રીડા કરતો દેખીએ તો તે અનિષ્ટ ગણાય

१७ ગામ જતા કુતરાને જમીન સુંઘતો ભાળીએ તો મોટી આપત્તિની આશંકા રખાય

१८ બહાર ગામ જતા સામે કુતરો આવી મળે તો ચિંતવેલ કામ ઘણી સારી રીતે પાર પડે

१९ ગામ જતા કાદવથી ખરડાયેલો કુતરો સામે મળે તો દુખકારક જાણવો

२० પ્રયાણ વખતે જો રાજાના વાહન કે વસ્ત્ર ઉપર કુતરો વિષ્ટા-મુત્ર કરે તો રાજાનો વધ થાય

२१. પ્રયાણ સમયે જો કુતરો ભુમિમા અનાજ કે પકવાન્ન દાટતો માલુમ પડે તો જવાનુ બંધ રાખવુ

२२ પ્રયાણ વખતે ઉંદર, નોળીયો, કુતરો, કુક્કર ડાબી બાજુથી આડા ઉતરી જમણી બાજુ જાય તો સંકટ આવે

२३ બગલા બોલતા ઉચા ૮ડતા જણાય તો સારા
२४ ... ડાબો બોલે તો સારો

દિશાશુળ ડાબી ભલી, જોગણ ભલી જો પુઠ,
જો ચંદ્રમા સન્મુખ હુવે, તો હાથે લંકા લુંટ १
ચલતાં પુઠે જીમણો, ડાબો ગામ પ્રવેશ,
ઈણ પરે સુરજ લીજીએ, ભાગે કોડ કલેશ २
સનમુખ ધનકા લાભ હે, દક્ષિણ સુખ ચૈઆન,
પુઠ ચંદ્ર મરણો હુવે, ડાબો ધનક્ષય જાન ३

(૮૦)

[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible] ૬
[illegible]
[illegible] ૭
[illegible]
[illegible] ૮
[illegible]
[illegible] ૯
[illegible]
[illegible] ૧૦
[illegible]
[illegible] ૧૧
[illegible]
[illegible] ૧૨
[illegible]
[illegible] ૧૩

કાગડો સ્ત્રીના માથા ઉપર બેસે તો મધ્યમ, પુરૂષની ઘડી ઉપર બેસે તો કલેશ કરાવે, તેમજ પુરૂષના ઉઘાડા માથા ઉપર બેસે તો સારો

વાયસ સૂર્ય ઉદય સમે, ઘર સનમુખ બોલત,
માન મોતરી, ધન ઘણુ, ઘર નાટક નર્દત ૧૪
રાત્રે બોલે વાયસા, દિવસે રૂવે શિયાળ,
ઇશ કહે ઉત્તીયા પ્રતે, ઉપજે સંકટ હોય કાળ ૧૫
ઘર ઉપર ઉંચો ચઢી, કક કરે કુ કુ વાણી,
ઇષ્ટ સમાગમ તો હુવે, ધન આગમ વલી જાણી ૧૬

ગામ જતા મૃગ ડાબો સારો, ડાબાથી જમણો ઉતરે તો સારો

કાગ ડાબો બોલે તો સારો, સર્પ જમણો મળે તો સારો

ગ્રામાતર જતી વખતે સન્મુખ કુવારી કન્યા, સધવા સ્ત્રી પુત્ર સહીત, ગોળ, દહીં, ભેરી, પુષ્પમાળા, નિર્ધુમ અગ્નિ, રાજા, મુનિ, ચોખા, રત્ન, વીણા, ધ્વજા, પતાકા સામા મળે તો ઉતમ છે પોપટ તેતર, જમણા સારા ઘણા ચકલા એક ઝાડ ઉપર દેખે તો લાભ ટીંગોડી સામી બોલે તો સારી. ઘુવડ ડાબા બોલે તો સારા કબુતર જમણાથી ડાબા સારા. કાનખજુરા ડાબા સારા, હસ્તી ઘોડા જમણા સારા કુતરો કાંઈ ખાવાનુ મુખમા ખાતો હોય તો સારો બીલાડી જમણી સારી, કોયલ તથા સોનચીડી જમણી સારી

કાગડાના માળા વિષે

શીયાળે માળો કરે તો ટાઢ સખ્ત પડે, ઉનાળે કરે
। વરસાદ ઘણો થાય ઝાડની પુર્વદિશાની ડાળ પર કરે
। સુકાળ થાય, અગ્નિખુણાની ડાળીએ કરે તો દુકાળ,
ક્ષિણ દિશાની ડાળી પર કરે તો પ્રજા રોગથી દુખી અને
જ્યમા લડાઈ થાય નૈર્ઋત્ય ખુણાની ડાળી પર કરે તો
. માસ મેઘ વરસે પશ્ચિમની ડાળીએ કરે તો સાધારણ
રસ થાય વાયવ્ય ખુણાની ડાળીએ કરે તો વાયુ સાથે
ષ્ટિ, ઉત્તર તરફની ડાળીએ કરે તો સુકાળ, ઈશાનખુણાની
ાળીએ કરે તો સુકા‌ ળ વૃક્ષની ટોચે કરે તો સુકાળ,
ાડના વચલા ભાગમા કરે તો મેઘની ખેચ, વૃક્ષના થડે
રે તો રોગનુ જોર દેવાલય, ઘર, ગઢ-કાગરે, મસાણુ,
મથવા નીચે છાયે માળો કરે તો દુકાળ

શ્વાન રોગી શુક્ર માંસ, વાયસ તાણુતા જણાય,
તેથી ધાન્ય મોઘુ કહુ, દુકાલ તેથી ગણાય

ગરોળી વિષે —

જમતા જમતા ભાણામા ગરોળી પડે તો તે માણસ
મહાસુખ પામે ધોળી ગરોળી માથા ઉપર પડે તો છત્ર
ારાવે-રાજ્ય તરફથી સુખ મળે રાતી ગરોળી માથા ઉપર
પડે તો કોઇ પણ જાતનુ દુખ ભોગવવુ પડે કાળી કે

ધોળી ગરોળી કપાળ ઉપર પડે તો ધનનો લાભ થાય, આંખ ઉપર પડે તો પોતાના ધણી, સાથી કે પોષકનો નાશ થાય; ઉપલા હોઠ પર પડે તો ધનનો નાશ થાય, નીચેના હોઠ ઉપર પડે તો હાથ બંધાવે, નાક ઉપર પડે તો રાજા તરફથી દુખ થાય, જમણા કાન ઉપર પડે તો ધનની હાની થાય, ડાબે કાને પડે તો ધનની પ્રાપ્તિ થાય, કેડ ઉપર પડે તો કોઈ પણ જાતનું નુકસાન થાય, જમણા હાથ ઉપર પડે તો કલેશ વઢવાડ થાય, ડાબા હાથ ઉપર પડે તો બંધન કરાવે, ગળા ઉપર પડે તો બાળકનો નાશ થાય, પેટ ઉપર પડે તો પુત્ર તરફથી દુખ થાય, જમણી કેડ ઉપર પડે પુત્રી તરફથી પીડા તથા કલેશ થાય, પુઠ ઉપર પડે તો રોગ થાય, કુખ ઉપર પડે તો વિઘ્નનો નાશ થાય, ખોળામાં પડે તો પુત્રની આશા પુરી થાય, બરડા ઉપર પડે તો રાજ્ય તરફથી માન મળે, જમણા પગની ઘુંટી ઉપર પડે તો પોતાના વડિલોને માથે દુખ આવે, ડાબા પગની ઘુંટી ઉપર પડે તો વડિલોને સુખી દેખે, પગની આંગળી ઉપર પડે તો સાસુ મરે, પગના તળીયા ઉપર પડે તો દૂર મુસાફરી કરવાનુ થાય. સાધારણ રીતે ધોળી ગરોળી સારી અને કાળી અનિષ્ટ સમજવી



સ્વરોદય.

સ્વરોદય એટલે નાસિકામાંથી વહેનો વાયુ તે ત્રણ પ્રકારનો હોય છે જમણી નાસિકામાથી વાયુ વહેતો હોય તેને સૂર્યનાડી કહેવામાં આવે છે ડાબી નાસિકામાંથી વહેતો હોય તેને ચંદ્રનાડી કહેવામા આવે છે અને બન્ને નાસિકામાથી સરખી રીતે વહેતો હોય તો તે સુષુમ્ણા કહેવાય છે હવે પરદેશ કે ગામ-ગમતરે જવુ હોય તો જે નાસિકા માંથી વાયુ વહેતો હોય તે તરફનો પ્રથમ પગ ઉપાડી આગળ મુકીને ચાલવુ તેવીજ રીતે ગામમા પ્રવેશ કરતી વખતે જે નાડી ચાલતી હોય તે તરફનો પગ પ્રથમ મૂકવો આથી બધા વિઘ્નો શાંત થઇ જાય છે જય મેળવવાના કાર્યમા સૂર્યનાડી પ્રભાવશાળી ગણાય છે, પણ વિવાદ વખતે શત્રુને જમણી બાજુએ અથવા પોતાની પીઠ પાછળ નાખવો

સ્થિર કામોને વિષે ચંદ્રનાડી વહેતી હોય તે વખત સારો ગણાય ઉતાવળના કામોમા સૂર્યનાડી સારી છે સુષુમ્ણા નાડી ચાલતી હોય તે વખતે કોઇ કામ કરવુ નહીં, માત્ર ધર્મધ્યાન કરવાથી સારો લાભ થાય કોઇ એકદમ આવી આપણી પાસે ઉભો રહી સવાલ પુછે કે—"મારૂ અમુક કાય સિદ્ધ થશે કે નહીં?" તે વખતે પ્રશ્ન પુછનાર જો આપણી વહેતી નાડીની દિશામા ઉભો હોય તો "તારૂં

કાર્ય સિદ્ધ થશે," એમ, સુખેથી ઉત્તર વાળી દેવો એથી વિપરીત રીતે પુછે તો હાનિ થાય એ સ્પષ્ટ છે

સૂર્ય અને ચંદ્રનાડીના કાર્યો.

નવા ઘરમા પ્રવેશ કરવો હોય, કોઇ સારી વસ્તુ ગ્રહણ કરવી હોય, નવીન વસ્ત્રો પહેરવા કાઢવા હોય, રાજાની સમીપે જવું હોય, કોઇની સાથે મિત્રતા બાધવી હોય, અથવા તો ધર્મકાર્ય આદરવા હોય તો ચંદ્રનાડી લેવી

વિવાદ કરવો હોય, વિદ્યાભ્યાસનો આરંભ કરવો હોય, તથા વિવાહ, વ્યાપાર, જમણવાર, કે સાસારિક સુખના કાર્યોને વિષે સૂર્યનાડી લેવી

ગતિની દિશા શી રીતે નક્કી કરવી ?

ચંદ્રનાડી વહેતી હોય તે વખને પુર્વ તથા ઉત્તર દિશામા ન જવુ, સૂર્યનાડી વહેતી હોય ત્યારે પશ્ચિમ તથા દક્ષિણ દિશામા ન જવુ આપણે બેઠા હોઇએ અને કોઈ આવીને પ્રશ્ન કરે કે " અમુકને પુત્ર પ્રાપ્ત થશે કે પુત્રી ? " હવે તે વખતે જો આપણી સૂર્યનાડી ચાલતી હોય તો તેનો જવાબ " પુત્ર પ્રાપ્ત થશે " એવો આપી શકય, અને જો ચંદ્રનાડી ચાલતી હોય તો " પુત્રીની પ્રાપ્તિ થશે " એવો જવાબ દેવો. સસારનુ સુખ ભોગવતા જો ચંદ્રનાડી ચાલતી

હોય તો પુત્રીનો ગર્ભ બંધાય, અને સૂર્યનાડી ચાલતી હોય તો પુત્રનો ગર્ભ બંધાય

સ્વરોદય પ્રમાણે બરાબર શાસ્રીય પદ્ધતિએ વર્તનારને કોઇ પણ જાતના મુહુર્ત કે ચંદ્રબળ જોવાની જરૂર પડતી નથી, કારણ કે તેમની નાડીજ બધા કામોમા પ્રકાશ નાખે છે કેટલાક આચાર્યોનો એવો પણ મત છે કે, સૂર્યનાડી ચાલતી હોય તે વખતે દક્ષિણ કે પશ્ચિમ દિશાને વિષે જવાનુ થાય તો પ્રથમ ત્રણ પગલાં સુધી જમણો પગ ઉપાડી ચાલવું અને ચંદ્રનાડી ચાલતી હોય તે વખતે પુર્વ તથા ઉત્તર દિશામા જવાની જરૂર પડે તો ડાબા પગના ચાર ડગલા પ્રથમ ઉપાડી આગળ ચાલવુ

રાત્રે ડાબી નાડી વહેતી હોય અને દિવસના ભાગમા જમણી નાડી ચાલતી હોય તો તે સારી ચાવતી વખતે કોઈ વાજીંત્ર વાગતુ હોય, અને તે વાજીંત્રનો સૂર પુરો થયે પગ ઉપાડીએ તો કામ સિદ્ધ થાય એવો કેટલાકોનો મત છે

લેણ–દેણનો સબધ જોવાની રીત

શેઠ અને નોકરના નામનો પહેલો પડેલો અક્ષર લેવો, અને બન્ને અક્ષરો જે વર્ગના હોય તે આંક માડવો. પછી બીજા અક્ષરના જે વર્ગો હોય તેની સખ્યા એકઠી કરવી, અને તેને આઠે ભાગવી, ભાગતા જેની શેષ અધિક રહે

તેનુ લેણુ અધિક જાણવું બીજી રીત આ પ્રમાણે છે— પોતાના વર્ગના બમણા કરવા, તેમા સામાના વર્ગને જોડવો, આઠે ભાગ દેવો, અને શેષ રહે તે જુદા મુકવા એ રીતે પહેલા વર્ગને બમણા કરી પોતાનો વર્ગ મેળવવો, આઠનો ભાગ દેવો, ભાગ દેતા જેનુ અધિક રહે તેનુ લેણુ વધારે જાણવુ દાખલા તરીકે એકનુ નામ ગુણવાન છે, અને બીજાનુ નામ વિદ્યાવાન છે એ બેમા કોનુ લેણુ વધારે છે તે શોધવુ હોય તો તેની રીત આ પ્રમાણે છે—ગુણવાનમા "ગ" નો વર્ગ બે, તેને બમણા કરતા ચાર થાય, તેમાં વિદ્યાવાનના "વ" કારના વર્ગનો છ છે, તે જોડતા દશ થાય તેને આઠે ભાગતા બાકી બે રહ્યા હવે વિદ્યાવાનમા વર્ગ છઠ્ઠો છે, તેને બમણા કરીએ તો બાર થય, તેમા બે નાખતાં ચૈદ થાય, તેને આઠે ભાગતા છ બાકી રહ્યા એટલે વિદ્યાવાન ગુણવાન પાસે અધિક માગે

છીંક વિષે

પુર્વ દિશામા છીંક થાય તો મૃત્યુનો ભય સમજવો, અગ્નિ ખુણામા છીંક થાય તો દુખદાયક થાય, દક્ષિણ દિશામા થાય તો કલેશ ઉપજાવે, નૈર્ઋત્ય ખુણામા થાય તો કલેશકારક સમજવી, અને વધારે ભય પેદા કરે, પશ્ચિમમા થાય તો મિષ્ટ ભોજન જમાડે, વાયવ્ય ખુણામા થાય તો ઘણી પ્રીતિ કરાવે, ઉત્તર દિશામાં થાય તો સુખકારક, અને

ઈશાન ખુણામા થાય તો સપત્તિની પ્રાપ્તિ કરાવે, તેમજ તે દિશામા ગમન કરવાથી જય પ્રાપ્ત થાય બાલક, પુરૂષ-સ્ત્રી અને પોતાની એમ ત્રણ પ્રકારની છીંકને ખરેખરી માનવી, બાકી ઘરડા, રોગી અને સળેખમવાળાની છીંક તદ્દન નિરર્થક હોય છે

સ્વપ્નનુ સ્વરૂપ

શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે કે હે મુનિઓ! હુ તમોને સ્વપ્નનુ રહસ્ય કહુ છુ તે સાભળો—

જેનામાં શ્લેષ્મ વધારે હોય તેવા જીવો જલ, કમલ, ધાન્ય, મણિ, મોતી તથા પ્રવાલાના સ્વપ્નો જુએ છે જેનામા પિત્ત પ્રબલ હોય તેવા જીવો સ્વપ્નામા રાતા અને પીળા દ્રવ્યો જુએ છે

सिंहव्याघ्रगजैर्युक्तो, गोवृषाश्वैर्नरैर्युतः ।
रथमारुह्य यो याति, पृथिव्या स नृपो भवेत् ॥ १ ॥

અર્થ—જે માણસ સ્વપ્નામા સિહ, વ્યાઘ્ર, હાથી, ગાય, બેલ, ઘોડા અને માણસો સાથે રથમા બેસીને જાય છે, તે પૃથ્વીમા રાજા થાય છે

पुष्करिण्यास्तु यस्तीरे, भुञ्जीत शालिभोजनम् ।
श्वेत गज समारूढ., स राजा ह्यचिराद् भवेत् ॥ २ ॥

અર્થ—જે માણુસ વાવડીને કાઠે સ્વપ્નમા શ્વેત હાથી પર ચડીને શાલિનુ ભોજન કરે, તે માણુસ તત્કાલ રાજા થાય છે

જે માણુસ સ્વપ્નમા સુવર્ણ અથવા રૂપાના પાત્રમા ભોજન કરે તે માણુસ તત્કાલ દરિદ્રી થઈ જાય છે જે માણુસ સ્વપ્નમાં મહેલ પર ચડીને ભુમ પર પડે તે માણુસની સ્ત્રીનુ મૃત્યુ થાય છે જે માણુસ સ્વપ્નમા સમુદ્ર, પર્વત કે વન સહિત પૃથ્વીને બન્ને હાથથી ઉચકે, તે માણુસને તત્કાલ રાજ્ય મળે છે જે માણુસ સ્વપ્નમા સુર્ય અથવા ચદ્રને સ્પર્શ કરે, તે માણુસને સેનાપતિની જગ્યા મળે છે જે માણુસના લિગનો સ્વપ્નમા છેદ થચ તે માણુસ સૌભાગ્ય અને ધનને મેળવે છે જે સ્ત્રી સ્વપ્નમા પોતાની યોનિને છેદાયેલી જુએ, તેણીને પોતાના સ્વામી તરફથી લાભ મળે છે જે માણુસનુ મસ્તક સ્વપ્નમા છેદાય છે તેને એક હજાર સોના મહોરોનો લાભ મળે છે, અને ઘણા ઉત્તમ પ્રકારના ભોગોને ભોગવે છે જે માણુસ સ્વપ્નમા ધનુષ્ય ચડાવે તેને દ્રવ્યનો લાભ તથા શત્રુનો નાશ થાય છે જે સ્વપ્નમા હાથી ઉપર ચડી આભુષણો ધરી પરદેશ સીધાવે, તેને ઘણી સમૃદ્ધિ પ્રાપ્ત થાય જે માણુસ સ્વપ્નમાં દેવોનુ, સાધુઓનુ અને બ્રાહ્મણોનુ દર્શન કરે તેનો તુરત વિજય થાય જે માણુસ સ્વપ્નમા કુવાનુ પાણી

ચાટીને પીએ તો તે મહા બુદ્ધિમાન થાય છે જે માણસ સ્વપ્નમાં સ્મશાનમા જઈ સુકાં કાઇ પર અથવા સુકા વૃક્ષ પર ચડે તે ઘણુ દુખ પામે છે જે સ્વપ્નમાં મધનુ ભક્ષણ કરે તે માણસ નિધન થઇ દુખી થાય છે જે માણસ સ્વપ્નમા આબના ફળેનુ ભક્ષણ કરે તેનુ ક્ષુધાથી મૃત્યુ થાય છે જે પુરૂષ સ્વપ્નમા ચાહાવણી સાથે પ્રીતિ કરે છે તેના સૌભાગ્યની વૃદ્ધિ થાય છે, પણ જો તેણીની સાથે સભોગ કરે તો ઘણો દરિદ્રી થાય છે જે માણસ સ્વપ્નમાં પક્ષીઓને મૈથુન સેવતા જુએ તો તેના સતાનો મૃત્યુ પામે છે જે પુરૂષ સ્વપ્નમા વીણા વગાડે તેને અત્યત રૂપવતી તથા કુલીન સ્ત્રી મળે છે જે માણસ સ્વપ્નમા વિષપાન કરે તે લાંબુ આયુષ્ય ભોગવે છે જે માણસ ઉટ ઉપર ચડીને દક્ષિણ દિશાયા જાય, તેનુ તત્કાળ મૃત્યુ થાય છે જે માણસ સ્વપ્નમા અટ્ટહાસ્ય કરે તેના દ્રવ્યનો વિનાશ થાય છે સૂર્યોદય સમયે સ્વપ્નમા જે માણસના જમણા પગને અગુઠે જો રક્ત રગનો સર્પ ડખ મારે તો તે માણસને અકસ્માત ઘણુ દ્રવ્ય મળે છે જે માણસ સ્વપ્નમા ગધેડા, કુક્કર, ઉટ અથવા પાડા ઉપર બેસી ભોજન કરે તો તેનુ પદર દિવસની અદર મૃત્યુ થાય છે જે માણસ સ્વપ્નમા મુશલ લઇને ખાડવા લાગે તેનુ દ્રવ્ય અને યશ બન્ને નષ્ટ થઈ જાય છે જે માણસ સ્વપ્નમા હરિણ ઉપર સ્વારી કરે

તેની સર્વ મીલ્કત અગ્નિથી ભસ્મ થઇ જાય છે જે માણસ સ્વપ્નમાં પકાવેલા માંસનુ ભક્ષણ કરે તેને ભયકર વ્યાધિ ઉત્પન્ન થાય છે જો સ્વપ્નમા વમન થાય તો મૃત્યુ થાય છે, અને જો જુલાબ થાય તો ધનની હાનિ થાય છે જે માણસ સ્વપ્નમાં માથા પર છત્ર ઓઢે છે તેની સ્ત્રીના વિનાશ થાય છે જે માણસ સ્વપ્નમા ગાયન કરે છે તેને પ્રભાતમાજ રૂદન કરવુ પડે છે સ્વપ્નમા જે રાજ્યાસન પર બેસે તેને કારાગૃહનુ બધન થાય છે જે માણસ સ્વપ્નમા તળાવ કે નદી જુએ છે, તેને શોકાતુર થઇ વિદેશ ગમન કરવું પડે છે જેને સ્વપ્નમા આસન, શયન, વાહન, ઘર, ધન અને આભુષણ મળે છે, તે હમેશા સુખી થાય છે જે માણસ સ્વપ્નમા શણગારેલા હાથી, ઘોડા તથા બળદોને જુએ, તેના યશ વૃદ્ધિ પામે છે જે માણસ સ્વપ્નમા પતાકા, તરવાર, લાકડી અથવા ભાલુ જુએ છે તેને વનવાસ સેવવો પડે છે જે માણસ સ્વપ્નમા મૂત્ર કે વિષ્ટા કરે છે તેને સારૂ ભોજન પ્રાપ્ત થાય છે જે માણસ સ્વપ્નમા વીંછીના ડખથી શોક કરે નહિ તેને દ્રવ્ય અને કીર્તિ બને પ્રાપ્ત થાય છે જે માણસ સ્વપ્નમા પ્રીતિથી સારૂ જળ પીએ તે શોકથી નિર્મુક્ત થાય છે જે માણસ સ્વપ્નમા લાલ રગની કરેણ અથવા લાલ રગના કમળો મસ્તક પર ધારણ કરે તેના દ્રવ્યની વૃદ્ધિ થાય છે જે માણસ સ્વપ્ન

શ્યામવર્ણી ઘોડા ઉપર પ્રયાણ કરે, તે માણુસને વ્યાપારમા ઘણો લાભ ન થાય જે માણુસ સ્વપ્નમા વડના વૃક્ષ ઉપર ચડે તેને ભુત પિશાચ આદિકનો ભય ઉત્પન્ન થાય છે

ભયકર આખોવાળી અને શ્યામરગની સ્ત્રી સ્વપ્નમાં આવી જેને ઉત્તર તથા દક્ષિણ તરફ ખેચી જાય તે માણુસનુ સાત દિવસમા મૃત્યુ થાય છે જે માણુસ સ્વપ્નમા જટાધારી, મુડિત તથા મલિન વસ્ત્રોવાળા મનુષ્યને જુએ તેને અત્યત ભય પ્રાપ્ત થાય છે સ્વપ્નમા કાગડો અથવા કોકિલ પક્ષી જે માણુસના મસ્તક પર વિષ્ટા કરે તેના યશનો વિનાશ થાય છે સ્વપ્નમા જો શ્વેત પુષ્પની માળા ધારણ કરાય તો શુભ ફલ પ્રાપ્ત થાય છે જે માણુસ સ્વપ્નમા બેલની ગાડીમા બેસી પુર્વ અથવા ઉત્તર દિશામાં જાય છે તેને દ્રવ્યનો ઘણો લાભ થાય છે જે માણુસ સ્વપ્નમા પર્વતના શિખર ઉપર બેસે તે નિરોગી થઇ પૃથ્વીનો ભોક્તા થાય છે જે માણુસ મૃત્તિકાના હસ્તી પર બેસી સમુદ્રમા સ્નાન કરે તે થોડી મુદતમા રાજા થાય છે જે માણુસ સ્વપ્નમા વૃક્ષોની ડાળીઓ અને ફળોને પાડે છે, તેના સતાનનો ક્ષય થઇ જાય છે જે માણુસ સ્વપ્નમા શ્વેત અથવા લીલા રગના વસ્ત્રો પહેરે છે, અથવા અગ્નિથી દાઝે છે, તેને કદી પણ લક્ષ્મી છોડતી નથી દાઝેલુ તેલ, મૃત્તિકા અને દૂધ જો સ્વપ્નામા દેખાય તો

ઉત્તમ, પણ તેનુ ભોજન ઉત્તમ નહીં જો સ્વપ્નમાં શરીરના અગ, ઉપાગ, કેશ તથા નખોની વૃદ્ધિ દેખે તો તે ઉત્તમ જાણવી જો સ્વપ્નમા ઉત્તમ પ્રકારના ધાન્યોથી અને ફળ-ફુલોથી ખોબો ભરાય તો તેને મોટી લક્ષ્મી મળે છે. જે માણસ સ્વપ્નમા શણગારેલી કુમારિકાને જુએ તેને ઉત્તમ સ્ત્રી મળે છે જે માણસ સ્વપ્નમા તિક્ષ્ણ શસ્ત્રોથી પર્વતોને તોડી પાડે તેનો તુરત રાજ્યાભિષેક થાય. જે પુરૂષ સ્વપ્નમા પોતાને સ્ત્રીરૂપ થયેલો જુએ, અને સ્ત્રી પુરૂષરૂપ થયેલી જુએ તો તે સ્ત્રી-પુરૂષ પોતાના કુટુમ્બની વૃદ્ધિ માટે થાય છે જે રાજા અથવા રાજકુમાર સ્વપ્નમાં પોતાને ધન-ધાન્યની ચોરી કરનાર રૂપે જુએ, તેના રાજ્યની મોટી વૃદ્ધિ થાય છે જે માણસ સ્વપ્નમા રૂધિરથી સ્નાન કરે તેને થોડા વખતમાં ઘણી લક્ષ્મી મળે છે સ્વપ્નમાં જે માણસની જીભ કોઇ પણ રીતે છેદાય તેના યશ તથા દ્રવ્યની તત્કાળ વૃદ્ધિ થાય છે

જો ઉપર કહેલા અનિષ્ટ સ્વપ્નો આવે તો તેની શાતિને માટે દેવગુરૂની પૂજા કરવી, કાયાને શુદ્ધ કરવી અને ઉપવાસ કરવો.

[illegible] સૂતક થય તેને ઘેર જમ
[illegible] કરે નહીં. ૭. વેશ્યાના પાવ
[illegible] તે દિવસે મૃત્યુ
[illegible] મરણ [illegible] પતિ મરે તો
[illegible] મરણ
[illegible] કહ્યું છે
[illegible]
[illegible] હતા. [illegible]
[illegible] તેને ઘેરથી [illegible] હતી,
પાણી નથી. ૧૧. [illegible]
હોય, તેનું મરણ થય તો દિવસ ૩ નું સુતક હોય.
૧૨ જેટલા મહીનાનો ગર્ભ પડે તેટલા દિવસનું સુતક હોય.
૧૩ પરદેશ ગયેલાનું મરણ સાંભળે તો ૧ તથા ૨ બે દિવસનું
સુતક લાગે એમ કલ્પભાષ્યમા કહ્યું છે. [illegible]મા ૨૪ પહોર,
[illegible]ના જનમમાં ૧૨ પહોર, આઠ [illegible] તથા [illegible]ના
જનમમાં [illegible], અને નર નારીના મરણમાં અંતર્મુહૂર્તમા
[illegible]
૧૦ દિવ
[illegible]ને [illegible]
તો [illegible]
[illegible]

૧૬. પ્રસવવાળી સ્ત્રી એક માસ સુધી જીનપ્રતિમાની પુજા કરે નહીં, અને સાધુને વહોરાવે પણ નહીં, એમ વિચારસાર પ્રકરણ મધ્યે કહ્યુ છે ૧૭ ઘરના ગોત્રીને દીન ૫ નુ સુતક જાણવુ ૧૮ ભેસનુ દુધ ૧૫ દિવસ પછી, ગાયનું દુધ ૧૦ દિવસ પછી, બકરીનું દુધ ૮ દિવસ પછી, અને ઉંટડીનુ દુધ દિવસ ૧૦ પછી કલ્પે ૧૯ ભેસ, ગાય, વગેરે વગમા વીહાય તો દિવસ ૨ નુ સુતક, અને વનમાં વીહાય તો ૧ દિવસનુ સુતક

ઋતુવતી સ્ત્રી સબંધી સુતક

દીન ૩ સુધી ભાડાદિકને જુએ નહીં દીન ચાર લગી પડિક્કમણાદિ કરે નહી, પણ તપસ્યા કરે તે લેખે લાગે. દીન ૫ પછી જીનપૂજા કરે રોગાદિક કારણે ૪ દિવસ વીત્યાં પછી પણ જો રૂધિર દીઠામા આવે તો તેનો દોષ નથી વિવેકે કરી પવિત્ર થઇ જીનદર્શન ધુપ–પુજાદિક કરે, અને, સાધુને પડિલાભે, પણ જીનપ્રતિમાની અગપુજા ન કરે એમ ચર્ચરી ગ્રથમા કહ્યુ છે

સ્થાપનાચાર્ય પડિલેહવાના બોલ –

૧ શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ, ૨ જ્ઞાનમય, ૩ દર્શનમય, ૪ ચારિત્રમય, ૫ શુદ્ધ શ્રદ્ધામય, ૬ શુદ્ધ પ્રરૂપણામય, ૭ શુદ્ધ સ્પર્શનામય, ૮ પચાચાર પાલે, ૯ પલાવે, ૧૦ અનુમોદે, ૧૧ મન ગુપ્તિ, ૧૨ વચન ગુપ્તિ, ૧૩ કાયગુપ્તિએ ગુપ્તા

વસ્તુઓનું કાલમાન.

વસ્તુનું નામ	અસાડ ચોમાસી પછી	કાર્તિક ચોમાસી પછી	ફાગણ ચોમાસા પછી.
ઉકાળેલું પાણી	ત્રણ પહોરનો કાલ છે	ચાર પહોરનો	પાચ પહોરનો
સુખડી	પંદર દિવસનો ,,	ત્રીશ દિવસનો	વીશ દિવસનો
કામળી	સાંજ સવાર છ ઘડીનો	ચાર ઘડીનો	બે ઘડીનો
પાન-ભાજીનું શાક	ન કલ્પે	કલ્પે	ન કલ્પે
બદામ-પીસ્તા	તાજા કાઢેલા કલ્પે	કલ્પે	કલ્પે
ખજુરાદિ	ન કલ્પે	કલ્પે	ન કલ્પે
વિહાર	કારણે કલ્પે	કલ્પે	કલ્પે
વસ્ત્ર-પાત્ર	કારણ વિના ન કલ્પે	કલ્પે	કલ્પે
પાટ-પાટલા	કલ્પે	કારણ વિના ન કલ્પે	કારણ વિના ન કલ્પે
પડલા	૫	૪	૩
કાચી ખાંડ	ન કલ્પે	કલ્પે	ન કલ્પે
આટો	૧૫	૩૦	૭

वीश स्थानकनां पद, गुण सहित.

१ ॐ ह्रीं नमो अरिहंताण गुण-	१२	२४
२ ” ” नमो सिद्धाण ”	८	१५
३ ” ” नमो पवयाणं ”	४५	
४ ” ” नमो आयरियाण ”	३६	
५ ” ” नमो थेराण	१०	
६ ” ” नमो उवज्झायाणं	२५	
७ ” ” नमो लोए सव्वसाहूणं	२७	
८ ” ” नमो नाणस्स	५	
९ ” ” नमो दंसणस्स	६७	
१० ” ” नमो विणयस्स	१०	
११ ” ” नमो चारित्तस्स	१७	७०
१२ ” ” नमो वभवयधारीण	९	
१३ ” ” नमो किरियाण	२५	

१४ ॐ ह्रीं नमो तवस्स	१२	
१५ ,, ,, नमो गोयमस्स	२८	
१६ ,, ,, नमो जिणाण	२४	
१७ ,, ,, नमो चारित्तस्स	५	
१८ ,, ,, नमो नाणस्स	५१	
१९ ,, ,, नमो सुअस्स	१००	१२
२० ,, ,, नमो तित्थस्स	२५	२५

ઘી માટે

આણંદ શ્રાવકે શ્રી મહાવીર ભગવાન પાસે જે જે નિયમ લીધા, તેમા ઘીનો પણ નિયમ લીધો હતો કે, " શરદ ઋતુનું ઘી ખાવુ, બાકીની ઋતુનુ ઘી ન ખાવુ " તેનો પાઠ ઉપાસક દશાંગ સૂત્રમા આ પ્રમાણે છે " नन्नत्थ सारइएणं गोघयमडेण, अवसेस घयविहिं पच्चक्खामि. " એની ટીકામાં આ પ્રમાણે અર્થ કર્યો છે–शारदिकेन–शरत्कालोत्पन्नेन गोघृतमण्डेन–गोघृतसारेण ।

આટા માટે.

દળીને તૈયાર કરી છાણ્યા વિના મુકે, તે કયા સુધી મિશ્ર રહે તેનો કાળ આ પ્રમાણે —

૫ દિવસ શ્રાવણ-ભાદરવો, ૪ દિવસ આસો-કાર્તક.
૩ દિવસ માગશર-પોષ, ૫ દિવસ મહા-ફાગણ
૫ પ્રહર ચૈત્ર-વૈશાખ, ૩ પ્રહર જેઠ અસાડ

ઉપરાત અચિત્ત થઇ જાય હવે અચિત્ત પણ વર્ષા ઋતુમા ૭ દિવસ શિયાળામા ૧૫ દિવસ, ઉનાળામા ૩૦ દિવસ, ઉપરાંત સચિત્ત થઇ જાય છે આ હકીકત શ્રી વીર વિમળ કૃત અગનાદિ કાલ પ્રમાણની મઝાયમા છે, તથા રત્નસચય ગ્રન્થમા પણ છે

દહી માટે

પ્રભાતે મેળવેલુ દહીં સોળ પહોર પછી અભક્ષ થાય, છતા પણ સોળ પહોરનો નિયમ નથી, કારણ કે, સાજે મેળવેલુ દહીં બાર પહોર પછી અભક્ષ થાય છે

गझल

महोब्बत मोहसें मेरी, छुडा दो अय गुरु दाता ॥टेक॥
इसीकी यारीसें मैं तो, बना सैतानका कैदी,
गझब गुझरा न्हो आफतसें, बचा दो अय गुरु दाता, महो. १

भूला मैं तत्त्व ज्ञानोका, मचा मिथ्यात्वमें दील है;
चढी उससे न्हो भवफेरी, मिटा दो अय गुरु दाता; महो. २
पीलाया झेर दगा देके मुझे धन पाजी विषयोंनें;
अजल्के मुहमें फसा, जीला दो अय गुरु दाता; महो. ३
राग और द्वेष ये दोनु बडे झल्लाद न्हो मुझकु,
कतल करनेकु चहाते है, हठा दो अय गुरु दाता, महो. ४
देव गुरु धर्म ये तीनु, जो है भव सिन्धुके सेतु,
पुरी उनकी मुझे पहिचान, करा दो अय गुरु दाता, महो. ५
अहिंसा धर्मकी बातें, सबुतक साथ समझा दो,
पिछे तत्त्वज्ञानका प्याला, पिला दो अय गुरु दाता, महो ६
नफर पर करके महिरवानी, गिनो अपना सच्चे दिलसें,
पूरनशशिको चरण सेवा, दिला दो अय गुरु दाता; महो. ७

— કવ્વાલી —

અરે ઓ બધવો પ્યારા, રહો તમે મોહથી ન્યારા,
તજો વૈરો તણા ભારા, નથી તે સુખ દેનારા ૧
માયાઓ મહોને ઠેલી, પ્રભુ ભક્તિ કરો બ્હેલી,
બનો નિસ્પૃહી ને ત્યાગી રહાયઠ કમને મેલી ૨
પિતુ માતા અને ભ્રાતા, નહીં સુખ દુખકે દાતા,
રહો શુ મોહમા માતા, વાર નહીં લાગશે જાતાં. ૩

- અડપશે કાળ રે વાલા, જમ તણાં લાગશે ભાલા,
દેવાશે જીભને તાલા, પછી અરે શું થશે વાલા ૪
અરે ઓ વીરના પુત્રો, ગ્રહો પ્રભુ વીરનાં સૂત્રો,
ધરો પ્રભુ વીરની આજ્ઞા, અનત સુખ મેલવા શાણા. ૫
તજો તમે લોભ ચતુરાઇ, મળો પ્રભુ વીરને ધાઈ,
પછી દુખ નો રહે રાઇ, ખરા પ્રભુ વીર છે ભાઇ ૬
ગુરૂ ઉપદેશને ધારો, ક્રોધ મદ માનને મારો,
કહે ખાતિશ્રી આ વારો તમે તે દીલમા ધારો ૭

પૃથ્વી અપ તેઉ વાયુ જોય, અતર મુહુર્તમા ભવ હોય,
બાર હજાર આઠસે તેમ, ચોવીશ અધીકા હોયજ એમ ૧
બાવીશ હજાર ભવ કરે, અતર મુહુર્ત માય,
પ્રત્યેક વનસ્પતિ તણા, જીવના ભવજ થાય. ૨
સાધારણ વનસ્પતિ, અતર મુહુર્ત જોય,
પાસઠ સહસ પાચસે, છત્રીશ અધીકા હોય ૩
[૧]બેદ્રી [૨]તેદ્રી ને વળી, [૩]ચૌરેદ્રીના કહીશ,
અતર મુહુરતે ભવ, [૧]એસી [૨]સાઠ [૩]ચાલીશ. ૪
પાચે વર્ણ પૃથ્વી કહી, શ્વેત જાણો અપકાય,
રકત વર્ણ છે તેઉ તણો, પીતજ વાયુ થાય ૫
વનસ્પતિ કાયા તણો, નીલો જાણો વર્ણ,
એ રીતે રંગો કહ્યા, સકલ તત્ત્વ મન હર્ષ. ૬

(૧૦૬)

જ્ઞાનનો મહિમા.

(રાગ-આજ આનંદ અપાર, ભવિકા આજ આનંદ અપાર)

જ્ઞાન અખુટ ભંડાર, અમારો જ્ઞાન અખુટ ભંડાર,
ખાધે ન ખુટે ચોર ન લુંટે, આપે સરસ વિચાર અ૦ ૧

ખચ્ચે ખરચ્ચે ખુબ વધે છે, આપે છે કીર્તિ અપાર,
દેશ વિદેશે સ્થાન અપાવે, અપાવે માન અપાર. અ૦ ૨

પૂજા અને સત્કાર અપાવે, અપાવે શુધ્ધ આચાર,
પુત્ર પુત્રીઓને શુદ્ધ કરે છે, તજાવે છે દુષ્ટ આચાર અ૦ ૩

નિર્બલને જે સબલ બનાવે, બતાવે સુગતિના બાર,
અધને પણ આનંદ આપે, આપે નિત્ય રોજગાર અ૦ ૪

ધનહીનને ધનિક બનાવે, આપે અક્કલ અપાર,
નીચને પણ ઉચ્ચ બનાવે, આપે સુખ અપાર અ૦ ૫

વેર ઝેરને દુર કરાવે, વધારે સંપ હજાર,
અક્ષર એ શણગાર અમારૂ, બીજો શરીરનો ભાર. અ૦ ૬

અક્ષર વિણ જે નર ને નારી, ધીગ ધીગ તસ અવતાર,
અક્ષર જ્ઞાન અમુલખ નાણું, રાખી ભરો ભંડાર અ૦ ૭

અનંતા જીવો સિદ્ધિ પામ્યા, જ્ઞાનથી વર્યા શિવ નાર,
જ્ઞાન દીપકથી દેહ સુધારો. ખાંતિશ્રી હીત કહેનાર અ૦ ૮

ભવિજીવને હિતબોધ

પાછુ વાળી જોને જરી રે, ભવિક પ્રાણી પાછુ વાળી જોને જરી રે,

ખોટી છે દુનીયાની બાજી, તેમા શુ થાયે છે રાજી,
રહી મોતની નોબત ગાજી રે, ભવિક પ્રાણી૦ ૧

ધોળે દહાડે લુટે લાજ, સતીને સતાપે આજ,
ફોગટ ખુની રહ્યો ગાજ રે, ભવિક પ્રાણી૦ ૨

શાહુકાર તુ છે એવો, નીતિમા ન પગ દેવો,
નથી તુ જેવો તેવો રે, ભવિક પ્રાણી૦ ૩

સાચાના તો તારે સમ, ખોટાના તાણે છે દમ,
પ્રત્યક્ષ જણાય જમ રે, ભવિક પ્રાણી૦ ૪

લક્ષ્મીની લાલચ લાગી, શુધ બુધ ગઈ છે ભાગી,
કુમતિનો બન્યો રાગી રે, ભવિક પ્રાણી૦ ૫

કલિકાલે કન્યા વેચે, જ્યાં ત્યાથી લક્ષ્મી ખેચે,
પિંડને પાપથી સિચે રે, ભવિક પ્રાણી૦ ૬

પત્થર એટલા પુજે દેવ, લક્ષ્મી માટે કરે સેવ,
શ્રદ્ધાની ન રાખે ટેવ રે, ભવિક પ્રાણી૦ ૭

સાધુ સત લાગે ખારા, વિષય સુખ લાગે પ્યારા,
પાપ તણા બાધે ભારા રે, ભવિક પ્રાણી૦ ૮

મારૂ મારૂ કરી મોહ્યો, માનવ ભવ એમ ખોયો,
પછી પોકે મુકી રોયો રે, ભવિક પ્રાણી૦ ૯

દાન ને પુણ્ય કર હજી, કુમતિ કાઢજુ તજી;
લે પ્રભુ વીર ભજી રે, ભવિક પ્રાણી૦ ૧૦
હાથે તે સાથે જ લેવુ, મારે નથી જુદું કહેવુ,
કહે ખાંતિશ્રી એવુ રે, ભવિક પ્રાણી૦ ૧૧

અબલાની દર્દભરી કથા

ઓ દુષ્ટ પિતા!, દીકરી વેચી ધન લેવા શુ ધાય છે,
સમજી લેજે, લક્ષ્મી નહીં પણ અંતે તે તો લાહ્ય છે–ટેક
એ પાપ થકી કીડા પડશે, છાતી પર જમ આવી ચડશે,
ધગધગતા ખીલા ધાબડશે, ઓ દુષ્ટ પિતા૦ ૧
વૃદ્ધ સંગ શુ કન્યા ચોરી ચઢી, જોવા જન મળીયા એહ ઘડી,
તુજ કેમ ન છાતી ફાટી પડી, ઓ દુષ્ટ પિતા૦ ૨
મડદા સાથે મીંઢલ બાંધી, મંડપમાં રડાપો સાંધી,
શુ પાપ પાક ખાધો રાંધી, ઓ દુષ્ટ પિતા૦ ૩
કુધ પો કરવો સુઝયો તુજને, દુઃખ દરીયામાં નાખી મુજને,
રોકયો નહિ શુ તુજને સુજને, ઓ દુષ્ટ પિતા૦ ૪
શુ હાથ પગો પડ્યા ભાગી, કન્યાવિક્રય બુદ્ધિ જાગી,
લે પાપી મૃત્યુને માગી, ઓ દુષ્ટ પિતા૦ ૫
છે ગાય અને દીકરી સરખી, દોરે ત્યાં જાય જુઓ પરખી,
શુ વેચે છે હરખી હરખી, ઓ દુષ્ટ પિતા૦ ૬

મન આવ્યુ તે રસ્તે જાશે, હાંસલમા મો કાળુ થાશે;
આખર તુ તો માગી ખાશે, ઓ દુષ્ટ પિતા० ७
કસાઈ હણે બકરી ઘેટી, તુ તો વધ કરનો નિજ બેટી,
તે ને તારામા છે બહુ ઈટી, ઓ દુષ્ટ પિતા० ८
આ અબલા અંતે શુ કરશે, રડતી બળતી કુવે પડશે,
કા નીસાસા નાખી મરશે, ઓ દુષ્ટ પિતા० ९

ગર્ભ બહોંતેરીની સજ્ઝાય.

ઉતપતિ જો જીવ આપણી, મન માહી વિમાસ,
ગરભાવાસે જીવડો, વસિયો નવ માસ, ઉ० (એ આકણી) १
નારી તણી નાભી તળે, જિન વચને જોય,
ફુલતણી જીમ નાળીકા, તેમા નાડી છે દોય ઉ० २
તસુ તળે યોની કહી, વણ પુલ સમાન,
અબ તણી માજર જિશો, તીહા માસ પ્રધાન. ઉ० ३
રૂધિર સ્ત્રવે તિણુ ઠામથી, ઋતુકાળ સદેવ,
રૂધિર ૧શુક્ર યોગે કરી, તિહા ઉપજે જીવ ઉ० ४
જે અપાવન પવને કરી, વાસિત દુર્ગંધ,
તિણે થાનક તુ ઉપન્યો, હવે હુઓ મદાધ ઉ० ५

१ વીર્ય

નાળી વાસ તણી ઘણુ, ભરીએ રૂ ઘાલ,
તાતી[૧] લોહ શિલાક તે, બાળે સતકાળ. ઉ૦ ૬
તિમ [૨]મહિલાની યોનિમાં, છે નવલખ જીવ,
પુરૂષ પ્રસંગે તે સહુ, મરી જાય સદૈવ ઉ૦ ૭
ઉપજે નર નારી મધ્યે, પંચેન્દ્રિય જેહ,
તેહ તણી સંખ્યા નહીં, તજો કારજ એહ ઉ૦ ૮
નવ લખ જીવ ટકે તિહા, ઉત્કૃષ્ટી વાર,
જીવ જઘન્યપણે ટકે, એક દો ત્રણ ચાર ઉ૦ ૯
જીવ જઘન્ય તિહા રહે, મુહુરત પરિમાણ,
બાર [૩]વરસની સ્થિતિ તિહા, ઉત્કૃષ્ટી જાણ ઉ૦ ૧૦
તિણે ગરભે કોઇ જીવરો, ઇમ કહે જગદીશ,
ફરી આવે તો રહે, સંવત્સર [૪]ચોવીશ ઉ૦ ૧૧

---

૧ તપાવેલી ૨ સ્ત્રીની

૩ વાત પિત્તાદિથી દૂષિત અથવા દેવાદિથી સ્તંભિત કરાયેલો જીવ બાર વરસ સુધી ગર્ભમાં રહે છે

૪ ચોવીશ વરસ આ પ્રમાણે ગર્ભમાં રહે છે—જે જીવ બાર વરસ ગર્ભમાં રહીને પછી મરી જાય, અને તેવા પ્રકારના કર્મના વશથી એજ ગર્ભમાં રહેલા કલેવરને વિષે એજ જીવ પાછો ઉપજે છે, તે ફરી બાર વરસ ગર્ભમાં રહે કોઇ ઠેકાણે એમ પણ કહ્યું છે કે, બાર વરસ ગર્ભમાં રહીને તે જીવ મરી જાય, અને તેના કલેવરમાં અન્ય જીવ પણ આવીને ઉપજે છે

મહિલા વરસ પચાવને, હેાીએ નિર્બીજ;
પચોતેર વરસ પછે, થાય પુરૂષ અબીજ. ઉ૦ ૧૨
જમણી કૂખે નર વસે, તિમ ડાબે નાર,
વચ્ચે નપુંસક જાણીએ, જિન વચને વિચાર ઉ૦ ૧૩
હવે સામાન્યપણે ઇહા, આવ્યો ગર્ભાવાસ,
સાત દિવસ ઉપર રહે, નર ગતિ નવ માસ ઉ૦ ૧૪
આઠ વરસ તીર્યંચ રહે, ઉત્કૃષ્ટો કાળ,
ગર્ભાવાસે ભોગવ્યા, ઇમ બહુ જજાળ ઉ૦ ૧૫
કોમળ કાયે કરી લીધો, પહિલો તે આહાર,
શુક્ર અને [1]શોણિત તણો, નહીં જુઠ લગાર ઉ૦ ૧૬
પર્યાપ્તિ પુરી નહીં, તિહા વિસવા વીશ,
તિણે આહારે એ તનુ થયો, ઔદારીક અરૂ મિશ્ર ઉ૦ ૧૭
પવન આવે ઉદર થકી, ઉપજાવે અગ,
અગ્નિ કરે થિર તેહને, જળ સરસ સુરગ. ઉ૦ ૧૮
કઠિનપણુ પૃથ્વી રચે, અવગાહ આકાશ,
પાચે ભુત શરીરને, એમ કરે પ્રકાશ ઉ૦ ૧૯
બાર મુહુર્તા ઋતુ પછે, વિલસે નર નાર,
ગર્ભતણી ઉત્પતી તિહા, નહી અવર પ્રકાર ઉ૦ ૨૦
કલિલ[2] હવે દિન સાતમે, અરબુદ દિન સાત,

---

૧ લોહી ૨ વીર્ય અને રૂધિરના મસુદાય રૂપ કલલ થાય છે, તેમાથી સાત દિવસમા અર્બુદ થાય છે, એ અર્બુદમાથી માંસખડ

અરણુહથી- પેશી વધે, ઘન માસ કહાત ઉ૦ ૨૧
માંસ તણી ગોટી હુવે, અડતાળીશ, ટાંક,
પ્રથમ માસે જિનવર કહે, મન મ ધરો શંક ઉ૦ ૨૨
રૂધિર માસ બીજે હુવે, હવે ત્રીજે માસ,
કર્મ તણે યોગે કરી, માતા મન આશ ઉ૦ ૨૩
ચોથે માસે માતના, [૧]પરિણમે સહુ અંગ,
હાથ અને પગ પાચમે, તિમ મસ્તક ચંગ ઉ૦ ૨૪
પિત્ત રૂધિર છઠ્ઠે પડે, સાતમે ઈમ સંચ,
નવ ધમની નસ સાતસે, પેશી સય પંચ ઉ૦ ૨૫
રોમરાઈ પણ સાતમે, સાડી તીન ક્રોડ,
ઉપજે ઊણા કેટલે, ઈમ આગમ જોડ ઉ૦ ૨૬
આઠમે માસે નીપજ્યુ, એમ સકળ શરીર,
ઊંધે શિર વેદન સહે, જંપે જિન વીર ઉ૦ ૨૭
શોણિત શુક્ર સલેષમા, [૨]લઘુ ને [૩]વડીનીત,
વાત પિત્ત કફ ગર્ભમે, એ થાયે ઇણ રીત ઉ૦ ૨૮
માત તણી ડુંટી લગે, બાળકની નાળ,
રસ આહાર તણો તિહાં, આવે તતકાળ ઉ૦ ૨૯
[૪]જનની લેવે આહાર તે, જાય નાડો નાડ,
[૫]રોમ ઈદ્રિ નખ ચખુ વધે તિમ મજ્જા ને હાડ ઉ૦ ૩૦

રૂપ પેશી થાય છે, એ પેશી ઘન-સમચતુરસ્ર માસખંડ થાય છે
૧ પુષ્ટ થાય ૨ પેશાબ ૩ ઝાડો ૪ માતા ૫ વાળ

રવિ હું અંગે [5] ઉલ્લસે, [1] સર્વાંગે આહાર,
કવળ આહાર કરે નહીં, ગર્ભે ઇશો વિચાર. ઉ૦ ૩૧
તે ગર્ભે કિણુ જીવને, થાય જ્ઞાન વિભંગ,
અથવા અવધિ કહીજીએ, તિણે જ્ઞાન પ્રસંગ, ઉ૦ ૩૨
કટક કરી વૈક્રિયપણે, ઝુઝી નરકે [1]જાય,
કે જિન વચન સુણી કરી, મરી સુર પણ થાય. ઉ૦ ૩૩
ઉંધે મુખે શુડા હિયે, સહેતો બહુ પીડ,
દષ્ટિ આગળ બિહુ હાથશું, રહે મુઠી ભીડ ઉ૦ ૩૪
નર વિણુ વસ્ત્ર જળાદિકે, ઉપજે આધાન,
અથવા બિહુ નારી મળ્યા, કહ્યા ગર્ભ વિધાન ઉ૦ ૩૫
કોઇ ઉત્તમ ચિંતવે, દેખી દુખ રાશિ,
પુણ્ય કરૂં [2]પરો નીકળી, નાવુ ગર્ભાવાસ ઉ૦ ૩૬
[3]ઊઠ કોડી [4]સુઇ અગમા, કોઇ ચાપે સમ કાળ,
તિણુથી ગર્ભમા આઠ ગુણી, સહે વેદના બાળ ઉ૦ ૩૭
માતા ભૂખી ભૂખીયો, સુખીણી સુખ થાય,
માતા સુતે તે સુવે, પરવશ દિન જાય ઉ૦ ૩૮
ગર્ભ થકી દુખ લખ ગણુ, જનમે જિણી વાર,
જનમ થયે દુખ વીસરયુ, ધીગ મોહ વિકાર ઉ૦ ૩૯

---

૧ ગર્ભમા બે મહિનાથી પહેલા જો મરી જાય તો નારકી કે દેવ ન થાય. ૨ છુટો થઇને ૩ સાડાત્રણ કોધ ૪ સોય

ઉપન્યો અશુચિપણે તિહાં, મળ મુત્ર કલેશ,
પિંડ અશુચિ કરી પુરિયો, નવિ શુચિ લવલેશ. ઉ૦ ૪૦
તુરત [1]રૂદન કરતો થકો, જનમે જિણી વાર,
માતા [2]પયોધર મુખ ઠવે, પીવે દૂધ તિવાર ઉ૦ ૪૧
દીસે દિન દિન દીપતો, કરે રંગ અપાર,
લાડ કોડ માતા પિતા, પુરે સુવિચાર ઉ૦ ૪૨
છિદ્ર બારહ નારીને, નરના નવ જાણુ,
રાત દિવસ વહેતા રહે, ચેતો ચતુર સુજાણુ ઉ૦ ૪૩
સાત ધાતુ સાતે ત્વચા, છે સાતમે નાડ,
નવસે નાડ છે પિંડમા, તિમ ત્રણસે હાડ ઉ૦ ૪૪
સધિ એકસો સઠ છે, સિત્તેરમો મર્મ,
તીન [3]દોષ પેશી પાચસે, ઢાકયા છે ચર્મ ઉ૦ ૪૫
રૂધિર શેર દશ દેહમે, પેશાબ [4]સરીષ,
શેર પાંચ ચરબી તિહાં, દોય શેર પુરીષ [5] ઉ૦ ૪૬
પિત્ત ટાંક ચોસઠ છે, વીરજ બત્રીશ,
ટાંક બત્રીશ સલેષમા, જાણે જગદીશ ઉ૦ ૪૭
ઈણ પરિણામ થકી જદા, ઓછો અધિકો થાય,
વ્યાપે રોગ શરીરમે, નવિ ચાલે તવ કાય ઉ૦ ૪૮

---

૧ રોરો ૨ સ્તન ૩ વાત પિત્ત અને કફ ૪ દશ શેર ૫ વિષ્ટા

ચોષ્યો પહિલે દાયકે, ઇમ વાધ્યો અંગ,
ખાન પાન ભુષણ ભલા, કરે નવ નવ રંગ. ઉ૦ ૪૯
હવે બીજે દશકે ભણે, વિદ્યા વિવિધ પ્રકાર,
ત્રીજે દશકે તેહને, જાગ્યો કામ વિકાર. ઉ૦ ૫૦
જિણ ધાનક તુ ઉપન્યો, તિણમે મન જાય,
ચોથે દશકે ધન તણા, કરે ક્રોડ ઉપાય ઉ૦ ૫૧
પહોત્યો દશકે પાંચમે, મનમાં સંસનેહ,
બેટા બેટી ને પોતરા, પરણાવે તેહ. ઉ૦ ૫૨
છઠ્ઠે દશકે પ્રાણીયો, વળી પરવશ થાય,
જરા¹ આવી જોબન ગયું, તૃષ્ણા તોય ન જાય ઉ૦ ૫૩
આવ્યો દશકે સાતમે, હવે પ્રાણી તેહ,
બળ ભાંગ્યુ બુઢો થયો, નારી ન ધરે નેહ ઉ૦ ૫૪
આઠમે દશકે રોસલો, ખુટીયા સહુ દાંત,
કર કપાવે શિર ધુણે, કરે ફોગટ વાત ઉ૦ ૫૫
નવમે દશકે પ્રાણીયો, તન શક્તિ ન હોય,
માને વચન સહુ તણા, દિન ઝુરતાં જાય ઉ૦ ૫૬
ખાટ પડ્યો ખુ ખુ કરે, સુગાળી દેહ,
હાર હુકમ ચાલે નહીં, દીયે પરિજન છેહ ઉ૦ ૫૭

---

૧ ઘડપણ

આખ મળે બે પક ગીલે, પડે મુહડે લાળ,
બેટા બેટી ને વહુ, ન કરે સભાળ. ઉ૦ ૫૮
દશમે દશકે આવીયો, તવ પુરી આય,
પુણ્ય પાપ ફળ ભોગવી, પ્રાણી પરભવ જાય ઉ૦ ૫૯
દશ દ્રષ્ટાંતે દોહિલો, લહી નરભવ સાર,
શ્રી જિનધર્મ સમાચરે, તે પામે ભવપાર. ઉ૦ ૬૦
તરૂણપણે જે તપ તપે, પાળે નિર્મળ શીલ,
તે સસાર તરી કરી, લહે અવિચળ લીલ ઉ૦ ૬૧
કોડી રતન [1]કવડી સાટે, કાઇ ગમે રે સસાર,
ધર્મ વિના એ જીવને, નહીં કોઇ આધાર ઉ૦ ૬૨
કાયા માયા કારમી, કારમો પરિવાર,
તન ધન જોબન કારમા, સાચો ધર્મ સસાર ઉ૦ ૬૩
ચૌદરાજ પ્રમાણુ એ, છે લોક મહત,
જનમ મરણ કરી ફરસીયો, જીવ વાર અનત ઉ૦ ૬૪
આપ સવારથીયો સહુ, નહીં કેહનો કોય,
નીજ સ્વારથ અણુપુગતા, સુત પણ [2]રિપુ હોય ઉ૦ ૬૫
જરા ન આવે જિહા લગે, જિહા લગે [3]સબળ શરીર,
ધર્મ કરો જીવ તિહા લગે, થઇ સાહસ ધીર ઉ૦ ૬૬

---

૧ કોડી ૨ શત્રુ ૩ બળવાનુ,

આરજ દેશ લહ્યો હવે, લાધ્યો ગુરૂ સંજોગ,
અબ થકી આળસ તજો, કરો સુકૃત સંગ ઉ૦ ૬૭
શ્રી નમિરાજ તણી પરે, ચેતો ચિત્ત માંહિ,
સ્વારથના સહુ કો સગા, કોઇ કોઇનો નાહિ ઉ૦ ૬૮
ભોગ સંયોગ તજી સહુ, થયા જે અણગાર,
ધન ધન તસ માતા પિતા, ધન ધન અવતાર ઉ૦ ૬૯
સુરતરૂ સુરમણિ સારિખો, સેવો શ્રી જિનધર્મ,
જિણુથી સુખ સંપતિ વધે, કીજે તેહજ કર્મ ઉ૦ ૭૦
તંદુલ વ્યાલીએ અછે, એહનો અધિકાર,
તિણુથી ઉદ્ધરીને કહયો, નહી જુઠ લગાર ઉ૦ ૭૧

કલશ.

ઇહ જિનધર્મ વિચાર સાભળી લહિયે સંયમ ભાર એ,
વળી સિંહની પરે સદા પાળે નિયમ નિરતિચાર એ;
સંસારનાં સુખ સકળ ભોગવી તે લહે ભવ પાર એ,
શ્રી રત્નહર્ષ સુશિષ્ય રંગે ઇમ કહે શ્રી સાર એ. ૭૨



ગહુંલીઓ.

ગહુંલી

હાંરે મારે ગુરૂજી પધાર્યા ચાલો વાંદવા આજ જો,
તરણ તારણ ગુરૂજી દીયે દેશના રે લોલ,
હાંરે મારે આનંદ આનંદ સંઘ સકળમા આજ જો,
ઓચ્છવ મહોચ્છવ થાયે જુઈ જુઈ ભાતના રે લોલ ૧
હાંરે મારે દેશ વિદેશે વિચરતા ગુરૂરાજ જો,
પાવન કીધાં આજ ઉનાના ગામને રે લોલ,
હાંરે મારે મેઁહ માગ્યા મેહુલા વરસ્યા આજ જો,
વિણ કાલે સહકાર ફળ્યો અમ આંગણે રે લોલ ૨
હાંરે મારે નાની વયમા લીધો સંયમ ભાર જો,
હામ ઠામ ને ધામ તજી કરી રે લોલ,
હાંરે મારે તન ધન જોબન જાણી અસાર જો,
વિચરે તપ સંયમને આદરી રે લોલ ૩
હાંરે મારે પંચ મહાવ્રત પાળે શુધ્ધાચાર જો,
ભવિને તારે ધર્મના કામથી રે લોલ,
હાંરે મારે ગુણીયલ ગુરૂજી મળીયા આ વાર જો,
સેવો સહુ જગત ગુરૂને ભાવથી રે લોલ ૪

હારે મારે સેવા કરવી ભક્તિ દીલમા ધાર જો,
ભક્તિથી મુક્તિ મળે ભવિ જીવને રે લોલ,
હારે મારે અજ્ઞાનીને જ્ઞાની બનાવે ગુરૂરાજ જો,
એ ઉપકારની આગે ખાંતિથી નમે રે લોલ ૫

ગહુંલી

ગુરૂજીને નમીયે રે બેની, હવે તમે વાર લગાવો શેની,
ઉપદેશ સુણવા રે બેસો, સુણીને લાભ ઘણો તમે લેશો ગુરૂ૦ ૧
ગુરૂજી ગુણીયલ રે એવા, સાગર સમ ગભીર કહેવા,
ત્યાગી વૈરાગી રે સૌભાગી, મુક્તિ સુદરીના છે રાગી ગુરૂ૦ ૨
વિકથા નિવારો રે બેની, હવે તમે કચપચ કરો છો શેની,
ભવસાગર તરવા રે જેવો, ઉપદેશ આપે તે ધરી લેવો ગુરૂ૦ ૩
ગુરૂજી તરીયા રે તારે, ભવીને પણ ભવ પાર ઉતારે,
કરૂણાસાગર રે એવા, દીસે છે શીતલ ચદ્રની જેવા ગુરૂ૦ ૪
સુમતિ ગુપતિને રે ધારે, કુમતિ ડાકણ દૂર નીવારે,
સદ્બોધ ગુરૂજી રે આપે, કર્મ મલીનને નિશદિન કાપે ગુરૂ૦ ૫
ગુરૂજીએ તજીઓ રે મોહ, હવે શુ કરશે લોભ ને ક્રોહ,
કર્મ કટકને રે મારે, ક્ષમા રૂપી ખડ્ગની ધારે ગુરૂ૦ ૬
જગતચદ્ર ગુરૂજી રે સોહે, સઘ સકલના મનડાં મોહે
સેવા નિશદિન રે ધારે, ખાતિથી કહે ગુરૂ પાર ઉતારે ગુરૂ૦ ૭

ગહુલી

તરણ તારણ ગુરૂ આવીયારે, જગતચંદ્રજી મહારાજ રે,
સૈયર મોરી,
શમ દમ ગુણે અલંકર્યાં રે, સાથે છે શિષ્યોના સાજ રે,
સૈયર મોરી, તરણ૦ ૧

પુણ્ય દિવસ દીસે આપણો રે, જેથી પામ્યા ગુરૂજોગરે, સૈ૦,
સંઘ સકલ હરખે ઘણો રે, વળી ગુરૂ તજે શોક રે.
સૈયર મોરી, તરણ૦ ૨

કનકચંદ્ર ગુરૂ રાજજી રે, વાંચે છે સૂત્ર સિદ્ધાંતરે, સૈ૦,
જીવાજીવના ભેદને રે, સમજાવે વિધ વિધ ભાત રે
સૈયર મોરી, તરણ૦ ૩

મેઘ ધ્વનીયે દીયે દેશના રે, વરસે છે અમૃતધાર રે, સૈ૦,
તે સાંભળી ભવિ જીવના રે, મનડાં મોહ્યા અપારરે
સૈયર મોરી, તરણ૦ ૪

દુઃખ સાગર આ સંસારમાં રે, સુખ નથી લવલેશ રે, સૈ૦,
લક્ષ ચોરાશી જીવાયોનીમા રે, ભજવ્યા વિવિધ વેષ રે
સૈયર મોરી, તરણ૦ ૫

વળી નરક તિર્યંચમાં પડયો રે, પાડતો મુખથી રીવ રે, સૈ૦
અનાદિ કાલથી આથડ્યો રે, કર્મવશે આ જીવ રે.
સૈયર મોરી, તરણ૦ ૬

એમ ચાર ગતિમાં ભમ્યો રે, એકેકે વાર અનંત રે, સૈ૦,
જન્મ મરણનાં દુ ખો ખમ્યો રે, હજીયે ન આવ્યો અ ત રે,
સૈયર મોરી, તરણ૦ ૭

કુટુમ્બ કબીલા સહુ કારમા રે, કારમો સહુ પરિવાર રે, સૈ૦,
ધર્મ છે સાર સ સારમાં રે, બીજો ગુરૂનો આધાર રે.
સૈયર મોરી, તરણ૦ ૮

ગુરૂ મુખથી એમ સાભળીરે, બુઝીયા કે ભવિજીવ રે, સૈ૦,
જો પુણ્યથી ગુરૂસેવા મળી રે, તો ખાતિથી લેશે શિવ રે,
સૈયર મોરી, તરણ તારણ ગુરૂ આવીયારે ૯

ચોપાઈ

આળસ મોહ અવજ્ઞા માન, ક્રોધ પ્રમાદ કૃપણની ખાણ,
ભય શોક અજ્ઞાન વળી જોય, આક્ષેપ રમણ કુતુહલ હોય. ૧

તેર કાઠીઆ લાગ્યા મુજ કેડ, તેથી થાય મુજ ભવ ફેર,
અનાદી કાલ ભમ્યો ભવમાય, દુ ખ ખમ્યાં ગતી ચોમાં જાય. ૨

ભુખ તરસ મુદગરના માર, આ જીવ ખમ્યો અનતી વાર,
અનેક ગતીના દુખ અપાર, ગણતા નાવે તેનો પાર. ૩

નર નારી નપુ સક તેમ, ઉંચો નીચો થયો છે એમ,
તોયે નો ચેત્યો ચીત માંય, ક્રોધ લોભ વળી મદ થાય. ૪

શ્રી સદ્‌ગુરૂનો ન કર્યો સંગ, લીધેલ વ્રતનો કરીયો ભગ,
નિંદા વિકથામાં વળી શુર, પાપ થકી ભરાયો ભરપુર ૫
પાપ પોટકુ છે મુજ શીર, દેવ ગુરૂ નમતાં ન રહે સ્થીર,
તેથી રહુ સદ્‌ગુરૂથી ભાગ, કેમ પામુ હુ ભવજલ તાગ ૬
બહુ કહેતાં બકવાદ ગણાય, જગતગુરૂ સમજો થોડા માંય,
સેવક જાણી આપનો આજ, માર્ગ બતાવો ગુરૂ મહારાજ ૭
પુર્વ પુણ્યથી પામી આજ, તુમ સેવા ગુરૂ મહારાજ,
ખાન્તિશ્રી કહે ટાળો તાપ, તરણ તારણ સુગુરૂ છો આપ ૮

ગહુંલી

મને જગતગુરૂજી મળીયા રે, ગુરૂવાણીની બલીહારી,
મારા દિવસ છે બળીયા રે, ગુરૂવાણીની બલીહારી,
મને સાચુ સ્વરૂપ બતાવ્યુ રે ગુરૂ૦, મારૂ મિથ્યા ભુતડું
કાઢયુ રે ગુરૂ૦,
ગુરૂના ઉપદેશથી જાગી રે ગુરૂ૦, મારી મોહની નિંદ્રા ગઇ
ભાગી રે ગુરૂ૦,
મારો વિવેક દીવો જાગ્યો રે ગુરૂ૦, અજ્ઞાનતિમિર ભાગ્યો રે ગુરૂ૦,
જ્યારે લીધી જ્ઞાનની લાઠી રે ગુરૂ૦, ત્યારે કુમતિ ડાકણ
નાઠી રે ગુરૂ૦,
હુ થઇ હવે બહુ રાજી રે ગુરૂ૦, મને કર્મ શુ કરશે
પાજી રે ગુરૂ૦,

ગુરૂ ક્ષમા ખડગ મને દીધું રે ગુરૂ૦, મારૂં સંસાર ઢીલું કીધું રે ગુરૂ૦;
એ ઉપકારની આગે રે ગુરૂ૦, ખાંતિશ્રી પાયે લાગે રે ગુરૂ૦;

ગહુંલી

જંગમ તીર્થ સાગર ગુરૂ આવ્યા, હાંરે શિષ્ય પરીવાર સાથે લાવ્યા,
હાંરે કનકવૃદ્ધિ જીન કહાયા, હાંરે ત્રણે રત્નની ખાણ જં૦ ૧
રાજનગરમાં ગુરૂજી બિરાજે, હાંરે ભવી જીવોને તારવા કાજે,
હાંરે ઉપદેશ આપે સુખ કાજે, સંઘ સકળ હરખાય જં૦ ૨
ગુરૂ ઉપદેશ આપે બેસી પાટે, ભવી જીવના હિતના માટે,
હાંરે વરવા શીવરમણી માટે, હાંરે તજો આળ પંપાળ જં૦ ૩
તત્ત્વાતત્ત્વને ગુરૂજી સમજાવે, હાંરે પેયાપેયના ભેદ બતાવે,
જેથી પાપમલ દૂર જાવે, હાંરે વાધે સુખ અપાર જં૦ ૪
શાંત દાંત ગુરૂજી ગુણવંતા, હાંરે જગ ઉપકારને કરતા,
હાંરે ભ્રાતૃચંદ્ર સુરિને નમતા, હાંરે આવ્યા ઉપાશ્રય માંય જંગમ૦ ૫
સમિતિ ગુપતિને શ્રીગુરૂ ધારે, હાંરે મોહ મદ માયાને મારે,
હાંરે શુભ ક્ષમા ખડગની ધારે, હાંરે ખાંતિશ્રી કહે આ વારે જંગમ૦ ૬

ગહુંલી

સંયમી શુરા દીક્ષિત પંથ દીપાવજો રે, ઉત્તમ કુલ અજવાળજો રે, બાળજો કર્મના બીજ રે, સંયમી શુરા૦;
તાપ ત્રિવિધના ટાળજો રે, આ ભવનું ફળ એજ રે સ૦ ૧
પવિત્ર ગુણો પ્રગટાવજો રે, ગંભીર થઈ ગુણવાન રે સ૦,
ભાવ ચડીયાતા ભાવજો રે, કરજો પ્રવચનનું પાન રે સં૦ ૨
જેના કારણ માટે જાગીયા રે, તેની તે કરજો સંભાલ રે સં૦,
પુરૂષાર્થને પ્રગટાવજો રે, હૃદયને કરજો રસાલ રે. સ૦ ૩
વજ્ર તે કરજો વૈરાગ્યનું રે, તપની કરજો તલવાર રે સ૦,
મહાવીર પંથ દીપાવજો રે, ઉતરવા ભવપાર રે સ૦ ૪
ખડગ ક્ષમા ધરી ખાંતથી રે, તપની માંડી દેજો તોપ રે સં૦,
ભાલું ભક્તિતણું રાખજો રે, કોઇનો ચાલે નહિ કોપ રે સં૦ ૫
સુમતિ શક્તિ સાથે રાખજો રે, કુમતિનો કરવાને કાળ રે સ૦,
વૈરિનાં બાણ વછુટશે રે, ધૈર્યની ધરી લેજો ઢાલ રે સ૦ ૬
મોહ દુશ્મનને મારજો રે, કરવા આતમનો ઉદ્ધાર રે સં૦,
જ્ઞાન ગોળા ચીંધી દેજો રે, શત્રુનો કરજો સંહાર રે સ૦ ૭
વીરની આજ્ઞા આરાધજો રે, અંતર તજી અભિમાન રે સ૦,
સંત શિષ્ય સુખ પામવા રે, સંયમ સુંદર ધામ રે,
સંયમી શુરા દીક્ષિત પંથ દીપાવજો રે ૮

શ્રી ખાંતિશ્રીજી મહારાજની ગહુલી.

પંજાબી ઠેકાનો રાગ (સ્ત્રીઓને ગાવાનો)
લટપટ ચેતી લે હાળ લુબી રહ્યો,—એ રાગ

ખાંતિશ્રી મહારાજ રાંજ અમર રહો, ખાંતિશ્રી મહારાજ,
અમર રહો અમર રહો તમે અમર રહો, ખાંતિશ્રી૦,
સાખી-દુઃખ દાવાનળ શામીયા, પામી વાણી વરસાદ,
ભવ સંકટ સવી ભાગીયા, પામી આપ પરસાદ
ઠેકો-ભવ સાગરમા બુડતાની બાય ગ્રહો, ખાંતિશ્રી૦ ૧
સાખી-અધાપો અમને ગયો, પામી આપ દેદાર,
જ્ઞાન ચક્ષુ અમ ઉઘડી, તે પણ તુમ આભાર,
ઠેકો-આપનો પ્રતાપ સર્વ દેશમા વહો, ખાંતિશ્રી૦ ૨
સાખી-અધાપાની લાકડી, ખાંતિશ્રી મહારાજ,
જગતચંદ્ર કુલ ચંદ્રમા, સહેજે પામ્યાં આજ,
ઠેકો-અખંડ પ્રતાપ અમ શિર પર રહો, ખાંતિશ્રી૦ ૩
સાખી-ગુરૂણી ગુણવંતી સદા, ધર્મલાભ આશિષ,
આપો અમને ઈશ્વરી, જેહ ચઢાવુ શિષ,
ઠેકો-જૈનધર્મ ગ્રન્થ બોધ નિત્ય તો કહો, ખાંતિશ્રી૦ ૪
સાખી-જ્ઞાન સરોવર પાળીયુ, આપ્યા અમૃત નીર,
જ્ઞાન પાનથી પામશુ, સકલ ગુણ ગભીર,
ઠેકો-જૈન જ્ઞાન બોધ હવે અખંડ વહો, ખાંતિશ્રી૦ ૫

સાખી સવત સત્યાસી અને, ઉત્તમ ફાગણ માસ,
પરમારથને કારણે, ખોલી શાળા ખાસ,
ટેકો-સાધુકો સાધીને સત્ય બોધને કહો, ખાંતિશ્રી० ६
સાખી-દાદાને પરદેશથી, બોલાવ્યા દઈ માન,
અખડ એથી પામશુ, ગુણવતા થઇ જ્ઞાન,
ટેકો-અણમુનો લાભ સહુ ચિત્તમા કહો, ખાંતિશ્રી० ૭
સાખી-અમુલખ અવસર આવીયો, સીધ્યા સર્વે કાજ,
ધન્ય સાળીયાશ્રુ ગામને, બીરાજતા મહારાજ,
ટેકો-વાણી મણિશ કરતી સત્ય થઈ રહો,
ખાતિશ્રી મહારાજ રાજ અમર રહો ८

श्लोक

ब्राह्मी चन्दनबालिका भगवती राजीमती द्रौपदी,
कौशल्या च मृगावती च सुलसा सीता सुभद्रा शिवा ।
कुन्ती शीलवती नलस्य दयिता, चूला प्रभावत्यपि,
पद्मावत्यपि सुन्दरी दिनमुखे कुर्वंतु वो मङ्गलम् ॥ १ ॥

श्वेतपद्मासना देवी, श्वेतपद्मोपशोभिता ।
श्वेताम्बरधरा देवी श्वेतगन्धानुलेपना ॥ १ ॥
अर्चिता मुनिभि सर्वै-र्ऋषिभि' स्तूयसे सदा,
एव ध्यात्वा सदा, देवीं, वाञ्छित लभते नर' ॥ २

શ્રી ખાંતિશ્રીજી મહારાજની ગહુલી

સીતાજીના કાગળીયાનો રાગ (સાથે રાખો સ્નેહથી)

સખી ધન્ય દિવસ મારે આજનો, ખાંતિશ્રી મહારાજ,
સર્યો સેવે કાજ, અચળ સુખ આપવા–ટેક

આજે દિવસ દીવાળીનો આંગણે, આવ્યા સકળ તીરથ મારે ઘેર,
થઇ લીલા લહેર, અચળ સુખ આપવા ૧

મારે ઉલટ ન માયે અંગમા, ઘેની દરશન કરવાને કાજ,
સજ્યા સર્વે સાજ, અચલ સુખ આપવા ૨

ધનશ્રી સાથે લઇ આવીયા, દેખી ઉરમા થયો છે આનંદ,
ભાગ્યા ભવફંદ, અચલ સુખ આપવા ૩

જેમ શોભે સરસ્વતી શારદા, જેવી ઋદ્ધિ સિદ્ધિની જોડ,
જોવાનો છે કોડ, અચલ સુખ આપવા ૪

કીધુ શીવપુર સમ આજે માળીયા, કીધો ખાંતિશ્રીએ સુખ વાસ,
રહેવા ચાતુરમાસ, અચલ સુખ આપવા ૫

સ્થાપી જૈનશાળા મનમાનતી, જ્ઞાન ગંગા સરોવર આજે,
ખાંતિશ્રી મહારાજે, અચલ સુખ આપવા ૬

સંવત સત્યાશીની સાલમા, શુભ ફાગણ માસની માંય,
શાળા જે સ્થપાય, અચલ સુખ આપવા ૭

ભણે બાળ કન્યાઓ ને નારીઓ, હરખે ભણતર ભણું ને જાય,
સુખેથી સદાય, અચલ સુખ આપવા ૮


રહો અવિચલ શાળા એહની, રહો જ્ઞાન ગંગા ભરપુર,
તમે શશિ સૂર, અચલ સુખ આપવા ૯

કીધી અગણીત તપસ્યા અ ગમા, બીજા વ્રત કર્યા છે અમાપે,
સતીના પ્રતાપે, અચલ સુખ આપવા ૧૦

અમે મહાસતીઓના માનમાં, હાથ જોડીને કરીએ પ્રણામ,
વસો શિવધામ, અચલ સુખ આપવા ૧૧

પામ્યા અમુલખ અવસર આજનો, મારો સફલ થયો અવતાર,
બોલો જયકાર, અચલ સુખ આપવા. ૧૨

પંડિત મણિશંકર મન મોહથી, ખાંતિથીને કરે અરદાસ,
ફેર પધારવા ખાસ, અચલ સુખ આપવા. ૧૩



શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૩	सरस्वता	सरस्वतीं
૧	૧૩	શ્રથારશે	શ્રથાર લે
૩	૧૫	। । સુત	માત તાત સુત
૪	૬	મહે છે	રહે છે
૪	૧૮	સે	કસે
૬	૩	ધુરધર	ધુરધર
૬	૧૭	સ્વ	સ્વ
૭	૧૨	શસ્ત્રે	શાસ્ત્રે
૮	૫	પાવ	આવ
૮	૯	નહિ ઠરે	નક્કી ઠરે
૧૧	૬	કળ	કાળ
૧૪	૪	થયુ	થવુ
૧૭	૪	લહુ	લહુ
૧૭	૧૦	તજી	તનુ
૧૯	૪	ચદ	ચંદ
૨૧	૩	કથડો	કથડો

પ્રષ્ઠ	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ
૨૧	૭	ચીમાસાઈ	ચીમર ઈ
૨૮	૬	ટૂ	ટૂં
૨૮	૧૫	ઠર	ઠેર
૨૯	૧૮	ઘેપનને	ઘોપનને
૩૦	૧૪	ઘટ	ઘાટ
૩૦	૧૫	તાટ	વાટ
૩૦	૧૭	અત	અ ત
૩૨	૮	ઉપે	ઉપે
૩૩	૧૪	શીદાસર	શિરદાર
૩૫	૬	અપ્ણી	ખપ્ણી
૩૫	૧૫	જગલ	જ ગલ
૩૭	૧૨	ચહ્ત	ચહત
૩૭	૧૩	પાકને નેપાત	પાકને ને પાત
૩૮	૧૧	શખ	...

પૃષ્ઠ.	પંક્તિ	અશુદ્ધ.	શુદ્ધ.
૪૯	૧૦	માથા	માથા
૪૯	૧૬	પડે	પાડે
૫૦	૧૪	પંડિત	પંડિત
૫૩	૪	ચૈરે	ચોટે
૫૬	૧	तत्त्वज्ञन	तत्त्वज्ञान
૫૬	૧૦	प्रमादेन	प्रसादेन
૫૬	૧૩	नष्टा	नष्टो
૫૮	૧૩	त्रिसाढ	त्रिसोढ
૫૯	૧૮	सद्दृन	सद्दृान
૬૦	૧૩	मनःपमर	मन.प्रमर
૬૩	૮	हस्तातालीं	हस्ततालीं
૬૫	૧૬	पभक्षणात्	प्रभक्षणात्
૬૭	૭	काटिका	कीटिका
૬૭	૧૭	गात	गोत
૭૨	૪	फपाय	फपाय
૭૪	૩	श्रीखण्ड	श्रीखण्ड
૭૪	૧૩	वेंहुभि	वेंहुभि॰
૭૬	૧૧	सुजनो	सुजतो

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ.
૮૨	૨૦	ઘરેહ	ધરેહ
૮૩	૧૫	ચેખા	ચોખા
૮૭	૩	સૂયોં	સૂર્ય
૯૨	૪	નિધન	નિર્ધન
૧૦૧	૪	पत्रयाण	पत्रयण
૧૦૨	૧	तवस्स	तवस्स
૧૦૪	૧	ज्ञानीका	ज्ञानोका
૧૧૧	૧૭	મુહુર્તા	મુહુર્ત
૧૧૩	૨૦	સાડા ત્રણ હોય	સાડા ત્રણ
૧૭૬	૧૪	चूला	चूला
૧૨૬	૧૫	दुरंतु	दुरेन्तु

પૃષ્ઠ.	પંક્તિ	અશુદ્ધ.	શુદ્ધ.
૮૨	૨૦	ધરેહ	ધરેહ
૮૩	૧૫	ચેખા	ચોખા
૮૭	૩	સૂર્યો	સૂર્ય
૯૨	૪	નિધન	નિર્ધન
૧૦૧	૪	पत्रपाण	पत्रपण
૧૦૨	૧	तवस्स	तवस्स
૧૦૪	૧	ज्ञानीका	ज्ञानोका
૧૧૧	૧૭	મુહુર્તા	મુહુર્ત
૧૧૩	૨૦	સાડા ત્રણ કોધ	સાડા ત્રણ કોડ
૧૨૬	૧૪	चूत्रा	चूला
૧૨૬	૧૫	क्रुर्वन्तु	कुर्वन्तु

